શહેર આવૃત્તિ
પાનાઃ ૧૪

તા. ૨-૩-૨૦૨૬,
સોમવાર
વર્ષઃ ૧૪,
અંક : ૩૦૧




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# ઈરાનના વડા આયાતુલ્લા હણાયાઃ યુધ્ધ ભયંકર વણાંક લ્યે તેવી દહેશત

## અમારા વડાને માર્યા છે તો અમે બદલો લઈને જ ઝંપીશુંઃ ઈરાન



પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધના ભયાનક વાદળો ઘેરાયા છેઃ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના એક કથિત હુમલામાં મોતના અહેવાલોએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છેઃ આ ઘટના બાદ ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેનું સંઘર્ષ હવે સીધા અને વિનાશક યુદ્ધમાં ફેરવાય તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે

મળતી માહિતી મુજબ, આયાતુલ્લા પર આ હુમલો ત્યારે થયો જ્યારે તેઓ એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક બાદ પરત ફરી રહ્યા હતા. અત્યંત આધુનિક ડ્રોન અથવા મિસાઈલ હુમલા દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હોવાનું મનાય છે. જોકે, હજુ સુધી કોઈ દેશે સત્તાવાર રીતે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી, પરંતુ ઈરાને આ માટે તેના કટ્ટર દુશ્મન દેશો સામે આંગળી ચીંધી છે.

રસપ્રદ વાત એ છે કે, જે સર્વોચ્ચ નેતાના પદ પર ખામેનેઈ બિરાજમાન હતા, તે સંસ્થાના પાયા નાખનાર આયાતુલ્લા (અનુ. આઠમા પાને)

## અફઘાનિસ્તાનનો ફરી પાકિસ્તાન પર હુમલોઃનૂરખાન એરબેઝ ઊડાડ્યું, તાલિબાનનો ડ્યુરન્ડ લાઈન પાર કર્યાનો દાવોઃ પાકે. કહ્યું- ૪૦૦ તાલિબાનીઓ ઠાર કર્યા

## શા માટે ઈરાને યુએઈને ટાર્ગેટ કર્યું?

### યુધ્ધ સિયા સુન્ની મુસ્લિમમાં વધુ ખાઈ કરશે?

મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલો વર્તમાન સંઘર્ષ હવે માત્ર મિસાઈલો કે ડ્રોન સુધી સીમિત રહ્યો નથી, પરંતુ તે દાયકાઓ જૂના શિયા અને સુન્ની વૈચારિક સંઘર્ષના નવા અધ્યાય તરીકે ઉભરી રહ્યો છે. ઈરાનના સર્વોચ્ચ શિયા નેતા આયતુલ્લા અલી ખામેનેઈની હત્યા બાદ, ઈરાને જે રીતે યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) અને સાઉદી અરેબિયા જેવા સુન્ની દેશોને નિશાન બનાવ્યા છે, તેણે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

ઈરાન એક પ્રબળ શિયા રાષ્ટ્ર છે અને ખામેનેઈ માત્ર રાજકીય નેતા જ નહીં, પરંતુ વૈશ્વિક શિયા સમુદાય માટે ધાર્મિક આસ્થાનું પ્રતીક હતા. તેમની હત્યાને ઈરાને પોતાની ધાર્મિક ઓળખ પરના પ્રહાર તરીકે જોઈ છે. આ જ કારણ છે કે ખામેનેઈના મૃત્યુ બાદ લેબનોનનું હિઝબુલ્લાહ (શિયા સંગઠન) તરત જ સક્રિય થયું અને ઈઝરાયેલ પર હુમલો કર્યો. ભારતના લખનૌ અને કાશ્મીર જેવા વિસ્તારોમાં થયેલા શિયા સમુદાયના વિરોધ પ્રદર્શનો પણ આ ધાર્મિક જોડાણને સાબિત કરે છે.

ઈરાને માત્ર ઈઝરાયેલ જ નહીં, પણ અબુ ધાબી, દુબઈ અને રિયાધ તરફ પણ મિસાઈલો છોડી છે. ગલ્ફના સુન્ની શાસકો અને ઈરાનના શિયા ક્રાંતિકારી શાસન વચ્ચે મધ્ય પૂર્વમાં વર્ચસ્વ જમાવવાની દાયકાઓ જૂની લડાઈ છે. ઈરાને આ હુમલા દ્વારા સાબિત કરવા માંગ્યું છે કે તે પ્રાદેશિક સુરક્ષામાં ગમે ત્યારે ખલેલ પહોંચાડી શકે છે.

## ન હોય... આયતુલ્લાહ મૂળ ઉત્તરપ્રદેશ સાથે સંકળાયેલા હતા

ઈરાનની ઈસ્લામિક રિપબ્લિકની સ્થાપના અને તેની સૌથી મહત્વની સંસ્થા સુપ્રીમ લીડરશિપનો મૂળભૂત આધાર આયતોલ્લાહ રુહોલ્લાહ ખોમેની પર ટકેલો છે. તેઓ ૧૯૭૯ની ઈરાની ઈસ્લામિક ક્રાંતિના નેતા હતા અને ઈરાનના પ્રથમ સુપ્રીમ લીડર બન્યા. આજે પણ ઈરાનની સૌથી શક્તિશાળી સંસ્થા સુપ્રીમ લીડરનું પદ છે, જેની નીચે અનેક સંસ્થાઓ કાર્યરત છે અને તે દેશની સંપૂર્ણ રાજકીય, લશ્કરી અને ધાર્મિક વ્યવસ્થા પર નિયંત્રણ રાખે છે. આ સંસ્થાનો (અનુ. આઠમા પાને)

## ઈરાને સુલેહ શાંતિ માટે હાથ લંબાવ્યો, અમેરિકા પણ તૈયારઃ ટ્રમ્પનો દાવો

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાનનું નવું નેતૃત્વ તેમની સાથે વાતચીત કરવા ઈચ્છે છે અને તેઓ આ માટે તૈયાર છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈરાન સાથે ચર્ચા કરશે. આયાતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન અને એક કાઉન્સિલ હાલમાં કામકાજ સંભાળી રહ્યા છે. ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ઈરાનમાં મોટો બળવો (ઉપદ્રવ) થઈ શકે છે. તેમણે નોંધ્યું કે ઈરાન અને વિદેશોમાં રહેતા (અનુ. આઠમા પાને)

## ઈરાનમાં ૧,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ સહિત લાખો ભારતીયો ફસાયા

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સ્થિતિ અત્યંત તંગ બની ગઈ છે. આ સંઘર્ષની વચ્ચે આશરે ૧ કરોડ જેટલા ભારતીયો પ્રભાવિત થયા છે, જેમાં નોકરીયાત વર્ગ, પરિવારો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.ઈરાનમાં આશરે ૧,૨૦૦ જેટલા ભારતીય મેડિકલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાંથી મોટાભાગના જમ્મુ-કાશ્મીર, કેરળ અને ઉત્તર પ્રદેશના છે.ભારતીય દૂતાવાસે ૨૩ ફેબ્રુઆરીએ જ એડવાઈઝરી જાહેર કરી વિદ્યાર્થીઓને (અનુ. આઠમા પાને)

# ભિષણ યુધ્ધથી વિશ્વ આખાનું અર્થતંત્ર ડામાડોળ

## ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરે પહોંચવાની દહેશતઃ સોનું-ચાંદી પણ ભડકે બળ્યું!

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધ અને વધતા જતા લશ્કરી તણાવને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં મોટો ખળભળાટ મચી ગયો છે. યુદ્ધની આ ગંભીર પરિસ્થિતિના કારણે શેરબજારોથી લઈને કોમોડિટી માર્કેટમાં ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ રૂટ એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પરના પ્રતિબંધો અને હુમલાની આશંકાઓને લીધે ક્રૂડ ઓઈલનો ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર કરી જવાની ભીતિ સેવાઈ રહી છે. સાથોસાથ, રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળતા સોના અને ચાંદીના ભાવોમાં પણ ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો છે.

વિશ્વના કુલ ઓઈલ સપ્લાયનો અંદાજે ૨૦ ટકા હિસ્સો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થાય છે. યુદ્ધની સ્થિતિમાં (અનુ. આઠમા પાને)

## શેરબજાર ઘડામઃ સેન્સેકસમાં ૧૦૬૨ પોઈન્ટનો કડાકો

### ઉઘડતી બજારે જોરદાર કડાકા બાદ રિકવરી જોવા મળીઃ સેન્સેકસે ૭૯ હજાર અને નિફટીએ ૨૫ હજાર પોઈન્ટની સપાટી તોડીઃ ડોલર સામે રૂપિયો પણ તુટયો

ઈરાન - ઈઝરાયેલ અમરેલી વચ્ચે ચાલી રહેલા ભિષણ યુધ્ધના કારણે આજે ભારતીય શેરબજાર ઉંધા માથે પટકાયું હતું. સેન્સેકસ અને નિફટીમાં જોરદાર કડાકા બોલી ગયા હતા. જો કે પ્રારંભિક ઘટાડા સાથે શેરબજારમાં સોલીડ રીકવરી પણ જોવા મળી હતી. રોકાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બુલીયન બજારમાં તેજીનો (અનુ. આઠમા પાને)

## ભારતીય અર્થતંત્ર અને મોંઘવારી પર સીધી અસર

ભારત પોતાની જરૂરિયાતનું ૮૫% ક્રૂડ ઓઈલ આયાત કરે છે. જો ક્રૂડના ભાવ ૧૦૦ ડોલરે પહોંચે તો દેશનું આયાત બિલ અનેકગણું વધી જશે. અર્થશાસ્ત્રીઓના મતે, ક્રૂડમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરના વધારાથી ભારતના આયાત (અનુ. આઠમા પાને)

## ક્રૂડ ૧૦૦ ડોલરે પહોંચશે તો શું થશે?

જો ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલર પ્રતિ બેરલે પહોંચશે તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સીધો વધારો થશે. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થવાથી શાકભાજી, અનાજ અને રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓ મોંઘી થશે. આ સ્થિતિ દેશમાં મોંઘવારીનો આંકડો બેકાબૂ બનાવી શકે છે.

## 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું મહત્વ

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશ્વનો સૌથી વ્યસ્ત અને અગત્યનો ઓઈલ ટ્રાન્ઝિટ રૂટ છે. અહીંથી રોજના ૧.૫ કરોડ બેરલથી વધુ ક્રૂડ ઓઈલ પસાર થાય છે. ઈરાને આ રૂટ પર લશ્કરી કડકાઈ દાખવતા વૈશ્વિક ઓઈલ સપ્લાય ચેન ખોરવાઈ ગઈ છે, જે હાલના ક્રૂડના ભાવવધારાનું સૌથી મોટું કારણ છે.

## સોના અને ચાંદીના ભાવ હજુ પણ ઉછળવાની વકી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને અમેરિકા તથા ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાને કારણે વૈશ્વિક બજારોમાં ભારે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. આ તણાવપૂર્ણ સ્થિતિને પગલે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે, જેના કારણે સોમવારે બજાર ખુલતાની સાથે જ સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો અને ભારે વોલેટિલિટી જોવા મળ્યો છે. નિષ્ણાતોના મતે, મધ્ય પૂર્વના આ ભૌગોલિક-રાજકીય તણાવને કારણે કિંમતી ધાતુઓની માંગમાં અચાનક તેજી આવી છે, જે બુલિયન માર્કેટને (અનુ. આઠમા પાને)

## એર કાર્ગો અને શિપિંગ રૂટ પ્રભાવિત થતાં સરકારે બોલાવી તાકીદની બેઠક

સંઘર્ષ અને વધતા તણાવની સીધી અસર આંતરરાષ્ટ્રીય વેપાર પર પડી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયે નિકાસકારો, શિપિંગ લાઈન્સ, ફ્રેઈટ ફોરવર્ડર્સ અને અન્ય સંબંધિત મંત્રાલયોના અધિકારીઓ સાથે સોમવારે એક તાકીદની બેઠક બોલાવી છે. આ સંકટના કારણે ગલ્ફ દેશો, ઉત્તર અમેરિકા અને યુરોપને જોડતા હોર્મુઝની સામુદ્રધુની અને રાતા સમુદ્ર જેવા મહત્વના દરિયાઈ માર્ગો પરથી પસાર થતા જહાજોની અવરજવર સામે મોટું જોખમ ઊભું થયું છે. હવાઈ માર્ગો પણ (અનુ. આઠમા પાને)

## સોના અને હીરાની અછત સર્જાવાની શક્યતા

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવના કારણે ભારતમાં સોના અને કાચા હીરાની ભારે અછત ઊભી થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુએઈ દ્વારા એરસ્પેસ બંધ કરવામાં આવતા દુબઈ મારફતે આવતો સોના અને હીરાનો સપ્લાય ખોરવાયો છે. દુબઈ ભારત માટે કાચા હીરાનો સૌથી મોટો સપ્લાયર અને સોનાની લગડીઓ માટેનો બીજો સૌથી મોટો સ્ત્રોત છે. ફ્લાઈટ ઓપરેશન બંધ થવાથી દુબઈ સાથે જોડાયેલ વેપાર અને ટ્રાન્સપોર્ટેશન અટકી પડ્યું છે, જેના કારણે લોજિસ્ટિક્સમાં મોટો વિલંબ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, (અનુ. આઠમા પાને)

## ખાતરના ભાવમાં ઉછાળો આવવાની સંભાવના

યુદ્ધના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડી રહી છે. આ ભૌગોલિક-રાજકીય સંકટના કારણે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખાતર (ફર્ટિલાઈઝર) ના ભાવમાં મોટો વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. મધ્ય પૂર્વના દેશો ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની સાથે-સાથે ખાતરના ઉત્પાદન અને નિકાસ માટેના પણ મહત્વના સ્ત્રોત છે. સપ્લાય ચેઈન પ્રભાવિત થવાથી ભારત સહિતના દેશોમાં આયાત થતા ખાતરની કિંમતો ઊંચકાય તેવી પૂરી સંભાવના છે. ભારતમાં કૃષિ ક્ષેત્ર માટે ખાતર અત્યંત આવશ્યક છે અને દેશ મોટા પ્રમાણમાં (અનુ. આઠમા પાને)

## ભારતે યુદ્ધના ધોરણે એલપીજી ઉત્પાદન વધાર્યું

મધ્ય પૂર્વના દેશોમાંથી ઓઈલ અને ગેસના પરિવહન માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી 'હોર્મુઝની સામુદ્રધુની'માં ઊભા થયેલા જોખમ અને વિક્ષેપને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે. ભારત તેની રાંધણ ગેસની કુલ જરૂરિયાતો પૂરી કરવા માટે મોટા પ્રમાણમાં મધ્ય પૂર્વના દેશોમાંથી થતી આયાત પર નિર્ભર છે. દરિયાઈ માર્ગે સપ્લાય ખોરવાતા સ્થાનિક સ્તરે ગેસની અછત ન સર્જાય અને સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે ભારતે હવે દેશમાં જ તાત્કાલિક ધોરણે એલપીજીનું (અનુ. આઠમા પાને)

**ભારતનો ૫૦ ટકા સુધીનો ક્રુડ અને ગેસનો જથ્થો જે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થાય છે ત્યાં ઈરાનની કાર્યવાહીને પગલે ભારે ચિંતા**

# જીએસટી કલેકશન ફેબ્રુઆરીમાં ૮.૧ ટકા વધીને થયું રૂ.૧.૮૩ લાખ કરોડ

## રૂ.૧૦,૨૮૬ કરોડ સાથે જીએસટી ભંડોળમાં મહારાષ્ટ્રનો સર્વોચ્ચ ફાળો પછીના રાજ્યોમાં કર્ણાટક અને ગુજરાત મોખરે

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરી મહિનામાં કેન્દ્ર સરકારની ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ પેટે થતી વસુલાત વધીને રૂ. ૧.૮૩ લાખ કરોડ પહોંચી છે, જે અગાઉના મહિના કરતાં ૮.૧ ટકાનો વધારો દર્શાવે છે. રવિવારે જાહેર થયેલા સત્તાવાર આંકડા મુજબ આ માહિતી આપવામાં આવી હતી.સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૨૮ ફેબ્રુઆરી સુધીની કુલ ગ્રોસ જીએસટી આવક રૂ. ૨૦.૨૭ લાખ કરોડ રહી છે, જે ગયા વર્ષની સરખામણીએ ૮.૩ ટકાનો વર્ષ-દર-વર્ષ વધારો નોંધાવે છે. ફેબ્રુઆરી દરમિયાન કુલ રિફંડ રૂ. ૨૨,૫૯૫ કરોડ રહ્યા, જે ગયાવર્ષની સમાન મહિના કરતાં ૧૦.૨ ટકા વધુ છે. રિફંડની રકમ સમાયોજિત કર્યા બાદ, આ મહિનાની નેટ જીએસટી આવક રૂ. ૧.૬૧ લાખ કરોડ રહી હોવાનું આંકડાઓમાં જણાવાયું છે.જીએસટી પેટે કુલ આવક રૂ. ૧.૩૬ લાખ કરોડ રહી છે, જેમાં ૫.૩ ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ, આયાતમાંથી આવક વધુ ઝડપથી વધી, જેમાં વસુલાત રૂ. ૪૭,૮૩૭ કરોડ સુધી પહોંચી, જે ૧૭.૨ ટકાનો વધારો દર્શાવે છે.



જો કે, નેટ સેસ આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. તે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રૂ. ૧૩,૪૮૧ કરોડ હતી, જ્યારે આ વર્ષે તે ઘટીને રૂ. ૫,૦૬૩ કરોડ રહી હોવાનું આંકડાઓ દર્શાવે છે.રાજ્યવાર પોસ્ટ-સેટલમેન્ટ જીએસટી આવકમાં મિશ્ર પ્રવૃત્તિ જોવા મળી. ઔદ્યોગિક રાજ્યોમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ, જ્યારે કેટલાક નાના અને કુદરતી સંસાધનો પર આધારિત રાજ્યોમાં વસુલાતમાં ઘટાડો થયો છે. મહારાષ્ટ્રે પ્રી-સેટલમેન્ટ આવકમાં રૂ. ૧૦,૨૮૬ કરોડ સાથે જીએસટી ભંડોળમાં સર્વોચ્ચ ફાળો આપ્યો. ત્યારબાદ વધુ યોગદાન આપનારા રાજ્યોમાં કર્ણાટક અને ગુજરાત મોખરે રહ્યા છે.

ચોખ્ખી સેસ આવક રૂપિયા ૫,૦૬૩ કરોડ રહી છે, જે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૩,૪૮૧ કરોડ હતી. સરકારે ૨૦૨૬ નાણાકીય વર્ષ માટે જીએસટી વસૂલાતમાં ૧૧ ટકાનો વધારો થવાનો અંદાજ મૂક્યો છે. આનો અર્થ એ થાય કે કુલ વાર્ષિક આવક રૂપિયા ૧૧.૭૮ લાખ કરોડ થશે, જેમાં સેન્ટ્રલ જીએસટી અને વળતર સેસનો સમાવેશ થાય છે.

તમિલનાડુનાં જીએસટી કલેક્શનમાં ૬ ટકા, મધ્ય પ્રદેશનાં કલેક્શનમાં ૮ ટકા, રાજસ્થાનનાં કલેક્શનમાં ૧ ટકાનો ઘટાડો થયો છે. પશ્ચિમ બંગાળનાં જીએસટી કલેક્શનમાં ૧ ટકા, હરિયાણામાં બે ટકા, ઉત્તર પ્રદેશમાં પાંચ ટકા, મહારાષ્ટ્રમાં ૬ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.સમાધાન પછીના એસજીએસટી આધારે જીએસટી આવકમાં ઘટાડો નોંધાવનારા રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.



# END AIDS 2030

# ૨૦૨૬-૨૦૩૧ માટે વૈશ્વિક એઇડ્સ વ્યૂહરચના: એઇડ્સના અંત તરફની દિશા

**વૈશ્વિક HIV પ્રતિભાવ એક નિર્ણાયક તબક્કે છે: જાહેર આરોગ્ય માટે જોખમ તરીકે એઇડ્સને નાબૂદ કરવાની દુનિયા પહેલા કરતાં વધુ નજીક છે, છતાં વધતી જતી કટોકટી, વ્યાપક અસ્થિરતા અને વધતી જતી અસમાનતાઓને કારણે આ પ્રગતિ ખોવાઈ જવાનો ભય છે**

૧૯૮૧માં દુનિયામાં પહેલીવાર એઇડ્સનો વાયરસ HIV જોવા મળેલ હતો, આજ સુધી તેને નાબૂદ કરી શકે તેવી દવા મેડિકલ સાયન્સ શોધી નથી શક્યું. વાયરસને કંટ્રોલ કરી શકે તેવી ARV દવા હાલ ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાંથી તેને નાબૂદ કરવા ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે. UNAIDS તેના કંટ્રોલ માટે વૈશ્વિક સ્તરે કામ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના સથવારે વિશ્વના તમામ દેશોમાં તે ગાઈડ લાઈન જારી કરે છે, નિદાન, ટેસ્ટિંગ અને તેના વાહકો પ્રત્યે કલંક ભેદભાવ ન થાય સાથે તેના માનવ અધિકારો જળવાય તેવી વ્યવસ્થા અને પ્લાનિંગ ગોઠવે છે. ગઈકાલે રવિવારે પણ વિશ્વના ૧૫૦ થી વધુ દેશોમાં ઝીરો ભેદભાવ દિવસ ઉજવ્યો હતો, જેની થીમ '' પીપલ ફર્સ્ટ'' રખાય હતી.

૨૦૨૬-૨૦૩૧ માટે વૈશ્વિક એઇડ્સ વ્યૂહરચના એઇડ્સના અંત તરફનો મોટો પ્રયાસ કે લક્ષ્યાંક છે, જેમાં વિશ્વના તમામ દેશો જોડાયા છે. વૈશ્વિક HIV પ્રતિભાવ એક નિર્ણાયક તબક્કે છે. જાહેર આરોગ્ય માટે જોખમ તરીકે એઇડ્સને નાબૂદ કરવાની દુનિયા પહેલા કરતાં વધુ નજીક છે, છતાં વધતી જતી કટોકટી, વ્યાપક અસ્થિરતા અને વધતી જતી અસમાનતાઓને કારણે આ પ્રગતિ ખોવાઈ જવાનો ભય છે. ગ્લોબલ એઇડ્સ સ્ટ્રેટેજી ૨૦૨૬-૨૦૩૧, ૨૦૩૦ સુધીમાં જાહેર આરોગ્યના ખતરા તરીકે એઇડ્સનો અંત લાવવા અને ૨૦૩૦ પછી એચઆઈવી પ્રતિભાવ જાળવી રાખવા માટે એઇડ્સ પ્રતિભાવના ભવિષ્ય માટેના વૈશ્વિક પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એક વ્યૂહરચના છે જે વિશ્વને એક કરે છે.




આ વ્યૂહરચના જૂન ૨૦૨૬ માં એઇડ્સના અંત પર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઉચ્ચ-સ્તરીય બેઠક અને તેની રાજકીય ઘોષણાને આકાર આપશે. તે ક્ષેત્રના તમામ કલાકારોને પડકારોનો સામનો કરવા અને દેશ-નેતૃત્વ હેઠળ અસરકારક એઇડ્સ પ્રતિભાવો સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. વૈશ્વિક એઇડ્સ વ્યૂહરચના ૨૦૨૬-૨૦૩૧ માં ૨૦૩૦ માટે નવા વૈશ્વિક લક્ષ્યો અને સંસાધન જરૂરિયાતોના અંદાજનો સમાવેશ થાય છે. તે લોકોથી શરૂ થાય છે. ગ્લોબલ એઇડ્સ સ્ટ્રેટેજી ૨૦૩૦ સુધીમાં એઇડ્સનો અંત લાવવાની મહત્વાકાંક્ષા માટે સામૂહિક પુનઃ પ્રતિબદ્ધતાને આમંત્રણ આપે છે, અને તે લોકોથી શરૂ થાય છે.

તેની ત્રણ પ્રાથમિકતાઓમાં અસમાનતા ઘટાડવી અને ઇંઈંટ નિવારણ, પરીક્ષણ, સારવાર અને સંભાળ સેવાઓ મેળવવાના લોકોના અધિકારોને જાળવી રાખવા, જેમાં મહિલાઓ અને છોકરીઓ, પુરુષો અને છોકરાઓ, બાળકો અને HIV થી પ્રભાવિત કે જોખમ ધરાવતા મુખ્ય વસ્તીનો સમાવેશ થાય છે. ટૂંકમાં વૈશ્વિક એઇડ્સ વ્યૂહરચનાનો ઉદ્દેશ્ય લોકોને એચઆઈવી સારવાર કે એચઆઈવી નિવારણ સેવાઓ પૂરી પાડવાનો છે જે તેમને જરૂરી છે, આ બધું સલામત અને સહાયક વાતાવરણમાં. ૨૦૩૦ સુધીમાં એઇડ્સને સમાપ્ત કરવાના અમારા વૈશ્વિક ધ્યેયને આ રીતે પૂર્ણ કરી શકાય છે.

HIV થી પીડાતા ૪૦ મિલિયન લોકો સારવાર હેઠળ છે, અને વાયરલ રીતે દબાયેલા છે. ૨૦ મિલિયન લોકો ARV-આધારિત HIV નિવારણ વિકલ્પોનો ઉપયોગ કરી રહ્યા છે.બધા કલંક અને ભેદભાવ મુક્ત સંભાળ સાથે તબીબી સુવિધાઓ મેળવી રહ્યાં છે.ગ્લોબલ એઇડ્સ સ્ટ્રેટેજી ૨૦૨૭-૨૦૩૧, HIV સેવાઓના ઝડપી સ્કેલ પર ભાર મૂકવાને ભવિષ્યમાં તેની સિદ્ધિઓને ટકાવી રાખી શકે તેવા પ્રતિભાવ બનાવવા સાથે જોડે છે. તેમાં મુખ્યત્વે હસ્તક્ષેપ-કેન્દ્રિત અભિગમથી લોકો-કેન્દ્રિત અભિગમ તરફ અને દાતા-અને ભાગીદાર નેતૃત્વવાળી સિસ્ટમથી દેશ-માલિકી અને નેતૃત્વવાળી (સમુદાયો અને નાગરિક સમાજ સહિત) પ્રણાલી તરફ આગળ વધવાનો સમાવેશ થાય છે, જે સહિયારી જવાબદારીના માળખામાં હોય.




આ વ્યૂહરચના કટોકટી, દાતા-સંચાલિત HIV પ્રતિભાવથી ટકાઉ, રાષ્ટ્રીય સ્તરે સંચાલિત, અધિકાર-આધારિત અને સંકલિત અભિગમ તરફ પરિવર્તનને સ્ફટિકીકરણ કરે છે જે સ્થિતિસ્થાપક આરોગ્ય અને સામાજિક પ્રણાલીઓમાં જડિત છે. તે લાંબા ગાળાના સ્થાનિક ધિરાણ અને સાર્વત્રિક આરોગ્ય કવરેજ અને પ્રાથમિક આરોગ્ય સંભાળ અને અન્ય પ્લેટફોર્મમાં HIV ના એકીકરણ પર ભાર મૂકે છે.

પરિવર્તનનો સિદ્ધાંત અને ૨૦૩૦ ના માર્ગની આ વ્યૂહરચના વૈશ્વિક જાહેર આરોગ્ય માટે એક અસાધારણ સમયગાળાનો જવાબ આપે છે. પરિવર્તનનો સિદ્ધાંત કટોકટી, દાતા-સંચાલિત HIV પ્રતિભાવથી એક ટકાઉ, રાષ્ટ્રીય સ્તરે સંચાલિત, અધિકાર-આધારિત અને સંકલિત અભિગમ તરફ પરિવર્તનને સ્ફટિકીકૃત કરે છે જે સ્થિતિસ્થાપક રાષ્ટ્રીય, ઉપ-રાષ્ટ્રીય અને સમુદાય આરોગ્ય અને સામાજિક પ્રણાલીઓમાં જડિત છે. તે મજબૂત દેશની માલિકી, સમુદાય નેતૃત્વ, લાંબા ગાળાના સ્થાનિક ધિરાણ અને યુનિવર્સલ હેલ્થ કવરેજ અને પ્રાથમિક આરોગ્ય સંભાળ પ્લેટફોર્મમાં HIV ના એકીકરણ પર ભાર મૂકે છે. તે ત્રણ પ્રાથમિકતાઓ અને પરિણામોના ક્ષેત્રોમાં દેશની પ્રણાલીઓને મજબૂત બનાવવા માટે નક્કર પગલાંનો પ્રસ્તાવ મૂકે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

UNAIDS એ HIV પ્રતિભાવની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે એક નવો અભિગમ પ્રસ્તાવિત કર્યો છે . આ સર્વાંગી અભિગમ પાંચ ટકાઉપણું ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જેમાં રાજકીય નેતૃત્વ અને પ્રતિબદ્ધતા, સક્ષમ કાયદાઓ અને નીતિઓ, ટકાઉ અને સમાન ધિરાણ, વિજ્ઞાન-સંચાલિત, અસરકારક અને ઉચ્ચ-અસરકારક HIV સેવાઓ અને ઉકેલો, અને પહોંચાડવા માટે બનાવવામાં આવેલી સિસ્ટમોનો સમાવેશ થાય છે. આપણે બધા તેની સાથે ઉભા છીએ, HIV પ્રતિભાવ અને વ્યાપક વૈશ્વિક આરોગ્ય પ્રયાસોની ટકાઉપણું માટે સમુદાયો આવશ્યક છે, અને તેઓ તેમના મિશન પ્રત્યે અડગ પ્રતિબદ્ધ રહે છે: ખાતરી કરવી કે HIV સાથે રહેતા અને પ્રભાવિત બધા લોકો સાથે ગૌરવ અને આદર સાથે વર્તન કરવામાં આવે. જોકે, ૪૪ થી વધુ વર્ષોથી, સમુદાયોએ પ્રતિકૂળતાઓનો સામનો કર્યો છે, કલંક, ભેદભાવ, ગુનાહિતકરણ, ભંડોળમાં કાપ અને રાજકીય પ્રતિક્રિયા-તેમ છતાં તેમની પ્રાથમિક ભૂમિકા એ સુનિશ્ચિત કરવાની છે કે આરોગ્ય સેવાઓ સૌથી વધુ સંવેદનશીલ વસ્તી સહિત તમામ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે. આ કારણોસર, આ વર્ષના શૂન્ય ભેદભાવ દિવસ પર, UNAIDS દેશો, દાતાઓ અને ભાગીદારોને ટકાઉ HIV પ્રતિભાવો બનાવવા માટે કામ કરતી વખતે સમુદાયોને ટેકો આપવાની તેમની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવા માટે આહ્વાન કરેલ છે.

**ગ્લોબલ એઇડ્સ સ્ટ્રેટેજી ૨૦૨૬-૨૦૩૧, એ ૨૦૩૦ સુધીમાં જાહેર આરોગ્યના ખતરા તરીકે એઇડ્સનો અંત લાવવા અને ૨૦૩૦ પછી એચઆઈવી પ્રતિભાવ જાળવી રાખવા માટે એઇડ્સ પ્રતિભાવના ભવિષ્ય માટેના વૈશ્વિક પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે છે: આ એક એવી વ્યૂહરચના છે, જે વિશ્વને એક કરે છે**

**ગૌટેક દ્વારા આત્મ નિર્ભર ભારતને નવી દિશા**

## પુનામાં ગૌટેક દ્વારા ચાર દિવસીય ગૌજ્ઞાન વિજ્ઞાનથી ગ્લોબલ બિઝનેસ સુધીના કાર્યક્રમનું આયોજન

**૩૦૦થી વધુ સ્ટોલ અને વિદેશી રોકાણ સંવાદ: ગૌ ટેકથી ગૌ ઉદ્યોગના ભવિષ્યમાં પરિવર્તન**

**અબતક, રાજકોટ**

ગૌ આધારિત ઉદ્યોગો, વિજ્ઞાન, ટેક્નોલોજી, સંશોધન, નવીનતા અને ઉદ્યમિતાને વૈશ્વિક મંચ પૂરો પાડવાના હેતુથી ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ જીસીસીઆઇ દ્વારા મહારાષ્ટ્ર ગૌ સેવા આયોગ અને આર.આર.કેબલના સહયોગ થી આયોજિત ગૌ ટેક ૨૦૨૬ નામનું આંતરરાષ્ટ્રીય શિખર સંમેલન અને પ્રદર્શની તા. ૨૦ થી ૨૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, પુના (મહારાષ્ટ્ર) ખાતે આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજન માત્ર એક પ્રદર્શની જ નહીં,

પરંતુ ગૌ આધારિત અર્થવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થાને કેન્દ્રમાં રાખી ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક વ્યાપક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અભિયાન છે.


ગૌ ટેક ૨૦૨૬માં દેશ વિદેશથી નીતિનિર્માતાઓ, સમાજસેવકો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટ-અપ્સ, રોકાણકારો, ખેડૂતો, ગૌશાળાઓ, યુનિવર્સિટીઓ, સંતસમાજ, મહિલાઓ અને યુવાનો મોટી સંખ્યામાં ભાગ લેશે. આ આયોજનમાં ૩૦૦થી વધુ સ્ટોલ, ૧૨થી વધુ ગૌ વિષય આધારિત સેમિનાર, વિશેષ સંમેલનો, બીરબી બેઠકો તથા વિદેશી પ્રતિનિધિઓની ભાગીદારી સાથે પાંચ લાખથી વધુ મુલાકાતીઓની હાજરીની સંભાવના છે.

જીસીસીઆઇના સ્થાપક, પૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અદયક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાને કામધેનુનું સ્વરૂપ માનવામાં આવ્યું છે.

ગાયનું દૂધ, ગૌમૂત્ર, ગોબર અને પંચગવ્ય માત્ર ધાર્મિક અથવા સાંસ્કૃતિક મહત્વ ધરાવતા નથી, પરંતુ તેમાં આરોગ્ય, કૃષિ, ઊર્જા, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામિણ અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાની અદ્ભુત વૈજ્ઞાનિક તથા આર્થિક ક્ષમતા રહેલી છે.

ગૌ ટેક ૨૦૨૬ આ તમામ સંભાવનાઓને એક જ મંચ પર લાવી યુવાનો, મહિલાઓ, ગૌ શાળાઓ, સ્ટાર્ટ-અપ્સ, રોકાણકારો, ઉદ્યોગપતિઓ અને નીતિનિર્માતાઓ વચ્ચે સંવાદ, સહયોગ અને નવીનતાનું સકારાત્મક વાતાવરણ ઊભું કરશે.

## જી.ટી.યુ. સેમેસ્ટર ૩ના પરિણામમાં વીવીપીના વિદ્યાર્થીઓનો દબદબો



**અબતક, રાજકોટ**

તાજેતરમાં જાહેર થયેલ જી.ટી.યુ. દ્વારા સેમેસ્ટર ત્રણના પરિણામને એનાલીસીસ કરાતા કુલ ૬૮ એન્જિનિરીંગ કોલેજમાંથી કુલ ૨૦૨૨૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાંથી સમગ્ર ગુજરાતમાં વી.વી.પી. તેમજ વી.વી.પી.ના વિદ્યાર્થીઓએ બ્રાંચ વાઈઝ ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

વીવીપી એન્જિનિરીંગ કોલેજનો સૌરાષ્ટ્ર રીજીયનમાં એસ.પી.આઈ. વાઈઝ પ્રથમ રેન્ક અને સમગ્ર ગુજરાતમાં આઠમો રેન્ક પ્રાપ્ત કરેલ છે. સમગ્ર ગુજરાતમાં જી. ટી.યુ.માં બ્રાંચ વાઈઝ તથા સી.પી.આઈ. મુજબ વી.વી.પી.ની વિદ્યાર્થી વર્મા સ્વાતી બીરબહાદુર (આઈ.ટી.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૪૭ મેળવી ચોથો રેન્ક, કનીષા જયેશભાઈ પોપટાણી (ઈ.સી.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૧૮ મેળવી પાંચમો રેન્ક, પ્રિત વિજયભાઈ રોજમાલા (મીકેનીકલ) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૩૦ મેળવી છઠો રેન્ક પ્રાપ્ત કરેલ છે. આમ, વી.વી.પી. કોલેજ તથા વિદ્યાર્થીઓ પરિણામનો દબદબો જાળવી રાખેલ છે.

**બ્યુરોક્રેટસ ઇન્ડિયા ટોપ ૨૫ ચેન્જમેકર્સ ૨૦૨૫**

## બ્યુરોક્રેટસ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા 'ટોપ ૨૫ ચેન્જમેકર્સ ૨૦૨૫' ની યાદીમાં પોસ્ટ માસ્ટર કૃષ્ણ કુમાર યાદવનો સમાવેશ

**ભારતીય ડાક સેવાના અધિકારી કૃષ્ણ કુમાર યાદવે સુશાસનને આધુનિક બનાવ્યું**



**અબતક, રાજકોટ**

અખીલ ભારતીય સ્તરે જાહેર કરાયેલ ટોપ ૨૫ ચેન્જમેકર યાદીમાં ભારતીય ડાર્ક સેવાના વરિષ્ટ અધિકારી અને હાલ ઉતર ગુજરાત પરીક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવનું નામ સામેલ કરવામાં આવ્યું છે.

ઈન્ડિયા પોસ્ટમાં બે દાયકાથી વધુ સમયના સેવાકાળ દરમિયાન તેમને ટેકનોલોજી આધારીત અને નાગરીક કેન્દ્રિત પહેલો દ્વારા અંતિમ છોર સુધ સુશાસનને આધુનિક અને કાર્યક્ષમ સ્વરુપ આપ્યું છે.

તેમણે નવ કરતા વધારે વિસ્તારોમાં નોધ પાત્ર યોગદાન આપ્યું છે.

કૃષ્ણકુમાર યાદવે ગુજરાતના પ્રથમ જેન ઝી થી આધારીત પોસ્ટ ઓફીસરનું ભારતીય પ્રોદ્યોગીક સંસ્થા, ગાંધીનગર ખાતે ઉદઘાટનનું નેતૃત્વ કર્યુ હતું.

તે પ્રતિષ્ઠિત સાહિત્યકાર લેખક કવિ અને બ્લોગર તરીકે પણ ઓળખાઈ છે. તેમના નેતૃત્વ હેઠળ જન-કેન્દ્રીય પહેલોને નવી દિશા મળી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૦૩-૨૦૨૬ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિકુમાર પટેલ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૩-૦૩-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૩-૩ -૨૦૨૬ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ પુનમ હોળાષ્ટક પૂરા ચંદ્ર ગ્રહણ
**નક્ષત્ર** મઘા
**યોગ** સુકર્મા **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૦૭ **સુર્યાસ્ત:** ૬.૫૧
**ચંદ્ર રાશી** સિંહ
**રાશિ અક્ષર** મ.ટ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૧ | | | | | | |
| ૫ | | | | | | | | ૭ |
| | | | | | | ૮ | ૩ | |
| | | ૮ | | | | ૭ | ૨ | ૬ |
| ૭ | | | | ૨ | | | | |
| | | | | ૪ | ૧ | | | |
| ૨ | ૯ | | ૩ | | | | | |
| | | ૩ | | ૫ | | | | ૮ |
| | | | | | | ૧ | | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૬ | ૧ | ૩ | ૨ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૬ | ૩ | ૪ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૧ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩.૩.૨૦૨૬ મંગળવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ પૂનમ, મઘા નક્ષત્ર, સુકર્મા યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ સિંહ (મ,ટ)રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિધાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે,શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.

**કર્ક** (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**સિંહ** (મ,ટ) : આજના દિવસે કામકાજમાં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.

**કન્યા** (પ,ઠ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવામાં કાળજી રાખવા સલાહ છે.

**તુલા** (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક** (ન,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે, ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે.

**મકર** (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.

**કુંભ** (ગ ,સ,શ) : રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**મીન** (દ,ચ,ઝ,થ) : જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં કાળજી લેવી, મધ્યમ દિવસ.

## રાજકોટમાં ડીજીપીની અધ્યક્ષતામાં રીજનલ ક્રાઈમ કોન્ફરન્સ

# સાયબર ક્રાઈમ- નાર્કોટિક્સનો વેંપલો અટકાવવા પર ભાર મુકતા ડો. કે.એલ.એન. રાવ

### પોલીસ હવે અડધા સમયમાં બનાવ સ્થળે પહોંચવા લાગી : અગાઉ ૧૪ મિનિટમાં પહોંચતી પોલીસ હવે સાત મિનિટમાં જ ક્રાઈમ સીન પર પહોંચી જાય છે : ડીજીપી








તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક,રાજકોટ**

રાજ્ય પોલિસવડા ડો. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં ગઈકાલે રવિવારે રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે રિજનલ ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રાજકોટ રેંજ આઈજી અશોકકુમાર યાદવ સહિત ભાવનગર રેંજ, જુનાગઢ રેન્જ આઈજી તેમજ ત્રણેય રેન્જમાં આવતા જિલ્લાના ૯ એસપી, શહેર પોલીસના તમામ ડીસીપી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. રિજિનલ ક્રાઈમ કોન્ફ્રન્સમાં ખાસ નાર્કોટિક્સ, સાયબર અને ફેટલ અકસ્માત નિવારવા પર ભાર મુકાયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ગત રવિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ શહેર પોલીસ કમિશનર ખાતે રાજ્યના પોલીસ વડાને પ્રથમ ગાર્ડ ઓફ ઓનર અપાયા બાદ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા દ્વારા ડિજીપીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદ સૌરાષ્ટ્રના ત્રણેય રેન્જના આઈજી અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લાના એસપી તેમજ શહેર પોલીસના તમામ ડીસીપીઓની હાજરીમાં ક્રાઈમ કોન્ફરન્સની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ખાસ સાયબર અવરનેસ, નાર્કોટિક્સ અને ફેટલ અકસ્માત બાબતે વિશેષ ધ્યાન આપવા ચિંતન કરવામાં આવ્યું હતું. ક્રાઈમ કોન્ફરન્સ પૂર્ણ થયા બાદ રાજ્યના પોલીસ વડાએ એક પત્રકાર પરિષદને સંબોધી હતી.

જેમાં તેઓએ જણાવ્યું હતું કે, રીજનલ ક્રાઈમ કોન્ફરન્સમાં રાજકોટ શહેર, રાજકોટ રેન્જ જુનાગઢ રેન્જ અને ભાવનગર રેન્જનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૨૪ વર્ષ ૨૦૨૫ અને વર્ષ ૨૦૨૬ ની શરૂઆતના સમયમાં ક્રાઈમ બાબતે વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમનું મૂલ્યાંકન કરી તેમના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે ઝડપી થઈ શકે તેનું ચિંતન કરવામાં આવ્યું છે.

જેમાં ખાસ સાયબર ફ્રોડથી કઈ રીતે લોકો બચી શકે તેના માટે અવરનેશ તેમજ ખાસ દરિયાઈ માર્ગથી આવતા ડ્રગ્સ સહિતના નાર્કોટિક્સ પદાર્થો અંગે ખાસ સૂચનો તમામ અધિકારીઓને કરવામાં આવ્યાં હતાં. જ્યારે રોડ સેફટી મામલે અકસ્માતમાં ફેટલના બનતાં બનાવો અટકાવવા માટે પણ રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે.

ખાસ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત ભરમાં ગત સપ્ટેમ્બર માસથી શરૂ થયેલ ડાયલ ૧૧૨ જનરક્ષકથી ગુના અટકવવામાં પોલીસને મોટી સફળતા મળી છે. પહેલા ક્રાઈમ સ્પોટ પર પોલીસને પહોંચતા ૧૪ મિનીટ થતી હતી તે હવે ફક્ત સાત મિનિટમાં પહોંચે છે. જેથી ૧૧૨ જનરક્ષકના અમલથી ૫૦ ટકા રેસિયો ઘટાડવામાં સફળતા મળી છે.

ગઈકાલે યોજાયેલ રિજનલ ક્રાઈમ કોંફરન્સમાં ઈન્ચાર્જ ડીજીપી ડો.કે.એલ.એન.રાવની સાથે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડિયા, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડિયા, ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર, રાજકોટ જિલ્લા એસપી વિજયસિંહ ગુર્જર, જામનગર એસપી રવિ મોહન સૈની, અમરેલી એસપી સંજય ખરાત, જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરા, સુરેન્દ્રનગર એસપી પ્રેમસુખ ડેલુ, ભાવનગર એસપી, નિતેશ પાંડે, પોરબંદર એસપી ભગીરથસિંહ જાડેજા, ગીર સોમનાથ એસપી જયદીપસિંહ જાડેજા, મોરબી એસપી મુકેશ પટેલ ગાંધીનગર ડીજી કચેરી ખાતે કાર્યરત આઈપીએસ વલય વૈદ્ય, સાયબર સેન્ટર ઓફ એક્સેલેન્સના એસપી વિવેક ભેડા, એસપીએસ કલ્પેશકુમાર ચાવડા એસપીએસ કોમલબેન વ્યાસ, ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજ, જસદણ એએસપી નવિન ચક્રવતી, એએસપી ભાવનગર ઘનશ્યામ ગૌતમ, એએસપી ધારી જયવીર ગઢવી સહિતના અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

## 'ઓપરેશન જંગલેશ્વર' સફળતાપૂર્વક પાર પાડવા માટે શહેર પોલિસને અભિનંદન પાઠવતા ડીજીપી



રાજકોટમાં ઓપરેશન જંગલેશ્વર ડીમોલેશનને સફળતા પૂર્વક પાર પાડવા માટે શહેર પોલીસને ઈન્ચાર્જ ડીજીપીએ અભિનંદન પણ પાઠવ્યા હતાં. જ્યારે સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટના જંગલેશ્વ મેગા ડીમોલેશન માટે પણ ઈન્ચાર્જ ડીજીપીએ રાજકોટ શહેર પોલીસને અભિનંદન પાઠવ્યા હતાં અને હજું પણ ગુનેગારોને સાફ કરવાં ડીમોલેશન કરવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું.

## ધમકીભર્યા ઈમેઈલ મોકલનારાઓનું હવે આવી બનશે, પોલિસ મૂળ સુધી ગયાનું સૂચક નિવેદન

હાલ રાજ્યભરમાં જાણે બોમ્બની ધમકીનો જાણે ટ્રેન્ડ ચાલ્યો હોય તેમ એક બાદ એક સ્કૂલ, કલેક્ટર ઓફિસ, કોર્ટ અને છેલ્લે પાસપોર્ટ તેમજ પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા ઈ-મેલ કરીને પોલીસ સહિતના તંત્રને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે. જે મામલે ગઈકાલે રાજકોટમાં યોજાયેલ ક્રાઈમ કોંફરન્સમાં ડીજીપીએ જણાવ્યું હતું કે, જે ફેક ઈમેઈલ અને કોલ કરી આવી ધમકી મોકલી રહ્યા છે, તેના માટે રાજ્યની ખાસ એક ટીમ કામ કરી રહી છે, જે લોકો વિદેશથી વીપીએન મારફતે ઓનલાઈન મેઈલ મોકલી રહ્યા છે જે પણ જાણવા મળ્યું છે. પોલીસ તે લોકોના સોર્સ સુધી પહોંચી પણ ગઈ છે, જે અંગે ટૂંક સમયમાં જ નવા ઘટસ્ફોટ પણ થશે તેવું જણાવ્યું હતું.

## સાયબર ફ્રોડના પીડિતોને ૫૦ કરોડની રકમ પરત અપાઈ

ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યના ઈન્ચાર્જ ડીજીપીએ સાઈબર ફ્રોડ મામલે મહત્વની વાત કરી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, જે લોકો સાયબર ફ્રોડનો ભોગ બને છે, તે તુરંત જ ગોલ્ડન અવરમાં હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી પોતાની અરજી નોંધાવે કેમ કે, ફર્સ્ટ લેયર પર પોલીસ તુરંત જ કાર્યવાહી કરી શકે છે અને ફર્સ્ટ લેયરનું એકાઉન્ટ ફ્રીજ કરી ભોગ બનનાર નાગરિકને તેનું રિફંડ મળી શકે છે. જો ફર્સ્ટ લેયર બાદ સેકન્ડ, થર્ડ લેયર સુધી તે રૂપિયા પહોંચી જાય તો પોલીસ માટે પણ તે રિકવરી કરવી મુશ્કેલ બની શકે છે. તેમણે ઉમેર્યું કે, સાયબર ફ્રોડના ગુના અટકાવવા માટે ખાસ એસઓપી પણ બનાવવામાં આવી છે અને હાલ સુધીમાં પોલીસે ૫૦ કરોડથી વધુનું રિફંડ પણ ભોગ બનનાર લોકોને પરત કર્યું છે.

## દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરી ડ્રગ્સના દુષણને નાથવા સૂચન

ગુજરાત દેશભરમાં સૌથી મોટો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો ધરાવતું રાજ્ય છે. ત્યારે ડ્રગ્સ માફિયાઓ દ્વારા દરિયાઈ વિસ્તારનો ડ્રગ્સ લેન્ડ કરવા ઉપયોગ કરવા રઘવાયા થયાં છે. થોડા સમય પૂર્વે જ પોરબંદરના દરીયાકાંઠા વિસ્તારમાંથી ડ્રગ્સનું કન્સાઈમેન્ટ ઝડપાયું હતું. ઉપરાંત કચ્છના દરિયા વિસ્તારથી પણ મોટા પ્રમાણમાં નાર્કોટિક્સ પદાર્થ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે પોલીસે સફળ ઓપરેશન પાર કરી મોટો પદાર્થ પકડી પાડ્યો હતો. જેમાં ખાસ સોમનાથ, દેવભૂમિ દ્વારકાના દરિયાઈ વિસ્તારના એસપીને ખાસ સાવચેત કર્યા હતા કે, દરિયાઈ વિસ્તારથી નાર્કોટિક્સ પદાર્થ ગુજરાતમાં ન ઘૂસે તે માટે ખાસ પોલીસી બનાવી અને પેટ્રોલિંગ રાખવા બાબતે સચેત કર્યા હતા.

# હુતાસણીના પર્વે બજારોમાં ધાણી-ખજૂર અને હાયડા ખરીદીનો માહોલ





તસવીરઃ શૈલેષ વાડોલિયા



### ધાણી અને દાળિયાના કિલો રૂ.૧૬૦-૨૦૦ ભાવ કેસુડાના માંગમાં ભારે ઉછાળો

**અબતક, રાજકોટ**

રંગોના પવિત્ર અને પરંપરાગત તહેવાર હોળી-ઉતાસણી નજીક આવતા જ રાજકોટ શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્રના બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે. પરંપરાગત ચીજવસ્તુઓ જેવી કે ધાણી, પતાસા, ખજૂર અને કુદરતી કેસુડાના રંગોની ખરીદી માટે ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. જૈન અને હિન્દુ ધર્મના લોકો આ તહેવારને પોતાની આગવી શ્રદ્ધા અને ભક્તિભાવથી ઉજવે છે, જેના પગલે બજારમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજકોટના મુખ્ય બજારો જેવા કે દાણાપીઠ, ગુલાબસિંહજી માર્કેટ અને ત્રિકોણ બાગ વિસ્તારમાં હોલિકા દહનની પૂજન વિધિ માટે વપરાતી સામગ્રીની દુકાનો ગ્રાહકોથી ઉભરાઈ રહી છે.

હોળીના તહેવારનું મુખ્ય આકર્ષણ પૂજન સામગ્રી છે. લોકો હોલિકા દહનના દિવસે વિધિ-વિધાન સાથે પૂજા કરવા માટે ધાણી, પતાસા અને ખજૂરની ખરીદી કરે છે. વેપારીઓના જણાવ્યા મુજબ, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ગ્રાહકોમાં પરંપરાગત વસ્તુઓ પ્રત્યે વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધાણી, પતાસા અને ખજૂર એ હોળી પૂજનના આવશ્યક અંગો છે, જેના વિના પૂજા અધૂરી માનવામાં આવે છે. આ ચીજવસ્તુઓના ભાવમાં સ્થિરતા હોવાથી ગ્રાહકો ખુશીથી ખરીદી કરી રહ્યા છે

ખરીદીનો માહોલ તેજ હોવા છતાં, આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં સ્થિરતા જોવા મળી રહી છે. વેપારીઓ દ્વારા ધાણી અને ચણાના ભાવ રૂ. ૧૬૦ થી રૂ. ૨૦૦ પ્રતિ કિલોની આસપાસ રાખવામાં આવ્યા છે, જે સામાન્ય નાગરિકોના બજેટમાં છે. આ જ

(અનુ. આઠમા પાને)

# વકીલ હિતનો "અભય" અવાજ એવા પ્રખર ધારાશાસ્ત્રી "અભયભાઈ ભારદ્વાજ"ના પુત્રી


## "અમૃતાબેન ભારદ્વાજ" બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીના મેદાનમાં

### અભયભાઈ ભારદ્વાજના વકીલોના અધુરા કાર્યોને આગળ ધપાવવા માટે ચૂંટણી લડવાનો સાહસિક નિર્ણયઃ અમૃતા ભારદ્વાજ



તસવીરઃ શૈલેષ વાડોલિયા

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી ૬ માર્ચ ન રોજ યોજાનાર ચૂંટણીમાં સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી સ્વ અભયભાઈ ભારદ્વાજની પુત્રી અમૃતાબેન ભારદ્વાજે, અંશભાઈ અને ધીરુભાઈ પીપળીયા સહિતના વકીલો સાથે "અબતક" મીડિયા હાઉસની મુલાકાત લઈ વકીલોના પ્રશ્નોને વાચા આપવા તેમજ પડતી મુશ્કેલીઓને નિવારવા માટે કોલ આપ્યો છે.



**અબતક, રાજકોટ**

જાણીતા કાયદાવિદ, લો કમિશન ઓફ ઈન્ડિયાના પૂર્વ સભ્ય અને રાજ્યસભાના પૂર્વ સાંસદ સ્વ. અભયભાઈ ભારદ્વાજના વકીલાત ક્ષેત્રને આગળ ધપાવવા અને અભયભાઈની જેમ વકીલોના પ્રશ્નોને વાંચા આપી નિરાકરણ કરવા અભયભાઈની વીરાંગના પુત્રી અમૃતાબેન ભારદ્વાજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે.પિતાના વકીલ હિતના અધુરા કાર્યોને પૂરા કરવા પ્રયાણ કર્યું છે.

અમૃતાબેન સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાંથી શિક્ષણ અને સંસ્કાર મેળવી

સને ૨૦૧૩માં પિતાના માર્ગદર્શન હેઠળ વકીલાત ક્ષેત્રે શરૂઆત કરી અભયભાઈના વારસા તરીકે વકીલાતના માધ્યમથી જનસેવાને મુખ્ય પ્રાધાન્ય આપી રાજકોટ ટ્રાયલ કોર્ટથી શરૂ કરી હાઈકોર્ટ સુધી સફર ખેડનાર મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ આપનાર છે. અમૃતાબેને પિતા અભયભાઈ સાથે રહી ગુલમર્ગ કેશ અને લીલીયા ડબલ મડર કેશ જેવા ચકચારી અને હાઈ પ્રોફાઈલ કેસોમાં જુનિયર વકીલ તરીકે મહત્વની ભૂમિકા ભજવી કાયદાકીય ક્ષેત્રે મહત્વનું ઘડતર મેળવું છે. હાલ અમૃતાબેન સૌરાષ્ટ્રની ટ્રાયલ કોર્ટોમાં સ્વતંત્ર અને ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. અમૃતાબેન આજ અનેકો મહિલા વકીલો માટે પ્રેરણા રૂપ બન્યા છે. વકીલોના હિત માટે કામ કરવાના પિતાના સંકલ્પને પૂર્ણ કરવાના ઉદેશ્યને સાથે લઈ તેઓ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી લડી રહ્યા ત્યારે અમૃતાબેનને અભયભાઈની પુત્રી તરીકે સમગ્ર ગુજરાત ભરમાંથી અઢારેય વરણ સાથે સુસંગતા ધરાવતા અભયભાઈના સબંધોનો પ્રેમ અને લાગણીસભર આશીર્વાદ સમો ટેકો મળી રહ્યો છે.બારના વકીલો દ્વારા અભયભાઈને ખૂબ પ્રેમ પૂર્વક યાદ કરી જૂની યાદો વાગોળી છે. સાથે જ અભયભાઈની પુત્રી અમૃતાબેનને બાર એસોસિયેશનએ ઐતિહાસિક જીત અપાવા ઉમંગભેર હુંફ આપી છે. અભયભાઈ પ્રત્યેનો આદર, પ્રેમ અને લાગણી જોઈને અમૃતાબેને જણાવ્યું છે કે મારી અને અમારી ઓફિસની વકીલો પ્રત્યેની જવાબદારી આથી બમણી થઈ જાય છે અને અમે હંમેશા નિષ્ઠાપૂર્વક વકીલોની સેવામાં કાર્યરત રહેશું. અમૃતાબેને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ઐતિહાસિક વિજય અપાવવા સિનિયર જુનિયર અને મહિલા વકીલો, અભયભાઈના જુનિયર વકીલો અને ઓફિસના સહુ વકીલો જહેમત ઉઠાવી રહ્યા છે. અમૃતાબેનને વિજય બનાવવા પ્રદેશ ભાજપ લીગલ સેલના સહ-સંયોજક અનિલભાઈ દેસાઈ , પ્રદેશ ભાજપ લીગલ સેલના કારોબારી સભ્યો હિતેશભાઈ દવે, કિશોરભાઈ સખીયા રાજકોટ શહેર ભાજપ લીગલ સેલના સંયોજક પીયૂષભાઈ શાહ, સહ-સંયોજક કમલેશભાઈ ડોડીયા અને શહેર ભાજપ લીગલ સેલના હોદ્દેદારોએ હાંકલ કરેલ છે. અમૃતાબેનને રાજકોટ શહેરના તેમજ જિલ્લાના અલગ અલગ બાર એસોસિયેશનોએ ખુલ્લો ટેકો જાહેર કરેલ છે તેમજ સૌરાષ્ટ્રના તમામ બાર એસોસિયેશનો અમૃતાબેનની જીત સુનિશ્ચિત કરવા કાર્યરત છે. અમૃતબેનને તમામ વર્ગના તેમજ તમામ જ્ઞાતિના વકીલોનું બહોળું સમર્થન પ્રાપ્ત છે.

### યુવાનોને નેતૃત્વ આપી અને પરિવર્તન લાવવાની માંગ સાથે ઐતિહાસિક વિજય અપાવવા સૌરાષ્ટ્રના તમામ બાર એસોસિએશનો એક મત

‘જય આદિનાથ’ના નાદ સાથે ગુંજી ઉઠી તળેટી

# પાલીતાણામાં ૫૦ હજારથી ભાવિકોએ કરી શેત્રુંજય ગિરિરાજની છ ગાઉની પરિક્રમા

## કૃષ્ણપુત્રો પ્રદ્યુમન-સામ્બના મોક્ષ કલ્યાણક નિમિત્તે ભાવિકોએ અનુભવી ધન્યતા: સિદ્ધવડ અને પાલ વિસ્તારમાં ૧ લાખથી વધુ માનવમેદની ઉમટી પડી૮૮થી વધુ પાલમાં ભવ્ય સંઘ પૂજન અને અદભૂત ભોજન વ્યવસ્થા

**અબતક, અંકુર મેહતા, પાલીતાણા**

જૈન ધર્મના શાશ્વત અને સર્વોચ્ચ તીર્થધામ પાલીતાણા ખાતે આજે ફાગણ સુદ તેરસના પવિત્ર દિવસે શેત્રુંજય ગિરિરાજની સુપ્રસિદ્ધ અને કઠિન છ ગાઉ પરિક્રમાનો ભવ્ય પ્રારંભ વહેલી સવારે ૪ વાગ્યે થયો હતો. તળેટી વિસ્તાર ’જયજય શ્રી આદિનાથ’ના ગગનભેદી નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. આ ઐતિહાસિક યાત્રામાં દેશભરમાંથી જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાંથી પધારેલા ૫૦ હજારથી વધુ શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વીજી ભગવંતોએ અદમ્ય ઉત્સાહ અને અખૂટ ભક્તિભાવ સાથે ભાગ લીધો હતો.

ગિરિરાજની તળેટીથી શરૂ થયેલી આ યાત્રા દરમિયાન યાત્રિકોએ સર્વપ્રથમ આદિશ્વર દાદાની મોટી ટૂંકમાં દર્શન કર્યા હતા. ત્યારબાદ રામપોળથી બહાર નીકળી દેવકીનંદનની દેરી, ઉલખા જળ, અને અજિત-શાંતિનાથની દેરીના દર્શન-ચૈત્યવંદન કર્યા હતા. પાવનકારી ચિલ્લણ (ચંદન) તલાવડી ખાતે બેઠા-સૂતા કે ઉભા ૯ કે ૧૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી યાત્રિકોએ આત્મશુદ્ધિ કરી હતી.

યાત્રાનું મુખ્ય આકર્ષણ ભાડવાના ડુંગર પર આવેલી પ્રદ્યુમ્ન અને સામ્બ કુમારની દેરી હતી. માન્યતા અનુસાર, ભગવાન કૃષ્ણના આ બંને પુત્રો સાડા ત્રણ કરોડ મુનિઓ સાથે આજના દિવસે જ અહીં મોક્ષ પામ્યા હતા. યાત્રિકોએ ભાડવાના ડુંગર પર ચૈત્યવંદન કરી ત્યારબાદ સિદ્ધવડ ખાતે દાદાના પગલાંના દર્શન કરી પાલ વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો.

### સુરક્ષા અને સુવિધા માટે તંત્ર સજ્જ

યાત્રિકોની સુરક્ષા અને સુવિધા માટે પ્રશાસન સંપૂર્ણ સજ્જ હતું. સારવાર કેન્દ્ર દ્વારા યાત્રિકોને મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી, તેમજ આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાલમાં ખોવાયેલ કે ગુમ થયેલ વ્યક્તિઓ માટે સતત એનાઉન્સમેન્ટની વ્યવસ્થા હતી. ઉપરાંત, એસ.ટી. તંત્ર દ્વારા આદપુર-સિદ્ધવડ જવા-આવવા માટે ખાસ બસ વ્યવસ્થા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

### પાલમાં ભવ્ય સ્વાગત અને સેવાકીય પ્રવાહ

પરિક્રમા પૂર્ણ કરનાર યાત્રિકો માટે પાલમાં અદભૂત અને ભવ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં ૮૮થી વધુ પાલમાં યાત્રિકોના જમણા પગના અંગૂઠા દૂધ-પાણીથી પખાળી, કુમકુમ તિલક કરી સંઘ પૂજન કરાયું હતું. સેવાભાવી સંસ્થાઓ દ્વારા ફ્રૂટ, વિવિધ વાનગીઓ, આયંબિલ અને તપસ્વીઓ માટે એકાસણા-બિયાસણાની સુંદર વ્યવસ્થા હતી. તેમજ શેત્રુંજય પર્વતથી આદપુર પાલ સુધી ઠેર-ઠેર ઉકાળેલા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.



# જ્ઞાતિજનોના આરોગ્યના રખોપા: મોઢવણિક સમાજ દ્વારા યોજાયો મેડિકલ ટેસ્ટ કેમ્પ



## વિવિધ ક્ષેત્રના ૧૪ નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ લેતા ૨૭૦થી વધુ જ્ઞાતિજનો

**અબતક, રાજકોટ**

‘પહેલુ સુખ તે જો નર્યા’તે પંકિતને ઉજાગર કરતા જ્ઞાતિજનોના આરોગ્યના રખોપાના ઉમદા આશ્રય સાથે મોઢવણિક સમાજ દ્વારા જ્ઞાતિજનો માટે વિવિધ પ્રકારના મેડીકલ ટેસ્ટ માટે નિઃશૂલ્ક નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૬ નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ ૨૭૦થી વધુ જ્ઞાતિજનો દ્વારા લેવામાં આવ્યો હતો.

મોઢ વણીક સમાજ આયોજીત મેડીકલટેસ્ટ કેમ્પમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.દીપા મણીયાર, પલ્મોનોલોજી ડો.નિરજ મહેતા, ડેન્ટલ સર્જન ડો.નિમિષ પરીખ, ડો.હિરલ પરીખ, આઈ સર્જન ડો.હેતલભાઈ બખાઈ, એમડી ડો. ધર્મેશ મણીયાર, હૃદયરોગના નિષ્ણાંત ડો. નિરવ મહેતા, ઈએનટી સર્જન ડો. જૂહી મણીયાર, એન્ડોડોન્ટિકસ ડો.હિરવીતા મણીયાર, ડાયાબીટોલોજીસ્ટ ડો.તપન પારેખ, સ્કીન સ્પેશ્યાલીસ્ટ ડો. ધ્રુમીત ઘોડાસરા, ઓર્થોપેડીક ડો.મિહીર તેજૂરા, દાંત, ચામડી અને વાળના નિષ્ણાંત ડો.પ્રીતીબેન પારેખ, ફેમીલી ફીજીસ્યિન ડો.અનિમેષ શેઠ અને ડો.ઉત્સવ શેઠે સેવા આપી હતી.

આ મેડીકલ કેમ્પને સફળ બનાવવા માટે મોઢવણીક સમાજના પ્રમુખ ધર્મેશભાઈ શેઠ, મહામંત્રી ડો.અતુલભાઈ વોરા, ઉપરાંત ટ્રસ્ટી મંડળના સભ્યો નીતીનભાઈ મણીયાર, શ્રેયાંસભાઈ મહેતા, યોગેશભાઈ પારેખ, કેતનભાઈ વોરા, ધીરેન્દ્રભાઈ મહેતા, આશિષભાઈ મહેતા,અમિતભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ મહેતા, જયેશભાઈ ગાંધી, દિપકભાઈ મહેતા, રસીકભાઈ વોરા, દિપેશભાઈ પારેખ, જયેન્દ્રભાઈ પારેખ, રોહિતભાઈ શાહ, દોલતભાઈ દોશી અને હિતભાઈ શેઠ જહેમત ઉઠાવી હતી.

# સરસ્વતી શિશુમંદિરમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ ૨૫૦થી વધુ અદભુત કૃતિ કરી રજુ






**અબતક, રાજકોટ**

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ રાજકોટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર કેમ્પસ મારૂતિનગર તથા રણછોડનગર સ્થિત સરસ્વતી શિશુમંદિરમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં સરસ્વતી વિદ્યાર્થીઓ દ્વારા ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ખગોળ વિજ્ઞાન, પર્યાવરણ, પ્રદૂષણ, ખેતી, સોલાર, આર્યુવેદ જેવા વિવિધ વિષય પર ૨૫૦થી વધુ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રજૂ કરેલી સોલાર સિસ્ટમ, જળચક્ર, પર્યાવરણ સંરક્ષણ, નવિનીકરણ ઊર્જા, પાણીની ઘનતા, રોબોટિક્સ પરની વિવિધ કૃતિઓને પ્રદર્શન નિહાળનાર સૌ કોઈએ બિરદાવી હતી. સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર અને ટ્રસ્ટી રક્ષિતભાઈ પટેલએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની પ્રયોગાત્મક કૃતિઓ વિશે સમજ મેળવી સૌ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. અંતે વિવિધ વિભાગોમાં શ્રેષ્ઠ પસંદગી પામેલ કૃતિ રજૂ કરનારા વિદ્યાર્થીઓને શિલ્ડ - સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પંચનાથ હોસ્પિટલના સેવાયજ્ઞમાં એક માસમાં ૧૩૧ દર્દીનારાયણની કરાય સેવા

## રાષ્ટ્રીય સંત નમ્રમુની મ.સા.નું આર્થીક યોગદાન દર્દીઓ માટે બન્યું આશિર્વાદરૂપ

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી પંચનાથ હોસ્પિટલમાં રાષ્ટ્રીય સંત નમ્રમૂની મહારાજ સાહેબના આર્થીક સહયોગથી એક મહિનામાં ૧૩૧ દર્દીઓને સેવા લાભ અપાયો હતો.

પંચનાથ હોસ્પિટલ દ્વારા આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે ફેબ્રુઆરી માસ દરમિયાન વિનામુલ્યે જનરલ વોર્ડ સેવાઓ સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી હતી. પ્રાયોગીક ધોરણે એક વર્ષ માટે આ વિનામુલ્યે જનરલ વોર્ડની સેવા સૌરાષ્ટ્ર કચ્છના જરૂરિયાતમંદ દર્દીઓને પ્રાપ્ત થશે. ફેબ્રુઆરી માસ દરમિયાન આપવામાં આવેલી આ માનવતાવાદી સેવા પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબના ઉદાર દાન અને આશીર્વાદથી શક્ય બની હતી.



તેમના કરુણાભર્યા સહયોગથી અનેક ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મોટી રાહત મળી. આ સહાયથી ઘણા દર્દીઓની આંખોમાં આનંદના આંસુ જોવા મળ્યા અને લાભાર્થી દર્દીઓએ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રત્યે હૃદયપૂર્વક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી.

ફેબ્રુઆરી માસ દરમિયાન કુલ ૧૩૧ દર્દીઓએ વિનામુલ્યે જનરલ વોર્ડ સેવાનો લાભ લીધો, જે આ પરોપકારી પહેલના સકારાત્મક અને વ્યાપક પ્રભાવને દર્શાવે છે. નમ્રમુનિ મહારાજ સાહેબે ચાલુ વર્ષના ફેબ્રુઆરી અને સપ્ટેમ્બર આ બે મહિના માટે વિનામૂલ્યે જનરલ વોર્ડ સેવાઓ આપવા માટે પોતાનો અવિરત સહયોગ અને આશીર્વાદ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

# સિદ્ધચક્ર મહામંડળ વિધાનમાં ભક્તિનો મહાસાગર

## મેયર નયનાબેન પેઢડિયાએ ગુરુ દર્શન કરી આશિર્વાદ મેળવ્યા, ગુરુદેવે પ્રેરણાદાયી પ્રવચનમાં ‘રાજકોટ’ નામનો ગૂઢાર્થ સમજાવી આત્મજ્ઞાન અને પરોપકારનો સંદેશ આપ્યો





**અબતક, રાજકોટ**

રાજકોટ નગરીમાં ચાલી રહેલા પાવન સિદ્ધચક્ર મહામંડળ વિધાનમાં આજે ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. નગરના પ્રથમ નાગરિક અને મેયર નયનાબેન પેઢડિયા ગુરુ દર્શનાર્થે પધાર્યા હતા અને સાધુ-સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ ગૌરવપૂર્ણ અવસરે સંઘના ટ્રસ્ટીઓ, સમાજના શ્રેષ્ઠીઓ તથા અમદાવાદ ચાતુર્માસના મુખ્ય આગેવાન સહિત રાજસ્થાન અને કાઠિયાવાડ પ્રદેશમાંથી આવેલા હજારો શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય ગુરુદેવે પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં ’રાજકોટ’ નામના ગૂઢાર્થ સમજાવતા કહ્યું કે, જેમ રાજા પોતાની રાજધાનીનું રક્ષણ કરે છે,

તેમ જીવ જ્યારે સમ્યકદર્શન પ્રાપ્ત કરે છે ત્યારે આત્માના અનંત ગુણોની સુરક્ષા થઈ જાય છે. ઉપાધિઓ તો ક્ષણભંગુર છે, સાચું સ્વરૂપ ચૈતન્યઘન આત્મા છે.

ગુરુદેવે કાઠિયાવાડ બાળશ્રમ ટ્રસ્ટ દ્વારા ચાલતા અનાથ બાળકોની સેવા, વિદ્યાલય સંચાલન તથા વૃદ્ધોની સેવા જેવા કાર્યોની પ્રશંસા કરી હતી. તેમણે આહ્વાન કર્યું હતું કે મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે, તેથી આત્મચિંતન અને પરોપકાર કરવો જોઈએ. ઉનાળામાં પક્ષીઓ માટે પાણી રાખવા અને ગૌસેવા કરવા સૌને પ્રેરણા આપી હતી.

મેયર સંબોધનમાં જણાવ્યું કે, દિગંબર સંતોના દર્શન કરીને તેમને ચારધામની યાત્રા પૂર્ણ થયાનો અનુભવ થયો છે. કઠોર તપશ્ચર્યા અને અહિંસાનું પાલન કરવું એ અનુસરણીય છે. આવા મહાન સંતોનું રાજકોટની ધરતી પર આગમન એ સમગ્ર શહેર માટે સૌભાગ્યની વાત છે.

# ફરીવાર નકલી પોલીસ સક્રિય: પ્રૌઢ પાસેથી ૩૦ હજાર પડાવ્યા, સંદીપ રામાવત ઝડપાયો

## એસ્ટ્રોન ચોક પાસે પ્રૌઢને અટકાવી પોલીસની ઓળખ આપી અલગ અલગ વિસ્તારમાં લઈ જઈ રૂપીયા પડાવ્યાં

**અબતક, રાજકોટ**

શહેરમાં ફરી એકવાર નકલી પોલિસે પ્રૌઢ પાસે નાણાં પડાવ્યાનો બનાવ સામે આવ્યો છે. પોલિસ બનીને પૈસા પડાવતો સંદીપ રામાવતે તેના સાગરીત સાથે મળી એસ્ટ્રોન ચોક પાસે પ્રૌઢને અટકાવી પોલીસની ઓળખ આપી અલગ અલગ વિસ્તારમાં લઈ જઈ ૩૦ હજાર પડાવી લીધા હતાં. જે અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે સંદીપને પકડી રૂ. ૩૦ હજારની રોકડ રિકવર કરી હતી જયારે દૂધસાગર રોડના અલ્તાફ મેમણની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે જામનગર રોડ પર આવેલ પરા પીપળીયા ગામે આવેલ એકતા સોસાયટીમાં શેરી નં.૦૫ માં રહેતાં જનાર્ધનભાઈ રામનરેશભાઈ સહાની (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સંદીપ નામનો શખ્સ અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છુટક કલરકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ તા.૨૫ ના બપોરના અઢીક વાગ્યાની આસપાસ તેઓ પોતાનું બાઈક લઈ વીરાણી ચોક પાસે આવેલ તેમના કામનુ સ્થળ વનદ્વારકા બિલ્ડીંગથી ઘરે જમવા માટે જતો હતો, ત્યારે ટાગોર રોડ એસ્ટ્રોન ચોક પાસે આવેલ વીરમણી સ્વીટ્સની દુકાન પાસે પોણા ત્રણેક વાગ્યાની આસપાસ રોડ ઉપર પહોંચેલ ત્યારે ફાકી ખાવા માટે બાઈક ઉભુ રાખેલ ત્યારે પાછળથી કોઈ અજાણ્યા બે શખ્સો એક એક્ટીવામાં ધસી આવી ફરીયાદી પાસે આવેલ અને કહેવા લાગેલ કે, અમે બન્ને પોલીસ છીએ, તુ પોલીસ સ્ટેશન ચાલ, જેથી તેઓએ અજાણ્યા બે માણસોને કહ્યું કે, મારો વાંક શું છે? તેમ કહેતા તેમાથી એક શખ્સે તેઓનો મોબાઈલ ફોન અને બાઈકની ચાવી કાઢી લઈ તેઓના બાઈકમાં જ પાછળ બેસાડીને તથા બીજો અજાણ્યો શખ્સ તેના એક્ટીવા લઈને ભક્તિનગર સ્ટેશન પ્લોટ શેરી નં-૯ ખાતે લઈ ગયેલ અને ત્યાં શેરીમાં બાઈક ઉભુ રાખી કહેવા લાગેલ કે ''તારા બેન્ક એકાઉન્ટમાથી મારા ખાતામાં ઓનલાઈન પૈસા ટ્રાન્ફર કરી આપ તો જ તને તારા ઘરે જવા દઈશ.



જેથી બંને અજાણ્યા શખ્સોને કહેલ કે, મને ઓનલાઈન પૈસા નાખતા નથી આવડતુ, તો તે બન્ને શખ્સોએ કહેલ કે, તો ચાલ પોલીસ સ્ટેશન એમ કહીને ત્યાંથી પંચવટી સોસાયટી તરફ ફરીયાદીને તેમના જ બાઈકમાં બેસાડીને લઈ ગયેલ અને રસ્તામાં ફોન આપીને કહેલ કે, તારા ઓળખીતાને ફોન કર અને તેની પાસેથી રોકડા રૂ.૩૦ હજારની વ્યવસ્થા કરી આપ અને તારા ઘરે ઈમરજન્સી પૈસાની જરૂર હોય જેથી રૂપિયા જોઈએ છે તેવુ કહેવા જણાવેલ હતું.

જેથી તેઓએ ઓળખીતા અંબારામભાઈને ફોન કરીને ૩૦ હજાર રૂપિયા ઉછીના માંગેલ તો તેણે હા પાડેલ અને તેમની રાજનગર ચોક પાસે આવેલ પટેલ પેઈન્ટ્સ નામની કલરની દુકાને બોલાવેલ જેથી આ બન્ને શખ્સોને કહેલ કે ''પૈસા લેવા માટે રાજનગર ચોક પાસે ઓળખીતા અંબારામભાઈની કલરની દુકાને જવુ પડશે, જેથી તેઓ બન્ને સાથે રાજનગર ચોક ખાતે આવેલ અને દુર ચોકમા ઉભા રહી તેઓને ઓળખીતાની દુકાનેથી પૈસા લેવા માટે મોકલેલ હતાં.

### એ ડિવિઝન પોલિસે સંદીપને પકડી ૩૦ હજારની રોકડ સહીત ૮૦ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો : દૂધસાગર રોડના અલ્તાફ મેમણની શોધખોળ

ફરીયાદી ઓળખીતાની દુકાને જઈને તેની પાસેથી રૂ.૩૦ હજાર ઉછીના લઈને આ અજાણ્યા શખ્સો પાસે જઈને તેમને આપેલ હતાં. ત્યારે એક શખ્સે બીજાને કહેલ કે, લે સંદિપ આ રૂપિયા, જેથી તે બે અજાણ્યા માણસોમાથી એકનું નામ સંદિપ હોવાનુ જાણવા મળેલ હતું.

બાદ તે અજાણ્યા માણસે બાઈકની ચાવી પરત આપેલ અને ત્યાંથી બાઈક લઈને જતુ રહેવા જણાવેલ હતું જેથી તેઓ રૈયા ટેલીફોન એક્સચેંજ પાસે આવેલ મિત્ર મનિષભાઈની શિતલ પેઈન્ટ્સ નામની દુકાને ગયેલ બાદ ત્યાથી ઘરે જતો રહેલ. જે બાદ ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરિયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી પોલીસની ઓળખ આપી પ્રૌઢને લૂંટી લેનાર શખ્સોની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણાની ટીમના હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસિયા, સાગરભાઈ માવદિયા અને કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખાને મળેલી બાતમીના આધારે હેમુ ગઢવી હોલ પાછળથી સંદીપ કિશોરભાઈ રામાવત (ઉવ ૨૬ રહે. દૂધસાગર રોડ, ગુજરાત હાઉસિંગ બોર્ડ આવાસ ક્વાર્ટર, બ્લોક નં.-૧૦૬, રાજકોટ)ની ધરપકડ કરી રૂ ૩૦ હજારની રોકડ અને એક્ટિવા સહીત રૂ. ૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે દૂધ સાગર રોડ પર જ રહેતા અલ્તાફ મેમણની શોધખોળ આદરી હતી. આ કામગીરી પીઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસિયા, કલ્પેશભાઈ બોરીચા, સાગરભાઈ માવદિયા, મહેશભાઈ ચાવડા, કરણભાઈ વિરસોડિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર દ્વારા કરવામાં આવી હતી.

# કામરેજ પોલીસના દારૂના ગુનામાં દોઢ વર્ષથી ફરાર બુટલેગર આશીફ ઉર્ફે ડોડો ઝડપાયો

## રાજકોટની પેરોલ ફર્લો સ્કોડે બામણબોર ચેકપોસ્ટ નજીકથી ચોટીલાના શખ્સને દબોચી સુરત ગ્રામ્ય પોલીસના હવાલે કર્યો

**અબતક, રાજકોટ**

સુરત ગ્રામ્ય પોલિસમાં નોંધાયેલ દારૂના ગુનામાં દોઢ વર્ષથી ફરાર બુટલેગરને પેરોલ ફર્લો સ્કોડની ટીમે બામણબોર ચેકપોસ્ટ નજીકથી દબોચી સુરત પોલિસના હવાલે કર્યો હતો.

નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે જી તેરૈયાની ટીમ આરોપીઓને પકડી પાડવા સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન હ્યુમન રિસોર્સમાંથી મળેલી હકીકતના આધારે સુરત ગ્રામ્ય કામરેજ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબિશનના ગુનામાં દોઢ વર્ષથી ફરાર આરોપી આસિફ ઉર્ફે ડોડો સુલતાનભાઈ કલાડીયા (ઉવ ૪૮ રહે ઘાંચિવાડ શેરી નં.-૩, ચોટીલા, સુરેન્દ્રનગર)ણે રાજકોટ-અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટ ખાતેથી પકડી સુરત પોલીસના હવાલે કર્યો હતો.



આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડના પીઆઇ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઇ જે જી તેરૈયા, એસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મૂળિયા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# જાળીયા ગામે વાડીમાં બકરા ચરાવવાની ના પાડનાર મામા-ભાણેજ પર હુમલો

## પશુપાલક પિતા-પુત્ર લાકડી વડે તૂટી પડ્યા, ખૂનની ધમકી આપી : કુવાડવા પોલિસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ જાળીયા ગામે વાડીમાં બકરા ચરાવવાની ના પાડનાર વાડી માલિક મામા-ભાણેજ ઉપર પશુપાલક પિતા-પુત્રએ લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં મોરબી રોડ જકાતનાકા પાસે સત્યમ બંગલોઝ શેરી નં.૧માં રહેતા વિવેક હરજીભાઈ રૈયાણી (ઉ.વ.૩૦)એ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જાળીયા ગામે રહેતા નારુ દેવીપૂજક અને તેના પુત્ર શૈલેષ દેવીપૂજકના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે સાંજે ફરિયાદી અને તેનો મિત્ર રાજેશ પીપળીયા જાળીયા ગામે આવેલી તેમની વાડીએ ગયા હતા. જયા બાજુમાં ફરિયાદીના મામા ધનજીભાઈ રામજીભાઈ કેરાડીયાની વાડી આવેલી હોય જેમાંથી ચણા ઉપાડી લીધા હતા અને પોપટા વીણવાના બાકી હતા. દરમ્યાન ગામમાં રહેતો નારુ દેવીપૂજક પૂછયા વગર વાડીમાં બકરા ચરાવતો હોય જેથી ફરિયાદીએ કોને પૂછીને ખેતરમાં બકરા ચરાવશ તેમ કહેતા તે ઝઘડો કરવા લાગ્યો હતો. દરમ્યાન ફરિયાદીના મામા ધનજીભાઈ પણ આવી ગયા હતા. એટલામાં આરોપીનો પુત્ર શૈલેષ પણ આવી જતા આરોપી પિતા-પુત્રએ ફરિયાદી અને તેના મામા ઉપર લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં ઘવાયેલા ફરિયાદી વિવેકને સારવાર માટે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે કુવાડવા રોડ પોલીસે હુમલો કરનાર પિતા-પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હિટ એન્ડ રનઃ સોખડા ચોકડી પાસે અજાણ્યા વાહનની ઠોકરે ઘવાયેલા કિશોરનું મોત

## ૧૭ વર્ષીય મયુર સાકરીયાએ ૧૨ દિવસની સારવાર બાદ હોસ્પિટલમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલી સોખડા ચોકડી પાસે ગત ૧૬ ફેબ્રુઆરીએ સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૭ વર્ષીય કિશોરનું ૧૨ દિવસની લાંબી સારવાર બાદ મોત નીપજ્યું છે. અજાણ્યા વાહનની ઠોકરે ચડેલા પુત્રના મોતથી સાકરીયા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સોખડા ગામે રહેતો મયુર પ્રવીણભાઈ સાકરીયા (ઉં.વ. ૧૭) ગત તારીખ ૧૬ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં સોખડા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન કોઈ પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહને તેને જોરદાર ઠોકર મારી હતી. અકસ્માતમાં મયુરને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ લોહીલુહાણ હાલતમાં મયુરને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં ૧૨ દિવસની લાંબી સારવાર બાદ મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં મૃતક મયુર તેના માતા-પિતાનો એકનો એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. જુવાનજોધ દીકરાના અકાળે અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાઈવે પરના સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ ઠોકર મારીને ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી રોડની પરિણીતા પર પતિની નજર સામે પાડોશી પરિવારનો હુમલો

## ઘર સામે એંઠવાડ નાખવા મામલે બોલાચાલી થયાનો ખાર રાખી લાકડી-ધારિયા વડે માર માર્યો : બે મહિલા સહીત ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

મોરબી રોડ પર રહેતી પરિણીતાને પાડોશી પરિવારે પતિની હાજરીમા લાકડી અને ધારિયા વડે માર માર્યો હતો. ઘર સામે એંઠવાડ નાખવા બાબતે બોલાચાલી થયાનો ખાર રાખી હુમલો કરાતા પરિણીતા લોહીલુહાણ થઈ ગઈ હતી. જે મામલે બી ડિવિઝન પોલિસેં ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે મોરબી રોડ પર જય જવાન જય કિશાન સોસાયટી પાસે ૨૫ વારીયા શેરી નં.-૫૪/૨ માં રહેતા ૩૫ વર્ષીય પરિણીતા વર્ષાબેન અમિતભાઈ સોલંકીએ આરોપી તરીકે રસીલાબેન જયેશભાઈ, શારદાબેન રમેશભાઈ, જયેશભાઈ રમેશભાઈ, રમેશભાઈનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં બે બાળકો છે, મારા પતિ સંત કબીર રોડ ખાતે ભગવતી ટ્રેલર નામની દુકાન ધરાવી સિલાઈ કામ કરે છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ હું તથા મારા પતિ અને બાળકો સાથે અમારા ઘરે હાજર હતા. દરમિયાન રાતના આશરે દસ વાગ્યે અમારી પાડોશમાં રહેતા રસીલાબેન વાસણ ધોઈ તેનો એંઠવાડ અમારા ઘર સામે આવેલ જાહેર ગટર પાસે નાખતા ગંદકી થયેલ હતી. જે બાબતે તેમણે અમારી સાથે ઝઘડો કર્યો હતો. તેના સાસુ શારદાબેન પણ ગાળો આપવા લાગેલ હતા. બાદ મારા પતિએ મને ઝઘડો કરવાની ના પાડેલ તેમજ પાડોશી હોવાના નાતે અમે આ બાબતે કોઈ ફરિયાદ કરેલ ન હતી.

જે બાદ અમે મોડી રાતના પોરબંદર જવા નીકળી ગયેલ અને બાદ તા.૨૭/૦૨/૨૬ ના રોજ રાતના આશરે નવેક વાગ્યે અમે પરત ઘરે આવેલ હતા. આ વખતે અમારા ઘર બહાર હતા ત્યારે શારદાબેન અગાઉ થયેલ બોલાચાલી અંગે ગાળો બોલવા લાગેલ હતા. દરમિયાન રસીલાબેન તથા તેનો પતિ જયેશ પણ ઘરની બહાર આવેલ હતા. જયેશએ લાકડી વડે મને માથામાં કપાળના ભાગે તથા ડાબા હાથે અને ડાબા પગના સાથળના ભાગે આડેધડ લાડકીના ઘા મારી દીધેલ હતા. દરમિયાન જયેશના પિતા રમેશભાઈ લોખંડનું ધારિયા લઈ ધસી આવી મને માથાના ભાગે ઊંધો ભાગ મારી દેતાં લોહી નીકળવા લાગેલ હતું. જેથી મારા પતિએ ૧૦૮ એમ્બયુલન્સમાં મને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી હતી. બનાવ અંગે પરિણીતાએ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ આપતાં બી ડિવિઝન પોલિસે બીએનએસની કલમ ૧૧૫(૨), ૨૯૬(બી), ૫૪ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

# મંચ્છાનગરની ૧૬ વર્ષીય સગીરા ભેદી રીતે લાપતા : પાડોશી શંકાના દાયરામાં

## પાડોશી સાથે ફોનમાં વાત કરતી દીકરીને ઠપકો આપતાં પરિજનો સાથે બોલવાનું પણ ઓછું કરી નાખ્યું'તું

**અબતક, રાજકોટ**

મંચ્છાનગરમાં રહેતા મૂળ બિહારના યુવકની ૧૬ વર્ષની દીકરી ઘરેથી કંઈ કહ્યા વગર વગર નીકળી ગઈ હોય બાદમાં તેનો કોઈ પતો ન લાગતા પરિવારે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પાડોશમાં રહેતો શખસ દીકરીને ભગાડી ગયાની શંકા દર્શાવી છે. પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે. મચ્છાનગરમાં રહેતા અને મૂળ બિહારના યુવકની ૧૬ વર્ષની દીકરી ગુમ થઈ જતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાવી જણાવ્યું હતું કે, ગત તા.૨૬/૦૨ ના રોજ સવારે આઠ વાગ્યા આસપાસ ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ ફોર્જિંગ ફોર કારખાનામાં મજૂરી કામે ગયો હતો ત્યારે દીકરી ઘરે એકલી હતી. બપોરના ત્રણ વાગ્યે આસપાસ ઘરની બાજુમાં રહેતા તેના સાળાનો ફોન આવ્યો કે, તમારી દીકરી બપોરે એક વાગ્યે મારી ઘરે આવી હતી. જે બાદ બે વાગ્યા આસપાસ તમારા ઘરે જવા નીકળી હતી પણ ઘરે જઈને જોતા ઘરમાં તાળું મારેલું હતું અને દીકરી ક્યાંય જોવા મળી ન હતી.'' આથી યુવક ઘરે આવી આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ દીકરીનો કોઈ પતો લાગ્યો ન હતો.આજથી આઠ મહિના પહેલા દીકરી તેને શેરીમાં ભાડાના મકાનમાં રહેતા મેહુલ ઉર્ફે ચિન્ટુ વિનુભાઈ કુંવરિયા સાથે ફોનમાં વાત કરતી હતી. જે બાબતે ઠપકો આપતા તેણીએ પરિવાર સાથે બોલવાનું ઓછું કરી દીધું હતું. જેથી આ મેહુલ દીકરીને ભગાડી ગયાની શંકા સાથે પરિવારે આ ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બેડી ચોકડી પાસે એલ્યુમિનિયમ ઓગાળવાની ભઠ્ઠીમાં બ્લાસ્ટ થતા શ્રમિકનું મોત

## કારખાનામાં કામ કરતી વખતે બ્લાસ્ટ થતા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી; હોસ્પિટલમાં સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના બેડી ચોકડી વિસ્તારમાં આવેલા એલ્યુમિનિયમ ઓગાળવાની ભઠ્ઠીમાં શનિવારે અચાનક થયેલા બ્લાસ્ટને કારણે અહીં કામ કરતાં ૪૫ વર્ષીય પ્રૌઢ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તને સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં તેઓએ સારવારમાં દમ તોડી દીધો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, બેડી ચોકડી પાસે આવેલા 'ગુરુદેવ સ્ક્રેપ' નામના કારખાનામાં શનિવારે સાંજે કામગીરી ચાલી રહી હતી. આ સમયે એલ્યુમિનિયમની ભઠ્ઠીમાં અચાનક જોરદાર ધડાકો થયો હતો. આ બ્લાસ્ટની ઝપેટમાં ત્યાં કામ કરી રહેલા શ્રમિક ગુડુ જેદીભાઈ નિષાદ (ઉં.વ. ૪૫) આવી ગયા હતા.બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે ગુડુભાઈને પેટના ભાગે અને શરીરના અન્ય અંગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, તેમની હાલત અત્યંત નાજુક હોવાથી ડોક્ટરોની મહેનત છતાં તેઓ જીવી શક્યા નહોતા અને સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મૃતક ગુડુભાઈ રાજકોટના માંડા ડુંગર વિસ્તારમાં રહેતા હતા. આ અચાનક બનેલી ઘટનાથી તેમના પરિવારમાં માતમ છવાઈ ગયો છે.


**જાહેર નોટીસ**

જન્મ-મરણ કેસ નં.૫/૨૦૨૬

શ્રી રાજુભાઈ કાળાભાઈ સાનાણી ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટાદડવા, તા.ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

**વિષય :-જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારની પુત્રી-ગીતાબેન રાજુભાઈ સાનાણીનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ ના રોજ મોટાદડવા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, 'તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આજે ના.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

શોર્ટ ટાઈમ રિ-ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

જાહેરાત ક્ર.-૩૧/૨૦૨૫-૨૬

રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Construction of new Furnace laboratory in Physics Department at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૩૦,૦૬,૨૭૭/- | |
| કામની સમયમર્યાદા | ૧.૫ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૩૦,૦૬૩/- | |
| ટેન્ડર ફી | રૂ.૧,૭૭૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૬/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોક્ત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોક્ત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ-૧૮૮૬-૨૫-૨૬ કુલસચિવ



**FORM IV**

**(See Rule 8)**

Statement about ownership and other particulars about Newspaper "**ABATAK**" to be published in the first issue every year after the last day of February.

1. Place of Publication : Arham Publication, Rastriya Shala Road, Rajkot
2. Periodicity of its Publication : Evening Daily
3. Printer's Name : Mr.Satishkumar Shantilal Mehta
   Nationality: Indian
   Address : Arham Publication,
   Rashtriya Shala Road, Rajkot - 360001
4. Publisher's Name : Mr.Satishkumar Shantilal Mehta
   Nationality: Indian
   Address : Arham Publication,
   Rashtriya Shala Road, Rajkot. - 360001
5. Editor's Name : Mr.Satishkumar Shantilal Mehta
   Nationality : Indian.
   Address : Arham Publication,
   Rashtriya Shala Road, Rajkot. - 360001
6. List of Shareholders holding more than 1% of total paid up capital of the company
   1. Mr.Satishkumar Shantilal Mehta ('Sanyog', 8-Geet gurjari society, Airport Road, Rajkot - 360007)
   2. Mr.Devansh Satishkumar Mehta ('Sanyog', 8-Geet gurjari society, Airport Road, Rajkot - 360007)
   3. Mr.Yogeshkumar Shantilal Mehta ('Sanyog', 8-Geet gurjari society, Airport Road, Rajkot - 360007)

I, Mr.Satishkumar Shantilal Mehta hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Satishkumar Shantilal Mehta**
**Publisher**

**Date: 02/3/2026**

તંત્રી લેખ

# બારૂદના ઢગલા પર બેઠેલું વિશ્વ યુદ્ધથી માનવતા સામે સંકટ

આજકાલ આખું વિશ્વ જાણે બારુદના ઢગલા પર બેઠું હોય તેવી ભયજનક સ્થિતિ નિર્માણ પામી છે. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હજુ શાંત નથી પડ્યું, ત્યાં મધ્ય પૂર્વમાં અશાંતિની આગ ભડકી ઉઠી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શરૂ થયેલો સંઘર્ષ હવે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સીધા અને ભયાનક યુદ્ધમાં ફેરવાઈ ગયો છે. આ માત્ર બે-ચાર દેશો વચ્ચેની લડાઈ નથી, પરંતુ સમગ્ર વિશ્વની શાંતિ, સુરક્ષા અને અર્થવ્યવસ્થાને ડહોળી નાખનારી ગંભીર ઘટના છે.

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે દાયકાઓથી ચાલતું પરોક્ષ યુદ્ધ હવે પ્રત્યક્ષ બની ગયું છે. બંને દેશો અત્યાધુનિક શસ્ત્રો, ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોથી સજ્જ છે. જ્યારે આવા શક્તિશાળી દેશો સીધી લડાઈમાં ઉતરે છે, ત્યારે તેની અસર માત્ર તેમની સરહદો પૂરતી સીમિત રહેતી નથી. મધ્ય પૂર્વના અન્ય દેશો અને વૈશ્વિક મહાસત્તાઓ પણ તેમાં ખેંચાઈ રહી છે, જે વિશ્વને બે જૂથોમાં વહેંચી રહી છે. આ પરિસ્થિતિ સ્પષ્ટપણે દર્શાવે છે કે આજના સમયમાં વિશ્વ શાંતિ જાળવવામાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને વૈશ્વિક કૂટનીતિ કેટલી નિષ્ફળ સાબિત થઈ રહી છે.

યુદ્ધ ભલે આપણાથી હજારો કિલોમીટર દૂર લડાતું હોય, પરંતુ તેની સીધી અસર સામાન્ય માણસના રસોડા અને ખિસ્સા પર પડે છે. મધ્ય પૂર્વમાં અશાંતિનો સીધો અર્થ છે ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો. વિશ્વનો મોટો હિસ્સો પોતાના ઈંધણ માટે આ વિસ્તાર પર નિર્ભર છે. જો આ યુદ્ધ લાંબુ ચાલશે અથવા તેલના પુરવઠાના માર્ગોમાં વિક્ષેપ પડશે, તો પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી શકે છે. આનાથી મોંઘવારીનો નવો રાઉન્ડ શરૂ થશે અને સપ્લાય ચેન ખોરવાતા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં પણ ઉછાળો આવશે.


આ વૈશ્વિક અશાંતિની સૌથી માઠી અસર આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને સ્થાનિક ઉદ્યોગો પર પડી રહી છે. ગુજરાતના ઔદ્યોગિક હબ, ખાસ કરીને મોરબી જેવા સિરામિક અને અન્ય ઉત્પાદનોની નિકાસ કરતા ક્ષેત્રો માટે લાલ સમુદ્ર (Red Sea) અને મધ્ય પૂર્વના અશાંત માર્ગો મોટો પડકાર બની ગયા છે. યુદ્ધને કારણે સપ્લાય ચેન ખોરવાઈ છે, કન્ટેનરના માલભાડામાં તોતિંગ વધારો ઝીંકાયો છે અને વિદેશી બજારોમાં શંકાના વાદળો ઘેરાયા છે. જો નિકાસને લાંબા ગાળે અસર પહોંચશે તો સ્થાનિક રોજગારી અને ઉદ્યોગોના વિકાસ પર મોટું સંકટ ઊભું થશે.

બીજી તરફ, આ ભૌગોલિક-રાજકીય તણાવ શેરબજારો અને નાણાકીય બજારોમાં પણ ભારે ઉથલપાથલ સર્જી રહ્યો છે. નિફ્ટી અને સેન્સેક્સ સહિતના વૈશ્વિક સૂચકાંકોમાં અનિશ્ચિતતાનો માહોલ છે. જ્યારે પણ કોઈ મિસાઈલ હુમલા કે યુદ્ધની નવી ખાઈ ખોદાય છે, ત્યારે રોકાણકારોમાં ગભરાટ ફેલાય છે અને બજારમાં કડાકો જોવા મળે છે. વિદેશી રોકાણકારો સુરક્ષિત વિકલ્પો તરફ વળતા હોવાથી ભારતીય રૂપિયા પર દબાણ વધે છે, જે આડકતરી રીતે દેશના આર્થિક તંત્રને નુકસાન પહોંચાડે છે અને વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડો થવાની ભીતિ રહે છે.

આવા કપરા સમયે, ભારતની કૂટનીતિક ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકર દ્વારા વારંવાર સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ યુગ યુદ્ધનો નથી. ભારતે હંમેશા આતંકવાદનો વિરોધ કરવાની સાથે સાથે બંને પક્ષોને સંવાદના મેજ પર લાવવાની હિમાયત કરી છે. વિશ્વમિત્ર તરીકે ઉભરી રહેલા ભારતે પોતાના આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે ક્રૂડ ઓઈલના વૈકલ્પિક સ્રોતો અને સુરક્ષિત વ્યાપાર માર્ગો શોધવા જ પડશે.

આજે વિશ્વને વિનાશક શસ્ત્રોની નહિ, પરંતુ સાર્થક સંવાદની જરૂર છે. ઈતિહાસ સાક્ષી છે કે યુદ્ધથી ક્યારેય કોઈ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી, માત્ર લાશોના ઢગલા અને આર્થિક પાયમાલી જ સર્જાયા છે. વૈશ્વિક આગેવાનોએ રાજકીય અને ભૌગોલિક અહંકાર બાજુ પર મૂકીને તાત્કાલિક શાંતિ વાટાઘાટો શરૂ કરવી પડશે. જો અત્યારે આ યુદ્ધોને રોકવામાં નહીં આવે, તો ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવનાને નકારી શકાય નહીં.

# સાંદીપનિ હરિ મંદિરે બુધવારે ફુલડોલ ઉત્સવ ઉજવાશે




**અબતક, રાજકોટ**

સાંદીપનિ શ્રીહરિ મંદિરમાં ચંદ્રગ્રહણના લીધે ચોથી માર્ચે બુધવારે ધૂળેટી પર્વ-ફૂલડોલ ઉત્સવ ઉજવાશે. પોરબંદરમાં સાંદીપનિ વિદ્યાનિકેતન, શ્રીહરિ મંદિરમાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પાવન સાન્નિધ્યમાં આયોજિત હોળી-ધૂળેટીના ઉત્સવના આયોજનમાં ચંદ્રગ્રહણના લીધે ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં તા.૨/૩/૨૦૨૬, સોમવારે હોળી ઉત્સવ યથાવત રહેશે. તા. ૩/૩/૨૦૨૬ મંગળવારના રોજ ચંદ્રગ્રહણના લીધે શ્રીહરિ મંદિરમાં દર્શન બંધ રહેશે તથા તા.૪/૩/૨૦૨૬, બુધવારના રોજ ધૂળેટીનું રંગોત્સવ પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. શ્રીહરિ મંદિરમાં ચંદ ફાગણ સુદ પૂનમ સોમવારના રોજ સાંજે ૬:૦૦ વાગ્યેથી ઠાકુરજી સન્મુખ વૃંદાવનથી આવેલ ખાસ રસિયા મંડળી દ્વારા હોળીના રસિયાનું ગાયન કરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૬:૩૦ થી ૭:૦૦ દરમ્યાન શ્રીહરિ મંદિરમાં બિરાજિત ઉત્સવસ્વરૂપ સર્વે દેવી-દેવતાઓના વિગ્રહોની સાથે પૂજ્ય ભાઈશ્રીની ઉપસ્થિતિમાં અબીલ, ગુલાલથી રંગોત્સવ સંપન્ન થશે. ૭:૦૦ વાગ્યે સાયં આરતી સંપન્ન થશે અને સંધ્યા આરતી બાદ સાંદીપનિ પરિસરમાં વિધિવત સંકલ્પપૂર્વક હોલિકાદહન થશે.

તા.૩/૩/૨૦૨૬, મંગળવારે ખગ્રાસ ચંદ્રગ્રહણના કારણે શ્રીહરિ મંદિરમાં સંપૂર્ણ દિવસ દર્શન બંધ રહેશે. ચંદ્રગ્રહણ સમયે સાંજે ૫થી ૮ દરમિયાન પૂજ્ય ભાઈશ્રીની પાવન ઉપસ્થિતિમાં શ્રીહરિની બગીચીમાં શ્રીહરિનામ સંકીર્તન થશે. તા. ૦૪-૦૩-૨૦૨૬,બુધવારના રોજ ધુળેટી પર્વના દિવસે સવારે ૯:૦૦ વાગ્યેથી વૃંદાવનની રસિયા મંડળી દ્વારા રસિયા ગાનથી ફૂલડોલ ઉત્સવ ઉજવણીનો પ્રારંભ થશે. જેમાં ૯:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન શ્રીહરિ મંદિરમાં બિરાજમાન સર્વે દેવી-દેવતાઓ સાથે પૂજ્ય ભાઈશ્રી વિવિધ રંગોથી હોળી રમશે. ત્યારબાદ સાંદીપનિમાં હોળી-ધૂળેટી ઉત્સવ નિમિત્તે પધારેલા મહેમાનો અને દર્શનાર્થીઓ સાથે પૂજ્ય ભાઈશ્રી હોળી રમશે. દર્શનનો લાભ લેવા માટે સાંદીપનિ, શ્રીહરિ મંદિર નિમંત્રણ પાઠવે છે.

# સાળંગપુર ધામમાં કષ્ટભંજન દાદાને વર્કવાળા વાઘા-ફૂલોનો મનમોહક શણગાર





**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ને સોમવારના રોજ હોળી નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા તથા ગુલાબના ફુલો અને રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર કરાયો હતો. દાદાને વૃન્દાવનમા તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા તથા દાદાના સિંહાસને ગુલાબનાં ફુલોનો સાથે રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.દાદાને રંગો અને પીચકારીઓ ધરાવવામાં આવી હતી. તેમજ મંદિર તથા પરિસરમાં રંગબેરંગી ફૂલો અને કાપડનો ઉપયોગ કરી વિશેષ શુશોભન કરવામાં આવ્યું છે.

હોળી-ધુળેટી પર્વ નિમિત્તે ૩ માર્ચે ૨૦૨૬ એટલે કે, પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે.રંગોત્સવની પૂર્વ તૈયારીઓ અંતર્ગત અનેક ભક્તો સેવામાં જોડાયેલ છે.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે

# કણસાગરા કોલેજ ખાતે નિબંધ, વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને સન્માનીત કરાયા



**અબતક, રાજકોટ**

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત કાર્યરત મેરા યુવા ભારત યોજના હેઠળ કણસાગરા કોલેજ ખાતે ‘‘વિજ્ઞાન દિવસ‘‘ નિમિત્તે વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ, નવીનતા અને સંશોધન ભાવના વિકસે તે હેતુસર નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા કાર્યક્રમનું આયોજન જિલ્લા યુવા અધિકારી શ્રી સ્વરૂપ દેશભરથાર સાહેબ તથા માય ભારતના રાજેશભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી રમાબેન હેરભા જિલ્લા ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળ, કોલેજના પ્રિન્સિપાલ સ્નેહલ કોટક અને રાજેન્દ્રભાઈ સેજલીયા, દિવ્યાબેન ગૌસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

રક્ષાબેન બોળીયાએ ‘સોશિયલ મીડિયા ની ગંભીરતા’ વિષય પર જણાવ્યું કે આજના ડિજિટલ યુગમાં માહિતીનો યોગ્ય અને જવાબદાર ઉપયોગ અત્યંત આવશ્યક છે.

ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના મેમ્બર અને ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય રમાબેન હેરભાએ જણાવ્યું કે ધર્મ અને વિજ્ઞાન બન્ને સાથે હોય ત્યારે જ સાચી શોધ અને સંશોધન શક્ય બને છે,

ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે વિજેતા સ્પર્ધકોને શિલ્ડ તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. નિબંધના નિર્ણાયક જજ તરીકે મીરાબેન ત્રિવેદીએ સેવા આપી હતી. ગુજરાતમાં ત્રીજા નમ્બરે આવનાર ખુશી ગોહેલે તેના પરફોર્મન્સના અનુભવો વર્ણવ્યા હતા.

સંચાલન રેણુકાબેન ચાવડા આભારવિધિ નેહા મેડમે કરી હતી.

# પૂર્વ મુખ્યમંત્રી-દિવંગત વિજયભાઈના પુત્ર ઋષભ રૂપાણી અમદાવાદ કોર્પોરેશનની સ્માર્ટ સ્કુલથી પ્રભાવીત

## સ્માર્ટ શાળામાં પુસ્તીકાના નંદાલયનો મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયો શુભારંભ





**અબતક, રાજકોટ**

ગુજરાત ના પુર્વ મુખ્યમંત્રી દીવંગત વિજય ભાઈ રૂપાણી ના પુત્ર ઋષભ રૂપાણી એ અમદાવાદ જોધપુર ખાતે કોર્પોરેશનના સ્માર્ટ સ્કૂલની મુલાકાત લીધી હતી. સરકારી સ્કુલનું પ્રેક્ટિકલ નોલેજ માટેના સાધનો જોઈ આનંદ વ્યક્ત કર્યો જોધપુર શાળા નંબર ૧ ખાતે નવી લાઈબ્રેરી ‘‘પુસ્તકાનંદાલય‘‘ નો શુભારંભ ગાંધીનગર સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત ભાઈ શાહ પ્રેરણાના અનેક વિધ પ્રકલ્પો નાગરિકોના જીવનમાં બદલાવ લાવવા માટે કાર્યરત છે આ લાઈબ્રેરી પણ એજ દિશામાં આગે કદમ છે પુસ્તક એ પ્રત્યેકના જીવન સાથે જોડાયેલા અભિન્ન અંગ સમાન છે. વાંચન એ માત્ર શબ્દ ભંડોળ નહીં પરંતુ નવા વિચારોનું સ્ફુરણ કરી જીવનને ગતિમાન રાખતું મહત્વનું પરિબળ છે.

સાથે મેયર પ્રતિભાબેન જૈન, પૂર્વ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ, શહેર મહામંત્રી દર્શક ઠાકર તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન ડો સુજય મેહતા, વાઈસ ચેરમેન વિપુલભાઈ સેવક, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી, કાઉન્સિલરઓ,પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હોળી- ધુળેટી પર્વની શુભકામના પાઠવતું જીલ્લા ભાજપ



**અબતક, રાજકોટ**

હોળી અને ધુળેટીના પાવન પર્વ નિમિત્તે રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા દ્વારા રાજકોટ જીલ્લાના સૌ પ્રજાજનો તથા તમામ કાર્યકર્તાઓને ખુબ-ખુબ હાર્દિક શુભકામનાઓ સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. રંગોનો આ ઉત્સવ સૌના જીવનમાં સુખશાંતિસમૃદ્ધિ અને અપાર ખુશીઓ લાવે. પ્રેમભાઈચારો અને મૈત્રીના રંગો સાથે આ તહેવાર માણો. સૌનું જીવન આ રંગોની જેમ સદા રંગીન રહે તેવી શુભકામનાઓ સાથ સૌને હેપ્પી હોળી, હેપ્પી ધૂળેટી. ‘‘હોળીના પાવન અવસરે ઈશ્વર પ્રાર્થના કે આપના જીવનમાંથી તમામ દુઃખ અને દર્દ દૂર થાય અને જીવન ખુશીઓથી ભરાઈ જાય.‘‘, ‘‘રંગોની ખુશીગુલાલની મહેક અને તમારો પ્રેમ... મુબારક હો તમને હોળીનો આ પવિત્ર તહેવાર!‘‘ , ‘‘પીળો લાલ લીલો કે ગુલાબી... રંગોની જેમ તમારા જીવનમાં પણ ખુશીઓનો રંગ કાયમ રહે. હેપ્પી ધુળેટી!‘‘, ‘‘ફાગણનો આ પવન લાવે પ્રેમનો સંદેશમુબારક હો તમને આ રંગીન તહેવાર.‘‘, ‘‘ચાલો હોલિકા દહન સાથે મનની ઈર્ષ્યા અને દ્વેષને પણ બાળી દઈએ અને ભાઈચારાની નવી શરૂઆત કરીએ. હોળી અને ધૂળેટીની હાર્દિક શુભકામના.

# પ્રદેશ યુવા ભાજપ મોરચાના નવનિયુક્ત પદાધિકારીઓનું કરાયું સન્માન

## મહામંત્રી ડો. દેવાંગી મૈયડ, મંત્રી જય શાહને આગેવાનોએ ફુલડે વધાવ્યાં



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ યુવા ભાજપ મોરચામાં રાજકોટના વોર્ડ નં. ૮ ના ડો. દેવાંગીબેન મૈયડની પ્રદેશ યુવા ભાજપ મહામંત્રી તરીકે અને વોર્ડ નં. ૮ ના જયભાઈ શાહની પ્રદેશ યુવા ભાજપ મોરચાના મંત્રી તરીકે વરણી થતાં રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખઓ મહેશભાઈ પીપળીયા, સોમાભાઈ ભાલીયા, શહેર મંત્રી કિશન ટીલવા, યુવા મોરચા પ્રમુખ મીલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુભાઈ રાજયગુરૂ, મહિલા મોરચા પૂર્વ પ્રમુખ કિરણબેન માકડીયા, પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ ભોરણીયા સહિત રાજકોટ શહેર યુવા મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહી નવનિયુકત પ્રદેશ યુવા ભાજપ મહામંત્રી ડો. દેવાંગીબેન અને મંત્રી તરીકે જયભાઈ શાહનું બુકે અને પુસ્તક દ્વારા સન્માન કરી અભિનંદન પાઠવેલ હતા.

આ તકે રાજકોટ શહેર સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની , રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ પ્રદેશ મંત્રી બિનાબેન આચાર્ય ધારાસભ્યઓ ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ,ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, કમલેશભાઈ મીરાણી, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, કિશોરભાઈ રાઠોડ સહિતનાઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# રણછોડદાસજીબાપુ આશ્રમે ચંદ્ર ગ્રહણ નિમિતે મંદિરનાં દર્શનમાં ફેરફાર

**અબતક, રાજકોટ**

સદગુરુ સદન ટ્રસ્ટ રણછોડદાસજીબાપુ આશ્રમે તા. ૩-૩ ને મંગળવારના રોજ ચંદ્ર ગ્રહણ નીમીતે મંદિર દર્શન સમયમાં નિજ મંદિર તા. ૩-૩ મંગળવારનજા રોજ સવારે ૭ કલાકે થી સાંજના ૭ વાગ્યા સુધી બંધ રહેશે.

# સાહિત્ય સેતુ આયોજિત પુસ્તક પરબના ૫૪માં મણકાને વાંચન પ્રેમીઓએ હોંશે હોંશે વધાવ્યો

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત પ્રવૃતિને વેગ મળે, શહેરીજનો વાંચતા થાય તે માટે ૨જી ઓક્ટોબર ૨૦૨૧ ગાંધી જયંતિના પવિત્ર દિવસે શરૂ કરવામાં આવેલ સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો ૫૪મો મણકો તારીખ ૧ માર્ચ રવિવારના રોજ કાલાવડ રોડ પર આવેલ કોટેચા ગર્લ્સ સ્કૂલમાં વાંચકો, ભાવકો, સર્જકો તેમજ પ્રબુધ્ધ નાગરિકોના બહોળા સમુદાયની ઉપસ્થિતિમાં ખુબ જ ઉમળકાભેર સંપન્ન થયેલ.

પુસ્તક પરબમાં વાંચનપ્રેમીઓ માટે ધાર્મિક આધ્યાત્મિક ચિંતનાત્મક ઐતિહાસિક વિજ્ઞાન પ્રવાસ સહિતના વિષયના પુસ્તકો રાખવામાં આવે છે. જેમાંથી વાંચકો પોતાને મનગમતા પુસ્તકો કોઈ પ્રકારની ડિપોઝિટ સભ્ય ફી લવાજમ વગર લઈ જાય છે.

પુસ્તક પરબના ૫૪મા મણકામાં ભારત વિકાસ પરિષદના સાહિત્યમર્મી આર.પી.જોશી, પત્રકાર અનિલ દાસાણી, કવિ સંજુ વાળા, મહેન્દ્ર જોશી, હર્ષદ દવે, નગીનભાઈ દવે સહિતના સ્વજનો પુસ્તક પરબની મુલાકાતે પધારેલ અને પ્રવૃતિને બિરદાવેલ.

રાજકોટ નગરના પુસ્તકપ્રેમીઓ, વાંચકો, સાહિત્યપ્રેમીઓ સૌ કોઈને દર મહિનાના પહેલા રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધીમાં અનુકૂળતાએ પધારવાનું લાગણીસભર નિમંત્રણ છે.

સમગ્ર પુસ્તક પરબના આયોજનની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, સુધીર દત્તા, ઉપમન્યુ રાવલ, દિનેશભાઈ ગોવાની, દીપકભાઈ ત્રિવેદી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, જીતુભાઈ હરખાણી, અનિલ ધોળકીયા, મહેશ પરમાર સહિતના કાર્યકર્તાઓ કાર્યરત રહેલ. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી પૂછપરછ માટે સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬નો સંપર્ક કરવો.

# આર્ય સમાજ દ્વારા મવડી વિસ્તારમાં વૈદિક રીતરિવાજો સાથે વૈદિક હોળીની પ્રગટાવાશે

**અબતક, રાજકોટ**

મવડી વિસ્તારમાં સિધ્ધિ વિનાયક ગણેશ મંદિર ખાતે આજે વૈદિક કોળી સાથે ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વૈદિક હોળી (હવન) સાંજે ૪ થીપ ભજન પ્રવચન ૫ થી ૬ અને કાર્યક્રમના અંતે પ્રસાદ આપવામાં આવશે. નિમંત્રક પ્રમુખ નટવરસિંહ પરમાર, ઉપપ્રમુખ ભરતભાઈ આડેસરા, કોષાધ્યક્ષ વલ્લભભાઈ પિપરીયા, મંત્રી વિજયભાઈ બોરીચા, સહમંત્રી મૌલિકભાઈ ડોડીયાએ શહેરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ‘હોળી-ધૂળેટી’ના પાવન પર્વની પદાધિકારીઓએ પાઠવી શુભકામના



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનાં પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેરીજનોને હોળી-ધૂળેટીના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા જણાવે છે કે, હોળીને રંગોનો તહેવાર ‘દોલયાત્રા’ કે ‘વસંતોત્સવ’ તરીકે ઓળખવામાં આવે છે.

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, લીલુબેન જાદવ, મનિષભાઈ રાડીયા, શહેરીજનોને ‘હોળી-ધૂળેટી’નું આ પાવન પર્વ, કેમિકલયુક્ત કલરને બદલે અબીલ-ગુલાલ, કુદરતી રંગો-સ્વદેશી રંગો, અને ફૂલોનો ઉપયોગ કરી, કચરો કચરાપેટીમા નાખી, પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરી, હર્ષો-ઉલ્લાસ સાથે ઉમંગભેર ઉજવે તેવી અપીલ સહ ‘હોળી-ધૂળેટી’ના પાવન પર્વ ખુબ ખુબ શુભેચ્છા પાઠવે છે.

# સ્વ શ્રી લક્ષ્મીબેન શાંતિલાલ વાઘેલા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા કરાઓકે ફિલ્મ ગીતનો જલસો

## વિના મૂલ્ય ગીત સંગીતના કાર્યક્રમ માં મળનાર અનુદાન સેવા કાજે વપરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સમાજ સેવા માટે જાણીતી સ્વ શ્રી લક્ષ્મીબેન શાંતિલાલ વાઘેલા ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ ને મદદરૂપ થવા ઓકે ફિલ્મી ગીત કાર્યક્રમનું પાંચ માર્ચ ગુરુવારે ઈવિનિંગપોસ્ટ ચૌધરી હાઈસ્કુલ પાસે સાંજે પાંચ થી નવ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

સ્વ શ્રી લક્ષ્મીબેન શાંતિલાલ વાઘેલા ચેરીટેબલ ટ્રસ્ટના ખુશાલભાઈ શાંતિલાલ વાઘેલા ની આગેવાનીમાં આયોજિત ગીત સંગીતના કાર્યક્રમ માં ઉપસ્થિત સામાજિક રાજકીય આગેવાનો દ્વારા અપાનારા આર્થિક યોગદાન ની રાશી જરૂરિયાત મંદો માટે વાપરવામાં આવશે, સંસ્થા દ્વારા સદાવ્રત અંતિમ ક્રિયા ની ચીજ વસ્તુઓ, જુનાગઢ લીલી પરિક્રમા, શિવરાત્રીના મેળામાં એમ્બ્યુલન્સ સહિતની સેવા આપનાર સંસ્થા રજીસ્ટર ટ્રસ્ટ તરીકે સંચાલિત છે આ સેવા યજ્ઞમાં સહભાગી થવા સમાજના આગેવાનોને અનુરોધ કરાયો છે.


# કુવૈતમાં અમેરિકાનું એફ-૧૫ ફાઈટર જેટ તોડી પડાયું?: ઈરાને વીડિયો શેર કર્યા

## અમેરિકાના એક કે બે નહીં પણ ઘણાં ફાઈટર જેટ તોડી પાડવામાં આવ્યા હોવાનું કુવૈતે સ્વીકાર્યું: ઈરાને વળતા પ્રહારમાં કુવૈત અને બહેરીન જેવા દેશોમાં અમેરિકી સૈન્ય ઠિકાણાઓને નિશાન બનાવ્યા

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં તાજેતરના ઘટનાક્રમમાં ખૂબ જ તીવ્ર તણાવ વધ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતોલ્લાહ અલી ખમેનેઈની હત્યા થઈ હતી, જેના પછી ઈરાને વિનાશક પ્રતિકાર કર્યો છે. હવે કુવૈતમાં અમેરિકન એરફોર્સનું એક એફ-૧૫ ફાઈટર જેટ ક્રેશ થયું હોવાના અહેવાલો સામે આવ્યા છે.

ઈરાનની સ્ટેટ-રન એજન્સીએ દાવો કર્યો છે કે સ્થાનિક સ્ત્રોતોના હવાલાથી



કુવૈતના આકાશમાં અમેરિકન એફ-૧૫ ફાઈટર જેટને તેમના એર ડિફેન્સ દ્વારા ગોળી મારી પાડવામાં આવી છે. તેમણે એક વીડિયો ક્લિપ શેર કરી છે જેમાં જેટને આગની લપેટમાં ઘેરાયેલું અને તેના પાઈલટ તેમજ વેપન સિસ્ટમ ઓફિસર ઈજેક્ટ થઈને પેરાશૂટથી નીચે ઉતરતા જોવા મળે છે.

આ ઘટના ઈરાન-અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના ચાલુ યુદ્ધના ત્રીજા દિવસે બની છે. અમેરિકા અને ઈઝરાયેલે ઓપરેશન એપિક ફ્યુરી (અમેરિકા) અને ઓપરેશન રોરિંગ લાયન (ઈઝરાયેલ) હેઠળ ઈરાન પર વ્યાપક હુમલા કર્યા હતા, જેમાં ખમેનેઈ સહિત અનેક ટોચના અધિકારીઓ માર્યા ગયા હતા. આ પછી ઈરાને ગલ્ફ વિસ્તારમાં અમેરિકન અને સંબંધિત લક્ષ્યો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે, જેમાં દુબઈ, દોહા, અબુ ધાબી, બહેરીન, કુવૈત અને અન્ય સ્થળોએ વિસ્ફોટોના અહેવાલો છે.

કુવૈત આર્મીએ જણાવ્યું છે કે તેમની એર ડિફેન્સ ફોર્સે સવારે અનેક હોસ્ટાઈલ એરિયલ ટાર્ગેટ્સને નિષ્ફળ બનાવ્યા છે અને કોઈ જાનહાનિ નથી થઈ. પરંતુ તાજેતરમાં કુવૈત ડિફેન્સ મિનિસ્ટ્રીએ કહ્યું છે કે સેવરલ અમેરિકન મિલિટરી એરક્રાફ્ટ ક્રેશ થયા છે અને તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે, તેમને મેડિકલ કેર આપવામાં આવી રહી છે.વીડિયો અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફૂટેજમાં એફ-૧૫ સ્ટ્રાઈક ઈગલ જેવું જેટ આગ લાગેલું અને સ્પિરલમાં નીચે પડતું જોવા મળે છે.

### ઈઝરાયેલના શહેર ખાલી કરોના આદેશ બાદ બેરૂતમાં નાસભાગ મચી

ઈરાન સમર્થક હિઝબુલ્લાહ સંગઠન પણ હવે આ યુદ્ધમાં ખુલીને સામે આવી જતાં ઈઝરાયલ પર બેફામ હુમલા કરી રહ્યું છે. તેના બાદથી ઈઝરાયલે પણ હિઝબુલ્લાહને ટારગેટ કરતાં વળતો પ્રહાર કર્યો છે. આ દરમિયાન ઈઝરાયલ તરફથી લેબેનોનમાં બેરુત શહેરને ખાલી કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો હતો જેથી નાગરિકોની જાનહાનિ ટાળી શકાય. ઈઝરાયલના આદેશને પગલે બેરુતમાં નાસભાગ જેવી અફરાતફરી સર્જાઈ હતી અને ભયાનક ટ્રાફિક જામીના દૃશ્યો સર્જાયા હતા.

# ધુળેટીએ જાહેરમાં કલર ઉડાડનાર સામે કાર્યવાહી થશે: જાહેરનામું પ્રસિદ્ધ

## જાહેર રસ્તા ઉપર કલર ઉડાડવા, ફુગ્ગા ના ઘા કરવા કે તૈલી પદાર્થનો રાહદારીઓ ઉપર ઘા કરવા ઉપર પ્રતિબંધ મૂકાયો

**અબતક, રાજકોટ**

હોળી એ ઉત્સાહ અને ઉજવણીનો તહેવાર છે. આ તહેવારે આખો દેશ રંગોથી રંગાતું હોય છે. ત્યારે ઉજવણી જ્યારે મર્યાદા વટાવી જાય ત્યારે રંગમાં ભંગ પડતો હોય છે. ત્યારે આવું જ કંઈક ન થાય તે માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ, શહેરમાં હોળીના તહેવાર પર કેટલાક પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે.

જે મુજબ, જાહેર રસ્તા ઉપર કલર ઉડાડવા, ફુગ્ગા ના ઘા કરવા કે તૈલી પદાર્થનો રાહદારીઓ ઉપર ઘા કરવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે. સાથે જ રંગોના તહેવારમાં મહિલાઓ, બાળકો અને રાહદારીઓ ઉપર કલરના કે પાણીના ભરેલા ફુગ્ગાઓ ઉડાડવા ઉપર પણ મનાઈ છે. હોળી અને ધુળેટી બંને દિવસે પોલીસ સઘન પેટ્રોલિંગ કરશે. છાકટા બનેલા અસામાજિક માનસિકતા ધરાવતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ધાર્મિક તેમજ સામાજીક પર્વની ઉજવણી રાજકોટ શહેરના જુદા-જુદા મહોલ્લાઓ, સાર્વજનીક જગ્યાઓ, ધાર્મિક જગ્યાઓમાં થતી હોય છે. સદરહું ઉત્સવમાં પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકતાં હોય છે જેને લીધે જાહેર રસ્તાઓ/શેરીઓ/ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શકયતા નકારી શકાય નહીં.

હોળી તેમજ ધુળેટીના તહેવાર દરમ્યાન કોઈપણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ ઉપર કે જાહેર જગ્યાઓ ઉપર જતાં આવતાં રાહદારીઓ ઉપર કે એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો કે તૈલી વસ્તુઓ ફેંકવા નહી અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ જવા નહી તથા હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહી તેમજ જાહેર રસ્તાઓ ઉપર આમ તેમ દોડવું નહી કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનુ વર્તન કરવું નહી કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય કે અકસ્માત થાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિથી ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવું નહી.

# રાજકોટથી દ્વારકા અને ઓખા માટે હોળી સ્પેશિયલ ટ્રેનો દોડાવાઈ

**અબતક, રાજકોટ**

દ્વારકામાં દર વર્ષે હોળી પર ફૂલડોલ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ ઉત્સવમાં જતા મુસાફરોની સુવિધા અને વધારાની ભીડને ધ્યાનમાં રાખીને રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા રાજકોટથી દ્વારકા અને ઓખા માટે વિશેષ ભાડા પર હોળી સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે.

ટ્રેન ૦૯૫૩૩/૦૯૫૩૪ રાજકોટ-દ્વારકા અનારક્ષિત સ્પેશિયલ (૮ ફેરા)

ટ્રેન ૦૯૫૩૩ રાજકોટ-દ્વારકા હોળી સ્પેશિયલ તારીખ ૧, ૨, ૩ અને ૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ રાજકોટથી સવારે ૦૬.૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે બપોરે ૧૨.૩૦ કલાકે દ્વારકા પહોંચશે. આ ટ્રેન માર્ગમાં પડધરી, હડમતીયા, જાળીયા દેવાણી, જામ વંથલી, અલિયાવાડા, હાપા, જામનગર, લાખાબાવળ, પીપળી, કાનાલુસ, મોડપુર, ખંભાળિયા, ભાટેલ, ભોપલકા અને ભાટિયા સ્ટેશનો પર ઉભી રહેશે.

તે જ પ્રમાણે, ટ્રેન ૦૯૫૩૪ દ્વારકા-રાજકોટ હોળી સ્પેશિયલ ૧, ૨, ૩ અને ૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ દ્વારકાથી ૧૪.૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે રાત્રે ૨૦.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં ભાટિયા, ભોપલકા, ભાટેલ, ખંભાળિયા, મોડપુર, કાનાલુસ, જામનગર, હાપા, અલિયાવાડા, જામ વંથલી, જાળીયા દેવાણી, હડમતીયા અને પડધરી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ બંને ટ્રેનોમાં ૭ જનરલ કોચ રહેશે. ટ્રેન સંખ્યા ૦૯૫૩૫/૦૯૫૩૬ રાજકોટ-ઓખા અનારક્ષિત સ્પેશિયલના (૪ ફેરા) લાગશે. ટ્રેન સંખ્યા ૦૯૫૩૫ રાજકોટ-ઓખા અનારક્ષિત હોળી સ્પેશિયલ તારીખ ૧ અને ૨ માર્ચ, ૨૦૨૬ ના રોજ રાજકોટથી બપોરે ૧૩.૨૫ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે સાંજે ૧૮.૪૦ કલાકે ઓખા પહોંચશે.

તે જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૫૩૬ ઓખા-રાજકોટ અનારક્ષિત હોળી સ્પેશિયલ તારીખ ૧ અને ૨ માર્ચ, ૨૦૨૬ ના રોજ ઓખાથી સવારે ૦૭.૨૦ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે બપોરે ૧૨.૨૫ કલાકે રાજકોટ પહોંચશે.

ટ્રેનો માર્ગમાં બંને દિશાઓમાં પડધરી, હાપા, જામનગર, કાનાલુસ, ખંભાળિયા, ભાટિયા, દ્વારકા અને મીઠાપુર સ્ટેશનો પર ઉભી રહેશે.

આ બંને ટ્રેનોમાં ૯ જનરલ કોચ લગાવવામાં આવશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચની સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને જાણી શકાશે.

# ખીજડાવાળા રોડ પરથી માસ્ટર આઈડી મારફતે ઓનલાઇન જુગાર રમતો જિનય ઝડપાયો

## અલગ અલગ બે આઈડી ફરોવર્ડ કરી જુગાર પણ રમાડતો ’તો

**અબતક, રાજકોટ**

ખીજડા વાળા રોડ પર માસ્ટર આઈડી મારફત જુગાર રમતો જીનય મકવાણાને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી બુકી અંગે તપાસ આદરી છે. તે શખ્સ પર્લ૯૯૯, પાર્કર એક્સચેન્જ નામની આઈડી ફરોવર્ડ કરી જુગાર રમાડતો હતો.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમઆર ગોંડલીયા ની રાહબરીમાં એએસઆઈ અનિલ સોનારા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા અને રાજેશભાઈ ચાવડા પેટ્રોલિંગમાં હતાં ત્યારે ૧૫૦ રીંગ રોડ બાલાજી હોલ પાસે પહોંચતા ચોક્કસ બાતમી મળેલ કે, જીનય મકવાણા નામનો શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ, કસીનો, તીનપતી તથા અન્ય ગેમ્સમાં જુગાર રમવાની આઈ.ડી.ઓ રાખી આઈ.ડી. અન્ય ગ્રાહકોને ફોરવર્ડ કરી સટ્ટાનો જુગાર રમાડે છે.

જે બાતમીથી ખીજડા વાળો રોડ, પાણીના ટાકા વાળી શાક માર્કેટના ગેઈટ પાસે જાહેરમાં ઉભેલ શખ્સને અટકમાં લઈ નામ પૂછતાં પોતાનું નામ જીનય વિપુલ મકવાણા (ઉ.વ .૨૪, રહે. ચામુંડાનગર સોસાયટી, બંધ શેરી, ખીજડા વાળો રોડ, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ) હોવાનુ જણાવેલ હતું.

પોલીસે તેની પાસે રહેલ મોબાઈલ ફોન ચેક કરતા પર્લ ૯૯૯ તથા પાર્કર એકસચેન્જ નામની આઈ.ડી. માં સટ્ટાનો રમાડતો હોવાનુ સામે આવ્યું હતું. હાલ પોલીસે તેની ધરપકડ કરી આઈડી ક્યાં બુકી પાસેથી મેળવી તે અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# ઘંટેશ્વર એસઆરપી કેમ્પ નજીક આર્થિક ભીંસમાં યુવાનનો ઝેરી દવા પી આપઘાત

## ઈમ્પોર્ટના ધંધામાં નુકસાની બાદ યુવાને પગલું ભરી લીધાનું પ્રાથમિક તારણ

**અબતક રાજકોટ**

જામનગર રોડ પર આવેલ એસઆરપી કેમ્પ પાસે ૨૬ વર્ષીય યુવાને આર્થિક ભીસના કારણે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે. આશાસ્પદ યુવાનના મોતના સમાચારથી પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ લાલપુરના વતની અને છેલ્લા ૭ વર્ષથી જામનગર રોડ પર ઘંટેશ્વર એસઆરપી કેમ્પ નજીક રત્નપાઈ સીટી એપાર્ટમેન્ટમાં રહેતા યશ ઉપેન્દ્રભાઈ કણસાગરા (ઉંવ ૨૬) એ ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ સાંજના ૫:૩૦ વાગ્યા આસપાસ એસઆરપી કેમ્પ પાસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, મૃતક યશ અગાઉ ઈમ્પોર્ટેડ વસ્તુઓનો વ્યવસાય કરતો હતો. જોકે, આ ધંધામાં મોટી નુકસાની આવતા આર્થિક ભીંસના કારણે તેણે આ વ્યવસાય બંધ કરી દીધો હતો. હાલમાં તે દૂધની ડેરીનો નવો વ્યવસાય શરૂ કરવાની તૈયારીમાં હતો. મૃતક યુવાનના લગ્નને હજુ માત્ર ચાર મહિના જેટલો જ સમય થયો હતો. તે બે ભાઈઓમાં મોટો હતો અને તેના પિતા લાલપુરમાં પાનનો ગલ્લો ચલાવે છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.


# હોળી-ધુળેટીની દેશવાસીઓને સાંસદ રામભાઈએ પાઠવી શુભકામના

## અસત્ય પર સત્યનો વિજય એટલે હોળીનું પર્વ

**અબતક રાજકોટ**

હોળી અને ધુળેટીના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાત સહિત દેશ-વિદેશમાં વસતા તમામ ભારતીયોન સંસદસભ્ય (રાજ્યસભા) રામભાઈ મોકરીયાએ શુભેચ્છા પાઠવી હતી

હોળીનો પર્વ સત્યનો અસત્ય પર વિજય, સકારાત્મકતા અને માનવતાના મૂલ્યોને ઉજાગર કરતો પર્વ છે. હોળિકાદહન આપણને અંતરમાં રહેલા અહંકાર, દ્વેષ અને નકારાત્મકતાને દહન કરીને પ્રેમ, સૌહાર્દ અને સમરસતાના રંગોથી



જીવન રંગાવવાનો સંદેશ આપે છે. ધુળેટીનો રંગોત્સવ સમાજના દરેક વર્ગને એક સૂત્રમાં બાંધે છે અને ભાઈચારા તથા એકતાની ભાવના મજબૂત બનાવે છે.તેમ જણાવી રાજ્યસભાના સાંસદ રામભાઈએ દેશવાસી ઓને હોળી ધુળેટીની શુભેચ્છા પાઠવી હતી .રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે દેશ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નેતૃત્વ હેઠળ વિકાસના નવા શિખરો સર કરી રહ્યો છે. સૌનો સાથ - સૌનો વિકાસ - સૌનો વિશ્વાસ - સૌનો પ્રયાસ ના મંત્ર સાથે ગરીબ, ખેડૂત, યુવા અને મહિલાઓના કલ્યાણ માટે અનેક ઐતિહાસિક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

# ખોરાણા ગામે ગાડા માર્ગ ખોલી, સરકારી જમીનનું દબાણ દૂર કરવા હુકમ

**અબતક, રાજકોટ**

ખોરાણા ગામની ખેતીની જમીના ગાડામારગ આડે બાંધેલું મકાન દુર કરવા ઉપરાંત બે એકર સરકારી જમીન ઉપર કરેલું દબાણ દૂર કરવા માટેનો દાવો કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે.

રાજકોટ તાલુકાના ખોરાણા ગામના રેવન્યુ સર્વે નં.માં આવેલા જીવરાજભાઈ લખમણભાઈ શીંગાળાની માલીકીના ખેતરમાં આવવા-જવાની ૧૨ ફૂટની પહોળાઈના રસ્તામાં રૂકાવટ કરવાના ઈરાદે રણછોડભાઈ ખોડાભાઈ શીંગાળાએ આગળ સરકારી ખરાબાના ભાગે મકાન ચણી નાખી સરકારી ખરાબાની આશરે ૨-૦૦ એકર જમીનમાં દબાણ કરી રસ્તા ઉપર ઝાંપો બનાવી તાળું મારી દીધું હતું, આથી જીવરાજભાઈ શીંગાળાએ રણછોડભાઈ શીંગાળા સામે આ ૧૨ ફુટની પહોળાઈના રસ્તાનો ઉપયોગ કરવામાં અટકાયત કરે નહી અને આ રસ્તાની હદ દિશા નક્કી કરી આપવા તેમજ સરકારી ખરાબામાં કરેલ ગેરકાયદેસર દબાણ ખુલ્લું કરી આપવાનો દાવો દાખલ કરેલ. જે દાવો ચાલવા ઉપર આવતા રજુ થયેલા પુરાવા અને વાદી તરફે રોકાયેલ એડવોકેટ અર્જુન એસ. પટેલની વેચાણ દસ્તાવેજમાં તેમજ સમજૂતીમાં આ રસ્તા બાબતે ઉલ્લેખ છે, તેમાં બંને પક્ષકારોની સહીઓ છે અને પ્રતિવાદીની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે,

તેમાં આ હકીકતો સામે આવ્યા સહિતની દલીલો ધ્યાને લઈ દાવો સાબિત માની સરકારી ખરાબાનું દબાણ દૂર કરવા, મકાન તોડી પાડવા અને ડી.આઈ.એલ.આર. કચેરીના સર્વેયર દ્વારા ૧૨ ફુટના પહોળાઈના રસ્તાની હદદિશાની માપણી કરી હદદિશા ફિકસ કરી આપવા અને આ રસ્તાના ઉપયોગમાં હલન-ચલનમાં ગાડા-ટ્રેકટર લઈ જવામાં પ્રતિવાદી અડચણ, રૂકાવટ કરે નહી તેવો મનાઈ હુકમ તેમજ સરકારી ખરાબામાં ગેરકાયદેસર દબાણ કરી મકાન તથા કુવો બનાવેલ છે તે દબાણ દિન-૬૦ માં પ્રતિવાદી રણછોડભાઈ શીંગાળા દૂર ન કરે તો તાલુકા મામલતદાર, રાજકોટને અરજી કરી દબાણ દૂર કરાવી શકશે તેવો હુકમ કરેલ છે. આ કેસમાં વાદી વતી એડવોકેટ તરીકે રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ તથા જાનવી વિરાણી રોકાયા હતા.

# મણિનગરમાં ૨૮ વર્ષીય અપરિણિત યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

## ગિરીશ કાપલીએ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભર્યું; મોટા ભાઈએ ઘરે આવીને જોતા નાનો ભાઈ લટકતી હાલતમાં મળ્યો

**અબતક રાજકોટ**

રાજકોટના ગ્રીનલેન્ડ ચોકડી વિસ્તારમાં આવેલી મણિનગર સોસાયટીમાં ૨૮ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જુવાનજોધ દીકરાના અકાળે અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મણિનગર શેરી નંબર-૪ માં રહેતા ગિરીશભાઈ અણદાભાઈ કાપલી (ઉં.વ. ૨૮) એ ગઈકાલે સવારના સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પંખા સાથે ગળાફાંસો ખાઈ લીધો હતો. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ જ્યારે ગિરીશનો મોટો ભાઈ ઘરે આવ્યો, ત્યારે તેણે નાના ભાઈને લટકતી હાલતમાં જોતા તેને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તપાસીને ગિરીશને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા બી-ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ગિરીશ ત્રણ ભાઈઓમાં વચેટ હતો અને તે અપરિણિત હતો. રવિવારની રજાના દિવસે જ યુવાને આ આત્યંતિક પગલું કેમ ભર્યું? તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાત પાછળના કારણો જાણવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કુવાડવા જીઆઈડીસીમાં વૃદ્ધે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ આપઘાત કર્યો

**અબતક રાજકોટ**

શહેરના કુવાડવા જીઆઈડીસી વિસ્તારમાં ગઈકાલે રાત્રે વૃદ્ધે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. જીઆઈડીસીમાં એપલ બેશનની પાછળ રહેતા વૃદ્ધને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, કુવાડવા જીઆઈડીસી વિસ્તારમાં એપલ બેશનની પાછળ રહેતા દિલુભા નરુભા જાડેજા (ઉં.વ. ૬૯)ગઈકાલે રાત્રે ૮ વાગ્યાની આસપાસ જાહેર રોડ પર હતા, ત્યારે કોઈ અગમ્ય કારણોસર તેમણે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. ઝેરની અસર થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઝેરની તીવ્રતા વધુ હોવાથી ચાલુ સારવાર દરમિયાન દિલુભાનું મોત નીપજ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક દિલુભા નિવૃત્ત જીવન જીવતા હતા. તેઓ ત્રણ ભાઈઓમાં સૌથી નાના હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે. વૃદ્ધે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. હાલ પોલીસે અકસ્માતે મોતના ગુનાની નોંધ કરી કારણ જાણવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# બજરંગવાડીમાં બાથરૂમમાં ગરમ પાણીથી દાઝી જતા વૃદ્ધા મોત

**અબતક રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલી બજરંગવાડી વિસ્તારમાં ન્હાવા જતી વખતે અચાનક પગ લપસી પડતા સોલારનો નળ ખુલી જવાથી ગંભીર રીતે દાઝી ગયેલા ૭૬ વર્ષીય વૃદ્ધાનું ટૂંકી સારવાર બાદ સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બજરંગવાડી શેરી નંબર-૪, જામનગર રોડ પર રહેતા ભાવનાબેન સુમનલાલ આહી (ઉં.વ. ૭૬) ગત તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ ન્હાવા માટે બાથરૂમમાં ગયા હતા. આ સમયે અચાનક તેમનો પગ લપસી ગયો હતો. નીચે પડતી વખતે તેમનો હાથ સોલાર વોટર હીટરના નળ પર અડી જતાં નળ ચાલુ થઈ ગયો હતો. નળમાંથી અતિશય ગરમ પાણી શરીર પર પડવાને કારણે ભાવનાબેન ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ જિનેસિસ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન આજરોજ મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ભાવનાબેનને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે, જ્યારે તેમના પતિનું અગાઉ અવસાન થયેલું છે. આ બનાવને લઈ આહી પરિવાર અને સ્થાનિક વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# શહેરમાં ૨૪ કલાકમાં ૩ લોકોના હૃદયના ધબકારા અટકી ગયા

## કલકત્તાના શ્રમિક, ખાનગી કર્મચારી અને નિવૃત્ત પ્રૌઢના હૃદય થંભી ગયા

**અબતક રાજકોટ**

શહેરમાં દિવસેને દિવસે હાર્ટ એટેકના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં અલગ-અલગ ત્રણ વિસ્તારોમાં હાર્ટ એટેકના કારણે ૩ લોકોના મોત નીપજતા ચકચાર મચી જવા પામી છે.

મૂળ કલકત્તાના અને હાલ રામનાથપરા ગરબીચોક, ખોજાખાના પાસે રહેતા સમીરભાઈ અબ્દુલભાઈ મસ્જીદ (ઉં.વ. ૫૧) આજે વહેલી સવારે ૬ વાગ્યાની આસપાસ ઘરે હતા, ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. તેમને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. .બીજા બનાવમાં નારાયણ નગર સોસાયટી શેરી નંબર-૮ માં રહેતા મિતેશભાઈ ઈશ્વરભાઈ ડાભી (ઉં.વ. ૩૮) સવારે ૬ વાગ્યાના અરસામાં ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા. હોસ્પિટલ લાવતા તબીબે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં માતમ છવાયો છે. મિતેશભાઈ ખાનગી નોકરી કરતા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે. તેઓ બે ભાઈ અને એક બહેનમાં વચ્ચેના હતા. ત્રીજા બનાવમાં મૂળ ટંકારાના ધ્રોલિયા ગામના અને હાલ દૂધ સાગર રોડ પર અર્થ એપાર્ટમેન્ટમાં રહેતા દાઉદભાઈ સારાભાઈ હાલા (ઉં.વ. ૫૮) ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ ઘરે બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. દાઉદભાઈ નિવૃત્ત જીવન જીવતા હતા.

# ભારતને યુરેનિયમ આપશે કેનેડા: આગામી ચાર વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડોલર લઇ જવાનો લક્ષ્યાંક

## પીએમ મોદી અને માર્ક કાર્નીની મુલાકાતમાં અનેક કરારો થયા: બંને દેશો વેપાર, ઊર્જા અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચ મુલાકાત થઈ હતી. ભારત-કેનેડા સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. વર્ષ ૨૦૨૩માં ખાલિસ્તાની અલગતાવાદીની હત્યાના મુદ્દે થયેલા રાજદ્વારી તણાવ બાદ, હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. આ બેઠક દરમિયાન ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે. વડાપ્રધાન મોદીએ માર્ક કાર્નીના નેતૃત્વના વખાણ કરતા જણાવ્યું હતું કે, ભારત અને કેનેડા લોકશાહી મૂલ્યો અને વિવિધતામાં અતૂટ વિશ્વાસ ધરાવે છે. આ ભાગીદારીને આગલા સ્તર પર લઈ જવા માટે બંને દેશો ટૂંક સમયમાં 'વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી'ને અંતિમ ઓપ આપશે, જેનાથી રોકાણ અને રોજગારની નવી તકો ઊભી થશે. ભારતની વિકાસયાત્રામાં કેનેડાનો વિશ્વાસ એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે કેનેડિયન પેન્શન ફંડ્સે ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. આ ઉપરાંત, બંને નેતાઓ વચ્ચે ક્રિટિકલ મિનરલ્સ, રિન્યુએબલ એનર્જી, કલ્ચરલ એક્સચેન્જ અને ટેક્નોલોજી-ઈનોવેશન પર પણ મહત્ત્વના કરારો થયા છે. નોંધનીય છે કે જસ્ટિન ટ્રૂડોના સમયમાં ભારત અને કેનેડાના સંબંધો અત્યંત ખરાબ તબક્કામાંથી પસાર થયા હતા, પરંતુ માર્ક કાર્નીના સત્તામાં આવ્યા બાદ બંને દેશોએ ફરી એકવાર મિત્રતાનો હાથ લંબાવ્યો છે. ટ્રમ્પ પ્રશાસન સાથેના બદલાતા વ્યાપારી સમીકરણો વચ્ચે કેનેડા પણ ભારત જેવા મજબૂત લોકશાહી દેશ સાથે આર્થિક રીતે જોડાવા આતુર છે. પીએમ મોદીએ કાર્નીના બે દેશોની સેન્ટ્રલ બેન્કોના નેતૃત્વના બહોળા અનુભવની પણ પ્રશંસા કરી હતી. આ મુલાકાતથી એ સ્પષ્ટ થયું છે કે ભૂતકાળના કડવા અનુભવોને પાછળ છોડીને ભારત અને કેનેડા હવે વિકાસ અને વિશ્વાસના નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યા છે.

### ભારતમાં ઊર્જા અને ટેક્નોલોજીની વધતી માંગ કેનેડાના વ્યવસાયો માટે મોટી તક: માર્ક કાર્ની

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા વચ્ચે યોજાયેલી આ બેઠકમાં મધ્ય પૂર્વની સ્થિતિ પર પણ ગહન ચર્ચા કરવામાં આવી હતી. નેતન્યાહૂ સરકારના આક્રમક વલણ અને રશિયા-યુક્રેન સહિતના વૈશ્વિક સંઘર્ષો વચ્ચે ભારત અને કેનેડાએ સિવિલ-ન્યુક્લિયર ક્ષેત્રે સહયોગ વધારવાની તૈયારી બતાવી છે, જેમાં ભારત કેનેડા પાસેથી યુરેનિયમની ખરીદી કરવાના કરારને અંતિમ રૂપ આપવા ઈચ્છે છે. માર્ક કાર્નીએ પણ સોશિયલ મીડિયા પર સ્વીકાર્યું હતું કે ભારતમાં ઊર્જા અને ટેક્નોલોજીની વધતી માંગ કેનેડાના વ્યવસાયો માટે મોટી તક છે.

(પહેલા પાનાનું ચાલું)

**યુધ્ધ...**

રુહોલ્લા ખોમેનીના મૂળ ભારતમાં હતા. ખોમેનીના દાદા સૈયદ અહમદ મુસવી ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાના કિંતૂર ગામના વતની હતા. ૧૯મી સદીમાં તેઓ ભારત છોડીને ઈરાન સ્થાયી થયા હતા. આજે પણ કિંતૂરના દસ્તાવેજોમાં આ ઐતિહાસિક જોડાણની યાદો જીવંત છે.

**ઉત્તરપ્રદેશ સાથે સંકળાયેલા...**

એક ભાગનો ઈતિહાસ ભારત સુધી પહોંચે છે કારણ કે આયતોલ્લાહ ખોમેનીના પરિવારના મૂળ ઉત્તર પ્રદેશના એક નાનકડા ગામ કિંતૂર છે, જે બરાબંકી જિલ્લામાં આવેલું છે. ખોમેનીના દાદા સૈયદ અહમદ મુસવી હિંદી આ ગામમાં જન્મ્યા હતા. ૧૯મી સદીમાં તેઓ ઈરાનમાંથી ભારત આવ્યા હતા (, પરંતુ પાછળથી તેઓ ઈરાક અને પછી ઈરાન પરત ફર્યા. તેમણે પોતાના નામમાં હિંદી ઉમેર્યું હતું જેથી તેમની ભારતીય મૂળની યાદ રહે. આ રીતે, ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશન અને તેની મુખ્ય સંસ્થા સુપ્રીમ લીડરની વિચારધારા અને સ્થાપનાનો એક ભાગ ભારતીય મૂળ સાથે જોડાયેલો છે.

**ટ્રમ્પનો દાવો...**

ઈરાનીઓ આ ફેરફારથી ખુશ છે અને ઉજવણી કરી રહ્યા છે. જો ઈરાનમાં સત્તા પલટાવવા માટે લોકો રસ્તા પર ઉતરે, તો અમેરિકા સૈન્ય મદદ ચાલુ રાખશે કે કેમ, તે અંગે ટ્રમ્પે કહ્યું કે તેઓ તે સમયની સ્થિતિ જોઈને નિર્ણય લેશે. ટ્રમ્પ આ પરિસ્થિતિનો ઉપયોગ ઈરાનમાં કાયમી પરિવર્તન લાવવા માટે કરવા માંગે છે.. હુમલા દરમિયાન ૩ અમેરિકી સૈનિકોએ જીવ ગુમાવ્યો છે, જેને ટ્રમ્પે 'સાચા દેશભક્ત' ગણાવ્યા છે. ''મેં તમને જે વચન આપ્યું હતું તે પૂરું કર્યું છે. હવે ઈરાની દેશભક્તોએ નક્કી કરવાનું છે કે તેમને આઝાદી જોઈએ છે કે વિનાશ.'' ડોનાલ્ડ ટ્રમ્પ

**ભારતીય વિદ્યાર્થીઓ ફસાયાં...**

દેશ છોડવા કહ્યું હતું.લગભગ અડધા વિદ્યાર્થીઓ પરત ફર્યા છે, પરંતુ ૧,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ૫ માર્ચે યોજાનારી તેમની મહત્વની પરીક્ષાઓને કારણે ત્યાં જ રોકાઈ ગયા હતા.ભારતની સ્ટાર શટલર પી.વી. સિંધુ દુબઈ એરપોર્ટ પર ફસાઈ ગઈ હતી. તેણે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેના કોચ જ્યાં હતા ત્યાંથી માત્ર ૧૦૦ મીટર દૂર વિસ્ફોટ થયો હતો. તેણે આ અનુભવને અત્યંત ભયાનક ગણાવ્યો હતો.દુબઈમાં ૪ લોકો ઘાયલ થયા છે, જ્યારે અબુધાબીમાં ૧ વ્યક્તિનું મોત અને ૭ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે.

**અર્થતંત્ર ડામાડોળ...**

ઈરાન દ્વારા આ રૂટ પર જહાજોની અવરજવર અટકાવવામાં આવે તેવી દહેશતથી ક્રૂડના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ૮૦ ડોલરની સપાટી કૂદાવી ચૂક્યું છે અને નિષ્ણાતો માની રહ્યા છે કે જો સ્થિતિ નહિ સુધરે તો ટૂંક સમયમાં તે ૧૦૦ ડોલર સુધી પહોંચી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ મોંઘુ થવાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો વધારો ઝીંકાઈ શકે છે. ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના મોત અને ત્યારબાદ અમેરિકા તથા ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા લશ્કરી હુમલાઓને કારણે મિડલ ઈસ્ટમાં ભૌગોલિક રાજકીય તણાવ ચરમસીમાએ છે. આ સંઘર્ષની સીધી અસર વૈશ્વિક વેપાર, શિપિંગ ખર્ચ અને ક્રૂડ ઓઈલના ભાવ પર પડી રહી છે, જે ભારતના અર્થતંત્ર માટે પણ ચિંતાનો વિષય બન્યો છે. અહેવાલો અનુસાર, ઈરાને હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતો દરિયાઈ વાહનવ્યવહાર અટકાવી દીધો છે. ભારતની ૩૫ થી ૫૦% ક્રૂડ ઓઈલની આયાત અને મોટી માત્રામાં એલએનજી આ જ માર્ગે આવે છે. નિષ્ણાતોના મતે, સપ્લાય ખોરવાવાના ડરથી વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવી શકે છે. ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ અને મોંઘવારી વધી શકે છે. ભારત ક્રૂડ ઓઈલ માટે રશિયા જેવા અન્ય વિકલ્પો વિચારી શકે છે, પરંતુ એલએનજી સપ્લાય માટે મોટું જોખમ રહેલું છે. ભારત તેની જરૂરિયાતના ૮૦ થી ૮૫% એલપીજીની આયાત કરે છે, જે મોટેભાગે ગલ્ફ દેશોમાંથી હોર્મુઝ સામુદ્રધુની મારફતે આવે છે. ક્રૂડ ઓઈલની જેમ ભારત પાસે એલપીજીનો મોટો વ્યૂહાત્મક ભંડાર નથી, જેથી આ સપ્લાય ચેન ખોરવાય તો દેશમાં રાંધણ ગેસની તંગી કે ભાવવધારો જોવા મળી શકે છે. આ ઉપરાંત ભારતની બાસમતી ચોખાની લગભગ ૫૦% નિકાસ સાઉદી અરેબિયા, ઈરાન, ઈરાક અને યુએઈ જેવા પશ્ચિમ એશિયાના દેશોમાં થાય છે. ફ્રેઈટ ચાર્જ અચાનક વધવાથી નિકાસકારોને મોટું નુકસાન જવાની ભીતિ ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશને વ્યક્ત કરી છે. ટ્રેડ એનાલિસ્ટ વિશ્વજીત ધરના જણાવ્યા મુજબ, આ કટોકટી લાંબી ચાલશે તો આયાત બિલ વધવાની સાથે અખાતી દેશોમાં કામ કરતા લાખો ભારતીયો તરફથી આવતા રેમિટન્સ (વિદેશી હૂંડિયામણ) પર પણ નકારાત્મક અસર પડી શકે છે.

યુદ્ધના માહોલ વચ્ચે શેરબજારમાં કડાકો બોલતા રોકાણકારો હવે સોના-ચાંદી જેવી સુરક્ષિત ધાતુઓ (સેફ હેવન) તરફ વળ્યા છે. વૈશ્વિક બજારોમાં સોના અને ચાંદીના ભાવ ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા છે. અમેરિકન બજારોમાં સોનું ૫,૩૦૦ ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયું છે, જ્યારે ચાંદીમાં પણ જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. ભારતીય બજારોમાં પણ તહેવારો અને લગ્નસરાની સિઝન પહેલા આ ભાવવધારો સામાન્ય લોકોના ખિસ્સા પર મોટો બોજો નાખશે.

**શેરબજાર ધડામ...**

તોખાર જોવા મળ્યો હતો.

સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયા ૩૮ પૈસા તુટયો હતો. ઈરાન અને ઈઝરાયેલ - અમરેકા વચ્ચે ગત શનિવારથી શરુ થયેલા ભિષણ યુદધના કારણે સોમવારે ભારતીય શેર બજારમાં જોરદાર કડાકા બોલશે તેવી શકયતા અપેક્ષીત હતી. આજે ઉઘડતી બજારે સેન્સેકસમાં ૨૦૦૦ થી વધુ અને નિફટીમાં ૩૪૪ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. સેન્સેકસ ૭૯ હજારની સપાટી તોડી ૭૮૫૪૩.૭૩ સુધી સરકી ગયો હતો. રિકવરી દેખાતા ફરી સેન્સેકસે દિવસ દરમિયાન ૮૦૬૩૨.૫૫ ની સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. નિફટીએ પણ આજે ૨૫ હજારની સપાટી તોડી હતી. ઈન્ફ્રાડેમાં નીફટી ૨૪૬૦૩.૫૦ સુધી સરકી જવા પામી હતી. જયારે ઉપલી સપાટી ૨૪૯૮૯.૩૫ રહેવા પામી હતી. બેન્ક નિફટીમાં ૬૮૦ થી વધુ પોઈન્ટનો અને નિફટી મીડ કેપ ૧૦૦ માં ૯૩૦ પોઈન્ટથી વધુનો કડાકો જોવા મળ્યો હતો.

આજની મહામંદીમાં સોલાર ઈન્ડસ્ટ્રીઝ, હિન્દ ઝિંન્ક, કેઈઆર ઈન્ડસ્ટ્રીઝ, ભારત ડાયનામીકસ, એમસી એકસ, ભારત ઈલેકટ્રીકલ સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જયારે લાર્સન, અદાણી ગ્રીન એન્ટરપ્રાઈઝ, આઈઓસી, અદાણી એનર્જી, રેલ વિકાસ, એચડીએફસી બેન્ક, વોડાફોન આઈડીયા, યશ બેન્ક, સુઝલોન એનર્જી સહિતની કંપનીના શેરોમાં ભાવ તુટયા હતા. અમેરીકી ડોલર સામે ભારતી રૂપિયો પણ તુટયો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૧૦૬૨ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦૨૨૫ પોઈન્ટ પર નીફટી ૨૦૮ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪૮૭૦ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. જયારે ડોલર સામે રૂપિયો ૪૩ પૈસાના ઘટાડા સાથે ૯૧.૪૦ પર ટ્રેડ કરી રહ્યા છે.

**ભારતીય અર્થતંત્ર...**

બિલમાં વાર્ષિક ૧૦ થી ૧૫ હજાર કરોડ રૂપિયાનો સીધો વધારો થઈ શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસ સહિતના અર્થશાસ્ત્રીઓ પણ આ વૈશ્વિક અનિશ્ચિતતાની ભારતીય અર્થવ્યવસ્થા પર પડનારી અસરને લઈને બારીકાઈથી નજર રાખી રહ્યા છે.

**સોના ચાદીના ભાવ...**

નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છે. એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદી અને જેએમ ફાઈનાન્શિયલ સર્વિસિસના પ્રણવ મેર જેવા નિષ્ણાતોનું માનવું છે કે બુલિયન માર્કેટની દિશા આ સંઘર્ષ કેટલો સમય ચાલશે અને તેની તીવ્રતા કેટલી હશે તેના પર નિર્ભર રહેશે. ગયા સપ્તાહે એમસીએક્સ પર ચાંદીના વાયદામાં ૮.૭૨ ટકા અને સોનાના વાયદામાં ૩.૩૩ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. વિશ્વભરની સેન્ટ્રલ બેંકોની સતત ખરીદી અને વધતા ક્રૂડ ઓઈલના ભાવ પણ સોના-ચાંદીને મજબૂત ટેકો પૂરો પાડી રહ્યા છે, જોકે જો કોઈ રાજદ્વારી સમાધાન થાય તો શરૂઆતી ઉછાળા બાદ પ્રોફિટ-બુકિંગ પણ જોવા મળી શકે છે.

**સરકારે બોલાવી બેઠક...**

બદલવામાં આવી રહ્યા છે, જેના પરિણામે એર કાર્ગો અને કન્ટેનર મુવમેન્ટને માઠી અસર પહોંચી છે. નિકાસકારો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે જો માલવાહક જહાજોને આફ્રિકાના 'કેપ ઓફ ગુડ હોપ' મારફતે લાંબા માર્ગે વાળવામાં આવશે, તો વિદેશમાં માલ પહોંચાડવામાં ૧૫ થી ૨૦ દિવસનો વધુ સમય લાગી શકે છે. આ ઉપરાંત, લોજિસ્ટિક્સ ખોરવાતા નૂર ભાડા (ફ્રેઈટ રેટ્સ) અને મરીન ઈન્શ્યોરન્સ પ્રીમિયમમાં પણ મોટો વધારો થવાની શક્યતા છે, જેની સીધી અસર ભારતમાંથી નિકાસ થતા ચોખા, ચા અને અન્ય કૃષિ ઉત્પાદનો પર પડી શકે છે.

**સોના હીરાની અછત...**

ભારત દર વર્ષે ૮૦૦ થી ૮૫૦ ટન સોનાની આયાત કરે છે, જેમાંથી ૫૦ થી ૬૦ ટકા સોનું માત્ર દુબઈ મારફતે આવે છે. આ ઉપરાંત, સુરત સહિતના શહેરોમાં ચાલતા હીરા ઉદ્યોગ માટે જરૂરી કાચા હીરાનો મોટો જથ્થો પણ દુબઈથી જ આવે છે. સપ્લાય ચેઈન ખોરવાતા આગામી દિવસોમાં સ્થાનિક બજારમાં સોના અને પોલિશ્ડ હીરાની કિંમતોમાં પણ મોટો ઉછાળો જોવા મળી શકે છે. વેપારીઓ અને ઉદ્યોગકારો પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

**ખાતરના ભાવ...**

ખાતરની આયાત પર નિર્ભર છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના ભાવ વધશે તો તેની સીધી અસર દેશના ખેડૂતો અને કૃષિ ઉત્પાદન ખર્ચ પર પડી શકે છે. સરકાર અને સંબંધિત વિભાગો પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને ખેડૂતોને અસર ન થાય તે માટે જરૂરી પગલાં લઈ શકે છે.

**એલપીજી ઉત્પાદન...**

ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દેશની ઓઈલ રિફાઈનરીઓને સ્થાનિક માંગને પહોંચી વળવા માટે તેમની ઉત્પાદન પ્રક્રિયામાં ફેરફાર કરીને એલપીજીનું વધુ ઉત્પાદન કરવા જણાવાયું છે. સરકાર અને ઓઈલ કંપનીઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે, જેથી દેશના ગ્રાહકો સુધી રાંધણ ગેસનો પુરવઠો નિર્બાધ રીતે પહોંચતો રહે.

(ત્રીજા પાનાનું ચાલુ)

**હુતાસણી...**

રીતે પતાસા અને ખજૂરના ભાવ પણ ગયા વર્ષની સરખામણીમાં નજીવા ફેરફાર સાથે મળી રહ્યા છે. ભાવ સ્થિર હોવાને કારણે ગ્રાહકો મોટી માત્રામાં ખરીદી કરી રહ્યા છે.

કેસુડાના રંગોની માંગમાં વધારો

આ વર્ષે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધતા કેમિકલ મુક્ત કેસુડાના રંગોની માંગમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. પરંપરાગત રીતે કેસુડાના ફૂલમાંથી બનેલા રંગો ત્વચા માટે સુરક્ષિત હોય છે, તેથી લોકો કેમિકલવાળા રંગોના બદલે કેસુડાના ફૂલ અને તેનાથી બનેલા ગુલાલની ખરીદી કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે. કેસુડાના ફૂલ વેચતા વેપારીઓએ જણાવ્યું હતું કે, હોળીના બે-ત્રણ દિવસ પૂર્વે જ આ ફૂલોની માંગ દસ ગણી વધી જાય છે. કેમિકલ મુક્ત હોળી ઉજવવાના સંદેશને લોકો આવકારી રહ્યા છે.

(૧૧માં પાનાનું ચાલુ)

**ઉમિયા ધામ**

યોજાયેલા રજત જયંતી મહોત્સવમાં ૧૨૫ કરોડની દ્રીતીય ઉમિયા સમુધ્ધી યોજનાના શ્રીગણેશ થયા ૨૦૧૨ થી ૨૦૧૬ સુધીની આ સમુધ્ધી યોજનામાં મહોત્સવ વેળા એજ ૧૦૦ કરોડથી વધુના દાનની જાહેરાત દાતાઓ દ્વારા કરવામાં આવી છે. દાતાઓના તબકકાવાર મળતા દાન માંથી ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા રાજકોટના શૈક્ષણિક પ્રોજેકટ ઉપરાંત દ્વારકા, સોમનાથ અને સિદસર ખાતેના પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી. આગામી તા. ૨૧ થી ૨૫ દરમ્યાન 'ત્રિવેણી સમારોહ' માં ઈશ્વરીયા ખાતે ૩૨ વિઘા જમીનમાં નિર્માણાધીન શૈક્ષણિક સંકુલમાં અદ્યતન સુવિધાઓથી સભર 'જીવન વિદ્યાપીઠ - રાજકોટ' નું ભૂમી પૂજન કરવામાં આવશે. આ શૈક્ષણિક પ્રોજેકટના મુખ્ય દાતા તરીકે જીવનભાઈ ગોવાણી પરિવારનો સહયોગ પ્રાપ્ત થયો છે. આ સંકુલમાં કડવા પાટીદાર દિકરા-દિકરીઓ માટે સ્કૂલ - છાત્રાલય બનશે. આ શૈક્ષણિક સંકુલમાં આવનારી પેઢીને મૂલ્યો અને જીવન લક્ષી શિક્ષણ પુરૂ પાડવાની દિશામાં કાર્ય કરવામાં આવશે. તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન યોજાનાર 'ત્રિવેણી સમારોહ' માં રાજકોટ વસતા પાટીદાર પરિવારોનું સમૂહ જ્ઞાતી ભોજન યોજાશે. ૨૦૧૪ માં ઈશ્વરીયા માં રજત જયંતિ સ્મૃતિદિન મહોત્સવની ઉજવણી બાદ સવા દાયકા પછી રાજકોટ શહેરના આશરે સવા લાખ તેમજ સૌરાષ્ટ્રભરના બે લાખથી વધુ પાટીદારો રાજકોટમાં સમૂહ ભોજન પ્રસાદ લેશે. આ સમૂહ ભોજન પાંચ તબકકામાં યોજાશે. બપોરે ૩ થી સાંજે ૭ કલાકે યોજાનારા આ જ્ઞાતી સમુહ ભોજનમાં રાજકોટ શહેરના વોર્ડવાઈઝ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પાંચેય તબકકામાં ભોજન પ્રસાદ એક્સરખો રહેશે. રાજકોટના આંગણે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર આયોજીત આ ત્રીવેણી સમારોહ અંતર્ગત રાજકોટ શહેરના સમૂહ ભોજનમાં સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના દાતાઓ, સામાજીક, રાજકીય, મહાનુભાવો પધારશે. ૨૬ માર્ચ ને રામનવમીના પવિત્ર દિને શૈક્ષણિક સંકુલનું ભૂમી પૂજન યોજાશે. સમગ્ર સમારોહ ને સુચારૂ ઢબે સફળ બનાવવા ૫૧ જેટલી સમિતિઓ માં આશરે પાંચ હજાર જેટલા સ્વયંસેવકો ખડા પગે તૈનાત રહી સેવા આપશે. રાજકોટવાસીઓને સમારોહ સ્થળે જવા-આવવાની વ્યવસ્થાના ભાગરૂપે ૧૦૦ જેટલી બસો સમારોહના રૂટ પર મુકવામાં આવશે.

ભવ્ય રથાયાત્રા વોર્ડવાઈઝ પરિભ્રમણ કરશે. તા. ૧૮ માર્ચના રોજ એક દિવસની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા રાજકોટના વિવિધ વિસ્તારોમાં યોજવામાં આવશે. ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, મંત્રી જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા, ચીમનભાઈ શાપરીયા, તેમજ સંગઠન સમિતિના પ્રમુખ કૌશીકભાઈ રાબડીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ સંગઠન સમિતિ, મહિલા સંગઠન સમિતિ કાર્યરત બની છે. રાજકોટ શહેરમાં મા ઉમિયાના રથ સાથેની રથયાત્રા દરમ્યાન વિશેષ રૂપે તૈયાર કરાયેલ 'સાત રંગના સ્વપ્ન લઈને 'માડી' નો રથ આવે છે ગીત ના માધ્યમથી અદભૂત ભક્તિસભર વાતાવરણ સર્જાશે. રાજકોટમાં યોજાનાર આ પાંચ દિવસીય 'ત્રિવેણી સમારોહ' માં પધારવા સમગ્ર કડવા પાટીદાર પરિવારોને ઉમિયાધામના હોદ્દેદારો, સંગઠન સમિતિના સભ્યો તેમજ કાર્યોકરો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

**ચેમ્બર ઓફ કોમર્સ**

આવ્યા હતા, જેનાથી તેમને આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મક કિંમતે માલ વેચવામાં સરળતા રહેશે.ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે તેઓ કેન્દ્ર સરકારની વ્યાપાર સમિતિના સભ્ય હોવાથી ઉદ્યોગ જગતના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્નશીલ રહેશે. રાજકોટ ચેમ્બરે પણ વેપારીઓની સમસ્યાઓના ઉકેલ માટે કટિબદ્ધતા દર્શાવી હતી.

**જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ**

ડોનેશન થઈ શકે છે, જેને સાચવીને બીજા જરૂરિયાતમંદોના ઉપયોગમાં લઈ શકાય છે. ઉમેશભાઈ મહેતાએ વધુમાં ઉમેર્યું કે, સંસ્થા માત્ર આરોગ્ય જ નહીં, પણ શિક્ષણ ક્ષેત્રે પણ કાર્યરત છે. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ધોરણ ૫ થી ૧૨ સુધીના પુસ્તકો પૂરા પાડવા માટે ટ્રસ્ટ દ્વારા 'બુક બેંક' ચલાવવામાં આવે છે. આ ઉપરાંત છાશ વિતરણ અને કપડા વિતરણ જેવી સામાજિક પ્રવૃત્તિઓ પણ નિયમિતપણે કરવામાં આવે છે. અંગદાન કે દેહદાન કરનાર પરિવારોની ઉદાત્ત ભાવનાને બિરદાવવા માટે સંસ્થા દ્વારા સમયાંતરે સન્માન સમારોહ યોજવામાં આવે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ગુજરાતીઓ મુશ્કેલીમા...**

સમુદાયના સભ્યોની સલામતી અને સુરક્ષા અંગે એકપણ નિવેદન આપવામાં આવ્યું નથી. ભલે ૨૪ કલાક મિસાઈલ અને ડ્રોન હુમલાની પ્રથમ જાણ થઈ હોય. ઉપરાંત, દરિયાકાંઠાનું રાજ્ય હોવાને કારણે ગુજરાતનો ગલ્ફ દેશો સાથે સદીઓ જૂનો વ્યાપાર અને વેપાર સંબંધ છે. કચ્છ, સલાયા, પોરબંદર અને જામનગરથી હજારો નાના જહાજો દરરોજ ગુજરાત અને ગલ્ફ દેશો વચ્ચે ફેરી કરે છે અથવા માલ અને ચીજવસ્તુઓનું પરિવહન કરે છે. ભારત અને ગુજરાત સરકારે ખાતરી કરવી જોઈએ કે ચાલુ યુદ્ધને કારણે તેમના વેપાર અને વ્યવસાયો અવરોધાય નહીં અને તેમને જરૂરી સહાય પૂરી પાડવી જોઈએ તેવી માંગણી કરી છે.

**નાગરિકો માટે હેલ્પલાઈન...**

**પર પણ સંપર્ક કરી શકાય છે. દોહા સ્થિત ભારતીય દૂતાવાસ સામાન્ય રીતે કાર્યરત છે. તેની ૨૪X૭ હેલ્પલાઈન સંખ્યા ૦૦૯૭૪-૫૫૬૪૭૫૦૨ છે અને પ્રશ્નો cons.dohamea.gov.in પર મોકલી શકાય છે. ડમાસ્કસ સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક +૯૬૩-૯૯૩૩૮૫૯૭૩ પર કરી શકાય છે, eoidamascus.gov.in પર મુલાકાત લઈ શકાય છે અથવા cons.damascusmea.gov.in પર ઈમેલ કરી શકાય છે. બગદાદ સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક નંબર +૯૬૪ ૭૭૧ ૬૫૧ ૧૧૮૫ (અંગ્રેજી અને હિન્દી) અને +૯૬૪ ૭૭૦૪૪૪ ૪૮૯૯ (અરબી) છે. eoibaghdad.gov.in પર મુલાકાત લઈ શકાય છે અથવા cons.baghdadmea.gov.in, consl.baghdadmea.gov.in અને pol.baghdadmea.gov.in પર ઈમેલ કરી શકાય છે.**

**રામલ્લાહમાં તાત્કાલિક પરિસ્થિતિમાં લોકો +૯૭૦૫૯૨૯૧૬૪૧૮ પર સંપર્ક કરી શકે છે અથવા repofficemea.gov.in અને cons.ramallahmea.gov.in પર ઈમેલ કરી શકે છે. કુવૈત સ્થિત ભારતીય દૂતાવાસ સાથે community.kuwaitmea.gov.in પર ઈમેલ દ્વારા અથવા +૯૬૫૬૫૫૦૧૯૪૬ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી શકાય છે. બહરીન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને દૂતાવાસ અને સ્થાનિક સત્તાધિકારીઓ દ્વારા જારી કરાયેલા સૂચનોનું પાલન કરવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે. તેની ૨૪X૭ હેલ્પલાઈન સંખ્યા ૦૦૯૭૩-૩૯૪૧૮૦૭૧ છે. જોર્ડન સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક ૦૦૯૬૨-૭૭૦ ૪૨૨ ૨૭૬ પર કરી શકાય છે.**

**રેલ નેટવર્ક...**

રૂ.૧.૨૮ લાખ કરોડના રેલવે પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. રાજ્યના કુલ ૮૭ સ્ટેશનોને 'અમૃત સ્ટેશન યોજના' અંતર્ગત વર્લ્ડ ક્લાસ બનાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૧ સ્ટેશનોનું કામ અત્યાર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. અમદાવાદ, સાબરમતી, સુરત, ઉના અને સોમનાથ જેવા મહત્વના સ્ટેશનો પર અત્યંત ઝડપથી કામ ચાલી રહ્યું છે. અમદાવાદ રેલવે સ્ટેશનના નવનિર્માણ બાદ મુસાફરોને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

ભારતના પ્રથમ હાઈ-સ્પીડ રેલ 'બુલેટ ટ્રેન પ્રોજેક્ટ'ની પ્રગતિ અંગે ખુશી વ્યક્ત કરતા વૈષ્ણવે જણાવાયું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા આગામી વર્ષે બુલેટ ટ્રેન કાર્યરત કરવાની તૈયારીમાં છે. જ્યારે આ પ્રોજેક્ટ પૂર્ણ થશે, ત્યારે અમદાવાદથી મુંબઈની મુસાફરી ૩૫૦ કિમી/કલાકની ઝડપે માત્ર ૦૧ કલાક ૫૭ મિનિટના સમયમાં પૂર્ણ થશે. તાજેતરમાં જાપાનના વડાપ્રધાન કાર્યાલયના ઉચ્ચ અધિકારીઓએ ભારતના બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

વધુમાં રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બુલેટ ટ્રેનના ૦૭ નવા રૂટ માટે પણ મંજૂરી આપી દીધી છે, જે ભવિષ્યમાં દેશના અન્ય શહેરોને પણ હાઈ-સ્પીડ કનેક્ટિવિટીથી જોડશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સહયોગ અને 'કર્મયોગી' અભિગમને પરિણામે રાજ્યમાં આ તમામ રેલવે પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમય કરતા પણ વધુ ઝડપથી આગળ વધી રહ્યા છે. આમ આધુનિક રેલવે, હાઈ-સ્પીડ કનેક્ટિવિટી અને શ્રેષ્ઠ મુસાફર સુવિધાઓ સાથે ગુજરાત 'વિકસિત ભારત'ના સંકલ્પને સિદ્ધ કરવામાં અગ્રેસર રહેશે. એમ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**હોલિકા દહન...**

અસત્ય પર સત્યના વિજય સમા પર્વ હોળીની ઉજવણી કરવામાં આવે છે સૌરાષ્ટ્રમાં આશરે ૧૦ હજારથી પણ વધુ સ્થળોએ હોલીકા દહન કરવામાં આવે છે.

આજે સાંજે ૫.૫૭ કલાકથી પૂનમની તીથી બેસી જાય છે. અને મંગળવારે સાંજના ૫.૦૯ કલાક સુધી પુનમ તિથિ છે.પ્રદોષકાળ વાળીની પુનમ આજે છે એટલે હિન્દુ પંચાગ મુજબ આજે હોલિકા દહન કરવામાં આવશે. આવતીકાલે મંગળવારે સાંજે ૫.૦૯ કલાકે હોળાષ્ટક પૂર્ણ થતાની સાથે જ ફરી મંગલ કાર્યો શરૂ થશે.

આજે સાંજે હોળી પ્રગટાવવાનું શુભ મુહુર્ત સાંજે ૬.૫૦ થી લઈ ૯.૧૮ સુધી પ્રદોશ કાળમાં રહેશે જયારે ચોઘડીયા પ્રમાણે શૂભ મુહુર્ત ચલ ચોઘડીયું રાત્રે ૬.૫૦ થી ૮.૨૨ સુધીનું રહેશે. હોલીકા દહન માટેનું શુભ મુહુર્ત પ્રદોષકાળનો સમય શ્રેષ્ઠ માનવામા આવે છે. આવતીકાલે પડતર દિવસ રહેશે જયારે રંગોનું પર્વ ધુળેટીની ઉજવણી બુધવારે કરવામાં આવશે.

**જીડીપીમાં ગુજરાતનું યોગદાન...**

સતત મહેસૂલી પુરાંત જાળવી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨૩,૭૨૫ કરોડની મહેસૂલી પુરાંત અંદાજવામાં આવી છે.

જાહેર દેવા અંગે મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યના GSDPના સાપેક્ષમાં દેવાની મર્યાદા ૨૭.૧૦ ટકા સુધી રાખવાની મર્યાદા છે. અંદાજપત્રના કદમાં ૧૦.૨૧ ટકાના વધારા છતાં, રાજ્યનું દેવું વર્ષ ૨૦૨૬-૨૭માં માત્ર ૧૪.૬૫ ટકા જ રાખવામાં આવશે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૬-૨૭માં રાજવિત્તીય ખાધ એટલે કે, ફિસ્કલ ડેફીસીટને પણ ૩ ટકાની મર્યાદા સામે ૨ ટકાથી ઓછી રાખવામાં આવશે.

કુશળ નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ ઘટાડીને ૨૦ ટકાની મર્યાદામાં લાવવામાં સફળતા મળી છે. હવે વર્ષ ૨૦૨૬-૨૭માં વ્યાજનો આ ખર્ચ માત્ર ૧૦.૮૬ ટકા સુધી જ સીમિત રાખવાનો સરકારનો મક્કમ નિર્ધાર છે. વેપારીઓ અને સામાન્ય જનતા માટે લેવાયેલા નિર્ણયોની વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે કરેલા GST દરના સુધારાના પરિણામે ગુજરાતની જનતાને વાર્ષિક અંદાજે રૂ. ૧૧,૦૦૦ કરોડની વેરા બચતનો લાભ મળશે.

**માર્ગ અકસ્માત...**

અમરેલી પડધરી જેતપુર વાકાનેર અને મોરબી પંથકના માર્ગો રક્ત રંજિત બન્યા છે. છ સ્થળે અકસ્માતમાં દંપતી સહિત નવ વ્યક્તિના મોત નીપજિયા છે. જેમાં લીલીયા નજીક બંધ ટ્રક પાછળ બાઈક ઘૂશી જતા બે ભાઈ સહિત ત્રણના મોતની નીપજ્યા છે. આ બનાવથી પરિવારમાં શોક નું મોજુ ફેલાયું છે. અમરેલીના લીલીયા તાલુકાના ગુંદરણ અને ઢાંગલા ગામ વચ્ચે ગત સાંજે અકસ્માત સર્જાયો હતો. રસ્તા પર ઉભેલી લોખંડના એંગલ ભરેલી ટ્રક પાછળ મોટરસાયકલ ધડાકાભેર ઘૂસી જતાં મધ્યપ્રદેશના વતની અને ખેતમજૂરી કરતા પરિવારના બે સગા ભાઈઓ સહિત કુલ ત્રણ કિશોરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે એક અન્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

લીલીયાના ઢાંગલા ગામે કાંતિભાઈ વિરડીયાની વાડીમાં છેલ્લા ૧૫ વર્ષથી ભાગવી ખેતી કરતા શ્રમિક પરિવારના ચાર યુવાનો રવિવારે સાંજે ગુંદરણ ગામે વાળ કપાવવા માટે મોટરસાયકલ લઈને ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે ૬૬ કેવી સબસ્ટેશન નજીક અંધારામાં રસ્તા પર ઉભેલી લોખંડની એંગલ ભરેલી ટ્રક પાછળ તેમનું બાઈક ઘૂસી ગયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકમાં રહેલા લોખંડના એંગલ વાગવાને કારણે ત્રણ આશાસ્પદ કિશોરોએ જીવ ગુમાવ્યા હતા જેમાં રેલેષ સવેલસિંગ (ઉં.વ. ૧૨), હેમરાજ, સવેલસિંગ (ઉં.વ. ૧૪), જયેશ બરસિંગ (ઉં.વ. ૧૭) આ અકસ્માતમાં હેમરાજના અન્ય એક ભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક લીલીયા અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતા જ લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકે અને પી.એસ.આઈ. વાય.એમ. જાડેજા કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીલીયા હોસ્પિટલ ખસેડ્યા હતા, અને અકસ્માત સર્જનાર ટ્રકને કબજે કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આ કરુણ ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં અને શ્રમિક પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

**જેતપુર પાસે...**

અને ત્યારબાદ પિતાની અંતિમવિધિ (દફનવિધિ) માટે તેમના ( વતન ગોખાતર જિ. પાટણ) ખાતે ગયા હતા. દફનવિધિ પૂર્ણ કર્યા બાદ, બિસુમાબેને જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસીને ફરાર વાહન ચાલકને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## દુ:ખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### એડવોકેટ વી.એમ. પટેલના માતાનું અવસાન: સાંજે બેસણું



**રાજકોટ:** લાભુબેન મુળજીભાઈ મુંજપરા તે વી.એમ.પટેલ (એડવોકેટ) તથા દીનાબેન અશોકકુમાર હીરપરાના માતુશ્રી, તે મીલન વી. મુંજપરા (એડવોકેટ) તથા જેનીશા મીતેષકુમાર કાકડીયાના દાદીમાંનુ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૦૨/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬, પર્ણકુટી સોસાયટી કોમ્યુનીટી હોલ, એસ્ટ્રોન સોસાયટી સામે, રાજનગર ચોક પાસે, અમીન માર્ગ લાગુ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** ડાહ્યાલાલ મોતીલાલ ઠક્કર, (ઉ.વ.૮૦) તે ચંદ્રિકાબેન ના પતિ, સ્વ. આશિષ, પૂર્વીના પિતા, આર્યનના દાદા, સંદીપભાઈ ના સસરા, ધ્રુવના નાના, પ્રવિણભાઈ, જયેશભાઈના જીજાજી, મનસુખભાઈ, અનિલભાઈ, સ્વ. રમેશભાઈના મોટા ભાઈનુ તા. ૨૭-૨ ના શુક્રવાર ના રોજ થાયલ છે, તેમનુ ઉઠમણું તેમજ પિયર પક્ષની (સ્વ. શાંતિલાલ મગનલાલ પુજારા ) સાદડી ગુરુવાર ૫-૩ ના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન સ્થળ ધુમકેતુ હોલ, ૪, રોયલ પાર્ક, કાલાવડ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** હાલ નિવાસી રાજકોટ પ્રવીણસિંહ જીવુભા ઝાલા ભલગામડા (ઉ.વ.૭૭) નું તા. ૨૮-૨ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨-૩ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન અત્રેશ્વર મહાદેવ મંદિર જીલ્લા ગાર્ડન રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ચા.મ. મોઢ બ્રાહ્મણ ઉષાબેન ઉમેશકુમાર દવે (ઉ.વ.૫૪) મુળ ગામ ખાનપર (નેસડા)તે ઉમેશભાઈ (બકુલ) લલીતચંદ્ર દવેના પત્ની, સ્વ. લલીતભાઈ નર્મદાશંકર દવેના પુત્રવધુ, સ્વ. દક્ષાબેન હેમંતભાઈ વ્યાસ, સંજયભાઈના ભાભી, રક્ષિતભાઈ, રિંકલબેનના માતા, પર્વના દાદીમાં, આધ્યાના નાનીમા, સ્વ. જયંતિલાલ જટાશંકર ભટ્ટ (મોરબી) ના પુત્રીનું તા. ૨૮ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા. ૨-૩ ને સોમવારે સાંજે ૪ થી ૫ સુધી ઈન્દ્રેશ્વર મહાદેવ, માસ્ટર સોસાયટી, કસ્તુરબા સ્કુલ, પાસે ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ચાતુર્વેદી મચ્છુ કાંઠીયા મોઢ બ્રાહ્મણ (મુળ અગાભી પીપળીયા હાલ રાજકોટ) સ્વ. વિનોદભાઈ મહાશંકરભાઈ પંડયા (ઉ.વ.૮૩) તે દક્ષાબેન (દયાબેન)ના પતિ, સ્વ. લાભશંકર મહાશંકર પંડયાના લઘુબંધુ, વિપુલભાઈ, પંકજભાઈ, દિપ્તીબેન ભરતકુમાર જોષી (મોરબી)ના પિતા, સ્વ. પ્રભાશંકર જયાશંકર દવે (મુળ તળાજા) ના જમાઈ, વેદાંત, નિકેત, વૈદિક, પ્રાપ્તીના દાદા, રોહન, મોનિલના નાનાનું તા. ૧-૩ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું પિયર પક્ષનું બેસણું તા. ૫-૩ ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ દરમિયાન સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક મેઈન રોડ, રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# બેંક ઓફ ઈન્ડિયા રીટાયર્ડ એસો. દ્વારા ૨૪૦ પરિવારોને રાશનકીટનું વિતરણ

## રોઝરી સ્કુલના વિદ્યાર્થીઓ સેવાયજ્ઞમાં હોંશભેર જોડાયા




**અબતક, રાજકોટ**

બેંક ઓફ ઈન્ડિયા રિટાયર્ડ એમ્પલોઈઝ એસોસીએશન દ્વારા પ્રેરિત પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ તથા રોઝરી સ્કૂલના સંયુક્ત ઉપક્રમે લગભગ ૨૪૦ જરૂરતમંદ પરિવારોને આગામી હોલિકા - પર્વના ઉપલક્ષ્યમાં રૂ. ૫૦૦ ની કિંમતની અનાજની સામગ્રી આપવામાં આવી હતી.

મરચું ૫૦૦ ગ્રામ, ધાણાજીરું ૫૦૦ ગ્રામ, હળદર ૨૦૦ ગ્રામ, ખજૂર ૫૦૦ ગ્રામ, ધાણી એક પેકેટ અનાજ વિતરણના આ અવસરને રૂડો બનાવવા રોઝરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સેવાઓ આપી હતી. વાર્ષિક પરીક્ષાઓ માથે હોવા છતાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. તેમનું ઉત્સાહવર્ધન કરવા તથા માર્ગદર્શન પૂરું પાડવા તેમના શિક્ષકગણના સદસ્યો તેમ જ કર્મચારીગણ પણ ઉપસ્થિત હતાં. સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિશાલભાઈ વારિયા વિશેષપણે હાજર રહ્યા હતા. શિક્ષકગણ તથા કર્મચારીગણના પ્રતીક સંચાણિયા, તૃષાન્ત ગોસાઇ, રશ્મિ પંડયા, મિતલ વાડોલિયા, જીમ્મીકુમાર મોદી, દેવાંશી જાની, ભક્તિ કોટક, કૌશલ દોશી, તન્વી મકવાણા, હેતાક્ષી વાઘેલા, રોહિણી લાડાણી, નિકિતા ચાવડા, રઘુભાઈ પંચાસરા, જયશ્રીબેન પંચાસરા, દર્શનભાઈ ધોળકિયા તથા ભુપેન્દ્રભાઈ સેજપાલની સવિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

# રાજમાર્ગો પરથી આડેધડ વાહન ટોઈંગથી વેપારીઓ જનતા પરેશાન: કોંગ્રેસ સમક્ષ હૈયાવરાળ ઠાલવી




## મહિલાઓને છાશવારે ઝીંકાતા પાણી કાપ સામે રોષ વ્યક્ત કર્યો

## વોર્ડ નં.૮ માં કોંગ્રેસ આપને દ્વાર-જનતાની વેદના કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

શહેર કોંગ્રેસ દ્વારા લોકો સાથે સીધો સંપર્ક મજબૂત બનાવવા અને નાગરિકોના પ્રશ્નોને નજીકથી સમજવા માટે આયોજિત કોંગ્રેસ આપને દ્વાર-જનતાની વેદના કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં. ૮ના વિવિધ વિસ્તારોમાં જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો.

વોર્ડ નં. ૮ ના વિવિધ સ્થાનિક પ્રશ્નોને શહેર કોંગ્રેસ દ્વારા આવરી લેવામાં આવ્યા હતા. ખાસ કરીને વિસ્તારમાં શુદ્ધ પીવાના પાણીની અછત અંગે લોકોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. નાગરિકોએ જણાવ્યું હતું કે ઘણા વિસ્તારોમાં નિયમિત રીતે સ્વચ્છ પીવાનું પાણી મળતું નથી અને મહિનામાં ગમે ત્યારે પાણી પુરવઠો બંધ થઈ જવાથી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તે ઉપરાંત વોર્ડના દુકાનદારો દ્વારા પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાની સમસ્યા રજૂ કરવામાં આવી હતી. દુકાનદારો અને સ્થાનિક વેપારીઓએ જણાવ્યું હતું કે પાર્કિંગ માટે યોગ્ય જગ્યા ન હોવા છતાં ગમે ત્યારે વાહનો ટોઈંગ કરવામાં આવે છે જેના કારણે વેપારીઓ અને નાગરિકોને આર્થિક તેમજ માનસિક તકલીફો સહન કરવી પડે છે. સ્થાનિક નાગરિકોએ વિસ્તારની ગંદકી અને અપૂરતી સફાઈ વ્યવસ્થાને લઈને અસહ્ય તકલીફ હોવાની ફરિયાદ પણ રજૂ કરી હતી. લોકોએ જણાવ્યું હતું કે વારંવાર રજૂઆતો છતાં તેમની ફરિયાદો સાંભળવામાં આવતી નથી અને સમસ્યાઓ લાંબા સમય સુધી યથાવત રહે છે.

આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે, આ દેશમાં સૌથી મોટી શક્તિ પ્રજાના મતાધિકારમાં વસે છે. મતાધિકાર માત્ર મતદાનનો દિવસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સત્તાધીશોને જવાબદાર બનાવવાની શક્તિ છે. જ્યારે સામાન્ય માણસના નાના-મોટા કામો અટવાઈ જાય, લોકો પોતાની જ સમસ્યાઓ માટે ભટકતા રહે અને તેમની ફરિયાદો સાંભળવાનો સતાધીશો પાસે સમય ના હોય ત્યારે પ્રજા એ સમજવાનો સમય આવી જાય છે કે સત્તામાં બેઠેલા લોકોને જવાબ આપવો પડશે.

વોર્ડ નં. ૮ માં લોકો સાથે થયેલી મુલાકાત દરમિયાન સ્પષ્ટ લાગ્યું કે લોકો મુશ્કેલીઓ વચ્ચે જીવન જીવવા મજબૂર છે, છતાં તેઓ આશા રાખે છે કે તેમની વાત કોઈ સાંભળશે. કોંગ્રેસ લોકોની આ આશા અને વિશ્વાસને જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે.

# એ.વી.પી.ટી.આઈ. કોલેજના રોજગાર મેળામાં ૩૦૦ વિદ્યાર્થીઓને ઓન ધ સ્પોટ જોબ

## વિદ્યાર્થીઓને ભણતા ભણતા પગભર કરવાનો ઉદેશઉત્સાહી યુવાનો માટે બન્યો આશિર્વાદરૂપ



**અબતક, રાજકોટ**

એ.વી.પી.ટી.આઈ.કોલેજ કેમ્પસ ખાતે પ્લેસમેન્ટ કેમ્પ ૨૦૨૬ નું સફળ આયોજન ગુજરાત રાજ્યમા વિદ્યાર્થીઓને રોજગારીની ઉત્તમ તકો ઘર આંગણે મળી શકે તે માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૫ ઝોન બનાવીનેજીલ્લા પ્રમાણે અલગ અલગ સ્થળો પર મેગા પ્લેસમેન્ટ ફેર નું આયોજન સમગ્ર રાજ્યમાંછેલ્લા ઘણા વર્ષોથી કરવામાં આવી રહેલ છે. જેમાં મોટી સંખ્યામાં રાજકોટ અને મોરબી જીલ્લા (ઝોન-૫ ના નોડ- ૧, ૨, ૧૦) ની સરકારી અને બિનસરકારી અનુંદાનીત કોલેજોના આર્ટસ, સાયન્સ, કોમેર્સ, લો, ફાર્મસી, એન્જીનીયરીંગ (ડીગ્રી અને ડીપ્લોમાં) વિદ્યાર્થીઓ અને કંપનીઓ આ કેમ્પમાં જોડાઈ છે. રાજકોટ એ.વી.પી.ટી.આઈ કોલેજ કેમ્પસ ખાતે તારીખ ૨૭/૨/૨૦૨૬ અને ૨૮/ ૨/ ૨૦૨૬ દરમ્યાન પ્લેસમેન્ટ કેમ્પના આયોજનમાં ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ એક કરતા વધારે કંપનીઓમાં ઈન્ટરવ્યુ આપી અને પસંદગી પામેલ છે.

સમગ્ર પ્લેસમેન્ટ કાર્ય શિક્ષણ વિભાગ અને નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત ના નેજા હેઠળ કરવામાં આવી રહેલ છે.નોડલ ઓફિસ તરીકે પ્રો. જી.વી. પરમાર, અને ડો. પરેશ રાવલ, આચાર્ય , ડીએચ કોલેજ દ્વારા પ્લેસમેન્ટ કેમ્પની કમિટીનું આયોજન કરી ઝોનમાં આવતી તમામ કોલેજો સાથે સતત સંપર્કમાં રહી પ્લેસમેન્ટ કેમ્પનું સુચારુ આયોજન કરેલ છે. ઓનલાઈન સ્કીન અને આરઓ કોડ દ્વારા માહિતી મેળવી વિદ્યાર્થીઓને અગવડતા ઉભી ન થાય તે માટેનંઓ આયોજન ડો. દર્શિતા પાઠક અને ચિત્રાંગ વ્યાસ દ્વારા કરવામાં આવેલ હતું.

વિદ્યાર્થીઓ કેમ્પનો પુરતો લાભ લઈ શકે તે માટે એચ. એન્ડ એચ. બી. કોટક સાયન્સ કોલેજ, ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ તેમજ ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, રાજકોટનો સ્ટાફ સતત આ કેમ્પમાં કાર્યરત રહેલ હતો.

# ટેન્ડર વિના સ્પોર્ટ્સ સંકુલનું સંચાલન સોંપવા મામલે કોર્પોરેશનને નોટિસ

## સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેનો અને સભ્યોને પક્ષકાર તરીકે જોડવા પણ કોર્ટનો હુકમ

**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેસકોર્સ સ્પોર્ટ્સ સંકુલ સ્થિત શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમના સંચાલનમાં થયેલી કથિત ગેરરીતિઓ બાબતે નામદાર કોર્ટે લાલ આંખ કરી છે. આ મામલે કોર્ટે ઠરાવ કરનાર સ્ટેન્ડિંગ કમિટીના તત્કાલીન ચેરમેનો અને સભ્યોને પક્ષકાર તરીકે જોડવા માટે નોટિસ ફટકારી છે.

આ મામલે જાગૃત નાગરિક આનંદભાઈ અશ્વિનભાઈ વ્યાસ દ્વારા કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો છે. આક્ષેપ છે કે કોર્પોરેશન દ્વારા કોઈ પણ પ્રકારની ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા વગર અથવા જાહેર જનતાને જાણ કર્યા વગર એક સેવાકીય સંસ્થાને વર્ષ ૨૦૧૨થી ૨૦૨૭ સુધી (કુલ ૧૫ વર્ષ માટે) શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમનું સંચાલન સોંપી દેવામાં આવ્યું છે.

દાવામાં જણાવ્યા અનુસાર, જ્યારે અન્ય રમત-ગમતના મેદાનો (જેમ કે ક્રિકેટ પીચ, ફૂટબોલ ગ્રાઉન્ડ વગેરે) માટે ઊંચી રકમ વસૂલીને આકરી શરતો સાથે ટેન્ડર બહાર પાડવામાં આવે છે, ત્યારે સરગમ ક્લબને કોઈપણ ચાર્જ લીધા વગર આ સંકુલ સોંપાયું છે.

વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ દરમિયાન કોર્પોરેશન દ્વારા મેઈન્ટેનન્સ પેટે વાર્ષિક રૂ. ૪,૮૦,૦૦૦ની ગ્રાન્ટ પણ ક્લબને આપવામાં આવી હતી. આર.ટી.આઈ. દ્વારા મળેલી માહિતીમાં આ ઘટસ્ફોટ થયો છે કે જનતાના વેરાના નાણાંનું નુકસાન કરીને આ ગેરકાયદે પ્રક્રિયા કરવામાં આવી છે.

વાદી આનંદભાઈ વ્યાસની અરજીને ગ્રાહ્ય રાખીને નામદાર કોર્ટે વર્ષ ૨૦૧૨માં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહેલા ડો. જૈમનભાઈ ઉપાધ્યાય તથા વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨માં ચેરમેન રહેલા પુષ્કરભાઈ પટેલ તેમજ કમિટીના અન્ય સભ્યોને પ્રતિવાદી (પક્ષકાર) તરીકે જોડવા નોટિસ પાઠવી છે.આ કેસમાં વાદી તરફથી એડવોકેટ એ. એસ. હિંગોરજા રોકાયેલા છે.

# બાર કાઉન્સિલના ઉમેદવાર દિલીપ પટેલ અને બાર એસોસિએશનના હોદેદારોનું સ્નેહ મિલન યોજાયુ





**અબતક, રાજકોટ**


શહેરના મવડી વિસ્તારમાં આવેલી સરદાર નગર કોમ્યુનિટી હોલ ખાતે બાર કાઉન્સિલના ઉમેદવાર અને જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઇ પટેલ અને બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરાનનો પાટીદાર એડવોકેટ દ્વારા સન્માનનો કાર્યક્રમ સામાજિક રાજકીય સહિત વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો છે. રાજકોટ શહેરમાં વસતાપાટીદાર સમાજના એડવોકેટ દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઉમેદવાર દિલીપભાઈ પટેલ ,બાર એસોસિયેશનમાં ચૂંટાયેલ હોદ્દેદાર તથા કારોબારી સભ્યોનું સન્માનનો. કાર્યક્રમ સરદાર કોમ્યુનિટી હોલ ખાતે યોજાઈ ગયો જેમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ સાંસદો રામજીભાઈ માવાણી, રમાબેન માવાણી, પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ બાંભાણી,

## દિલીપ પટેલની તરફેણમાં પાટીદાર વકીલોએ મતદાન કરી વિજય બનાવવા સામાજિક અને રાજકીય અગ્રણીઓની અપીલ

માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા , દિલીપ પટેલના સમર્થનમાં મતદાન કરવાના કોલ આપેલ. આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રામજીભાઈ માવાણી, ભીખાભાઈ બાભણી, જયેશભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે વકીલોના કાર્યો માટે અને મુસકેલીમાં ઉભા રહેતા દિલીપ પટેલની તરફેણમાં મતદાન કરવા પાટીદાર વકીલો ને અપીલ કરી હતી.પાટીદારોની મિટિંગમાં હાજર રહેલ તમામ વકીલ ભાઈઓ તથા બહેનોનો એક જ સૂર હતો દિલીપ પટેલના ક્રમાંક નંબર ૬૨ સામે કરવા અને કરાવવાનો અપીલ કરવામાં આવી છે.આ પ્રસંગે બાર એસો.ના પ્રમુખ સુમિત વોરા, પૂર્વ પ્રમુખ પરેશભાઈ મારુ , સેક્રેટરી નિલેશ પટેલ, સુરેશભાઈ સાવલિયા અને લેઉવા પટેલ વિકાસ ટ્રસ્ટના રજનીભાઈ ગજેરા, અનિતાબેન ગજેરા પ્રાસંગિક પ્રવચનો કરી બાર કાઉન્સિલની ચૂંટણીમાં પાટીદારએ એકતાનું પ્રદર્શન કરી અને સૌથી વધુ મત દિલીપભાઈ પટેલને જીતાડી મજબૂત અને વકીલોના પ્રશ્નોનું નિરાકરણ માટે પ્રતિનિધિત્વ મોકલવા માટે અરવિંદ સોરઠીયા, રજનીકાંત ગજેરા, કપિલ નકુમ, અનિતાબેન ગજેરા અપીલ કરવામાં આવી છે. આ તકે પાટીદાર સમાજના સિનિયર જુનિયર અને મહિલા એડવોકેટો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રોગચાળો થોડો ઘટયો: મેલેરિયાના ૧ સહિત ૧૮૮૨ કેસ નોંધાયા

## શરદી, ઉદરસના ૯૩૩ કેસ, સામાન્ય તાવના ૭૧૫ કેસ અને ઝાડા ઉલ્ટીના ૨૩૩ કેસ મળી આવ્યા




**અબતક, રાજકોટ**

શિયાળાની સીઝને લગભગ વિદાય લઈ લીધી છે. ઉનાળાનો ધીમી ગતીએ પગરવ થઈ રહ્યો છે. ત્યારે શહેરમાં રોગચાળામા ઘટાડો નોંધાયો છે. ગત સપ્તાહે મેલેરીયાનો નવો એક કેસ સહિત ૧૮૮૨ કેસો મળી આવ્યા હતા. મચ્છરોની ઉત્પતિ સબબ ૧૦૮ આસામીઓને નોટીસ આપવામાં આવી હતી. કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારાઆજે રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે.જેમાં મેલેરીયાનો નવો એકકેસ નોંધાયો છે.જયારે શરદી, ઉધરસના ૯૩૩ કેસ, સામાન્ય તાવના ૭૧૫ કેસ, ઝાડા ઉલ્ટીના ૨૩૩ કેસ નોંધાયા છે. રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનની ટીમો દ્વારા ૯૫૮૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી જયારે ફિલ્ડ વર્કરો દ્વારા ૧૫૬૪ ઘરોમાં ફોગીંગ કરવામાં આવી હતી. મચ્છરોમાં ઉપદ્રવ વધુ હોય તેવા વિસ્તારોમાં માઉન્ટેન મશીન દ્વારા ફોગીંગ કરવામાં આવ્યું હતુ. બાંધકામ સાઈટ, સ્કુલ હોસ્પિટલ, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પલેક્ષ, ભંગારનો ડેલો, સેલર, હોલ, વાડી, પાર્ટીપ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિતના બિન રહેણાંક હેતુની ૧૭૬ મીલકતોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જે અંતર્ગત ૩૨ સ્થળોએથી મચ્છરોના લારવા મળી આવતા તમામને નોટીસ આપવામાં આવી હતી જયારે રહેણાંક હેતુની ૩૨ મિલકતોમાં મચ્છરોને ઉપદ્રવ જણાતા નોટીસ આપવામાં આવી હતી જયારે રહેણાંક હેતુની ૭૬ મિલકતોમાથી મચ્છરોના પોરા મળી આવતા તમામને નોટીસ અપાય હતી. પીવાના પાણીના ૮૩૫ નમૂના લેવાયા હતા. કલોરીન ટેસ્ટમાં બધા પાસ થયા છે.

# ગુજરાત મહેસૂલ પંચ દ્વારા ૧૧ મે થી ૭ જૂન સુધી ઉનાળુ વેકેશન જાહેર

## માત્ર અરજન્ટ હિયરિંગના કેસોની સુનાવણીની કામગીરી હાથ ધરવામાં આવશે

**અબતક, રાજકોટ**

ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૬ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટના નોટિફિકેશન અને મહેસૂલ વિભાગના નિયમોને ધ્યાને રાખીને આગામી તા. ૧૧ મે થી ૦૭ જૂન, ૨૦૨૬ દરમિયાન ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે, તેમ ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદની યાદીમાં જણાવાયું છે. આ વેકેશન દરમિયાન અરજન્ટ હિયરિંગના કેસો જે કામચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી હોય તેવા કેસો સિવાયની સુનાવણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહીં. વધુમાં,આ વેકેશન દરમિયાન ગુજરાત મહેસૂલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધીનો રહેશે. આ સમય દરમિયાન અપીલ કે રિવિઝન અરજીઓ વગેરે સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે.

# રેસકોર્સ પાર્કમાં આજે હોલીકા દહન

## ૩૧ વર્ષથી ઉજવાતા વિવિધ ધાર્મિક પર્વો

**અબતક, રાજકોટ**

રેસકોર્ષ પાર્કના રહેવાસીઓ દ્વારા વર્ષભરમાં આવતા પર્વોની સાંસ્કૃતિક માહોલમાં ઉજવણી કરાય છે. આજે પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલની આગેવાનીમાં હોલીકા દહનની શાસ્ત્રોકત વિધી મંત્રોચ્ચાર બાદ રાત્રે ૯ કલાકે અગ્નિ પ્રજલીત કરાશે. રહેવાસીને દર્શનનો લાભ લેવા જણાવાયું છે. રેસકોર્ષ પાર્કનાં પરીવાર પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહીલ દવારા છેલ્લા ૩૧ વર્ષથી ભારતના ધર્મની પરંપરાગત સંસ્કૃતિ ઉજાગર કરવા હોળી નાં ધાર્મીક પર્વે હોલીકા દહનનું રાત્રે ૯ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હોળીની અંદર કપૂરની ગોટી તથા ગૂગળનો પણ ઉપયોગ દવારા વિધીપૂર્વક શરૂઆત કરવામાં આવશે. બ્રાહમણને બોલાવી શાસ્ત્રોકત વિધિ અનુસાર મંત્રોચ્ચાર બાદ હોળી ની શરૂઆત કરવામાં આવશે. આ સર્વ તૈયારી માટે રેસકોર્ષ પાર્કનાં ભાઈઓ બહેનો તથા કાર્યકર્તા મીત્રો ની મહેનત તથા તૈયારી ખૂબ જ મહત્વની બની રહે છે. સર્વે ધર્મપ્રેમી ભાઈઓ બહેનો ને દર્શન માટે લાભ લેવા ખાસ જણાવવામાં આવે છે. રેસકોર્ષ પાર્ક નાં પરીવાર પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહીલનાં કુશળ માર્ગદર્શન હેઠળ રેસકોર્ષ પાર્કનાં બહેનો, ભાઈઓ, કાર્યકર્તા મીત્રો દવારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# બે બહેનો ૩૦-૩૦ પાણીપુરી ઝાપટી ગયાં: રૂ.૫ હજારનું ઈનામ પણ જીત્યાં

## કોર્પોરેટર નિલેશભાઈ જલુ દ્વારા યોજાયેલી પાણીપુરી સ્પર્ધામાં ૨૩૦ મહિલાઓએ ભાગ લીધો





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર હોદ્દેદારો દ્વારા વાર તહેવારે ઘરના કામકાજમાંથી મનને મુકત કરવા માટે કોઈ પણ પ્રવૃત્તિઓ કરી લોકોને હળવા મળવા સાથે સમાજમાં એકજુટ રહે તેવો એક પ્રયાસ રાજકોટ શહેરના વોર્ડનં.૧૪ ના નિલેશભાઈ જલુ દ્વારા બહેનો માટે પાણી પુરી જમવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુલ ૨૩૦ બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પહેલા ક્રમાંકે બે બહેનો ૩૦-૩૦ પાણીપુરી સાથે પ્રથમ ક્રમાક બંને બહેનોને રૂ.૫૦૦૦ તથા દ્વિતીય ક્રમાંકે ૨૮ પાણીપુરી ને રૂ. ૨૧૦૦ અને તૃત્રિય ક્રમાંકે ૨૬ પાણીપુરી સાથે આવેલ બહેનને રૂ. ૧૧૦૦ ની રકમ ઈનામ તરીકે આપવામાં આવેલ હતી. આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા,મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા,વોર્ડ નં. ૧૪ ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોષી, વોર્ડ નં.૭ ના પ્રભારી શૈલેષભાઈ હાપલીયા, વોર્ડ પ્રમુખ પવનભાઈ સુતરીયા, મહામંત્રી માણસુરભાઈ વાળા, કેયુરભાઈ મશરૂ, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર મંત્રી ધર્મિષ્ઠાબેન વાઘેલા, શિક્ષણ સમિતીના સભ્ય જયદીપભાઈ જલુ,શહેર મહિલા મોરચા પૂર્વ પ્રમુખ કિરણબેન માકડીયા, પૂર્વ કોર્પોરેટર કિશોરભાઈ પરમાર, બક્ષીપંચ મોરચા પૂર્વ મહામંત્રી જે.પી.ધામેચા તેમજ વિપુલભાઈ માખેલા, મહિલા મોરચાના વૈશાલીબેન મહેતાસહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડ રોડ પર મંડપના ગોડાઉનમાં વિકરાળ આગ: ૧૬ કલાકે કાબુમાં આવી

## વાજડી-ન્યારી રોડ પર આવેલા કોંગી આગેવાનની માલિકીના મુંદ્રા ઈવેન્ટ નેટવર્કના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા લાખો રૂપિયાનો સામાન ભસ્મિભૂત સદનસીબે કોઈ જાનહાની નહિ




રાત્રે આઠ વાગ્યાં આસપાસ લાગેલી આગને કાબુમાં લેવા છ ફાયર ફાઈટર દોડાવાયા

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર વાજડી-ન્યારી રોડ પર આવેલ કોંગી આગેવાનની માલિકીની મુંદ્રા ઈવેન્ટ નેટવર્ક નામના મંડપ સર્વિસના ગોડાઉનમાં લાગેલી આગએ ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બનાવને પગલે અલગ અલગ ફાયર સ્ટેશન ખાતેથી છ ફાયર ફાઈટરો દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન શરૂ કરવામાં આવ્યા હતા. જો કે, આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવવામાં ૧૬ કલાકનો સમય લાગ્યો હતો.

આગની ઘટના અંગે ફાયર બ્રિગેડમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ગત રાત્રીના આઠ વાગ્યાં આસપાસ કાલાવડ રોડ પર આવેલા વાજડી ગામ પાસે આવેલ મુંદ્રા ઈવેન્ટ નેટવર્ક નામના મંડપના ગોડાઉનમાં કોઈ કારણોસર આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમા મંડપનો સામાન હોય આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જે મામલે રાત્રીના ૮૦૮ વાગ્યે ફાયર બ્રિગેડને કોલ મળતા કાલાવડ રોડ, રામાપીર ચોકડી, રેલનગર, મવડી અને કોઠારીયા ફાયર સ્ટેશન ખાતેથી છ ફાયર ફાઈટર ઘટનાસ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવવામાં ૧૬ કલાકનો સમય લાગ્યો હતો.

કોંગી આગેવાન અને અગાઉ વિધાનસભા-૬૮ બેઠક પરથી કોંગ્રેસના નિશાન પર ધારાસભ્યની ચૂંટણી લડી ચૂકેલા મિતુલભાઈ દોંગાની માલિકીના ગોડાઉનનો અડધો ભાગ આગમાં ખાખ થઈ ગયો છે. જોકે આ આગના કારણે કોઈ પણ પ્રકારની જાનહાની થઈ નથી. નુકશાનનો આંકડો હજુ બહાર આવ્યો નથી.

### આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ગોડાઉનની બાજુમાં આવેલા એપાર્ટમેન્ટના કાચ ફૂટી ગયા

મુંદ્રા ઈવેન્ટ નેટવર્કના ગોડાઉનમાં આગ લાગી હતી. તેની નજીકમાં જ એક બંગલાની સ્કીમ હોય તેમાં રહેતા લોકોની ચિંતા વધી હતી. જો કે, ફાયરબ્રિગેડે તાત્કાલીક પાણીનો મારી ચલાવી આગને વધુ ફેલાતા અટકાવી હતી. આગની જ્વાળાના કારણે પામવિલા બંગલાની બારીઓના કાચ ફૂટી ગયા હતા.

# જેતપુર પરશુરામ સેના દ્વારા પાંચ દીકરીઓનું કન્યાદાન અને પાંચ બટુકોને આપ્યા યજ્ઞોપવિત સંસ્કાર

## ભુદેવોના કાર્યક્રમમાં ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા સહિતના આગેવાનો થયા સહભાગી




**અબતક, રાજકોટ**

પરશુરામ સેના જેતપુર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સમુહ લગ્નમાં પાંચ દિકરીઓનું કન્યાદાન અને પાંચ બટુકોને યજ્ઞોપવિતના સંસ્કારો અપાયા હતા.

પરશુરામ સેના જેતપુર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી બ્રહ્મ સમાજના ઉત્થાન માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, આ વર્ષે ૧૪ માં સમૂહલગ્ન તથા યજ્ઞોપવિતનો કાર્યક્રમ મુખ્ય દાતા ભારતીબાળા રમેશભાઈ ઠાકર સુડાવડ વાળા(હાલ મુંબઈ) તથા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા સહિતના દાતાઓનો સહકારથી આ કાર્યક્રમનો પ્રારંભમાં દીપ પ્રાગટ્ય જયેશભાઈ રાદડિયા, રમેશભાઈ ઠાકર, ઋષિ મંદિરના મહંત કનૈયા નંદજી મહારાજ, મોટી હવેલી ના પ્રિયંકરાયજી, હરેશભાઈ જોષી, જગદીશભાઈ પાંભર, મનીષભાઈ પંડ્યા, કમલેશભાઈ પંડ્યા, સી.ટી. પટેલ, પરાગભાઈ મહેતા, પરેશભાઈ જોષી ઉપસ્થિત રહી નવદંપતિ તથા બટુકોને શુભેચ્છા પાઠવી હતી, તેમજ શાસ્ત્રી સંદીપભાઈ જાની દ્વારા વેદોક્ત મંત્રોચારથી લગ્ન વિધિ તેમજ યજ્ઞોપવિત વિધિ કરાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પરશુરામ સેના જેતપુરના પ્રમુખ હિતેષભાઈ જોષી, મંત્રી અશોકભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ સુરેશભાઈ પંડ્યા, ઉપપ્રમુખ શૈલેષભાઈ જોષી, સુરેશભાઈ મહેતા, સંજયભાઈ દવે, ઘનશ્યામભાઈ જોષી, દિલીપભાઈ જોષી, તરુણભાઈ જોષી, રાજુભાઈ મહેતા, ધર્મેશભાઈ કનૈયા, ચંદુભાઈ જોષી, મનુભાઈ મહેતા, અજયભાઈ અધ્યારૂ, પંકજભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ વ્યાસ, પરેશભાઈ જોષી, નરેન્દ્રભાઈ જાની, વિનોદભાઈ ઠાકર, સુનિલભાઈ શુક્લા, હાર્દિકભાઈ વ્યાસ, હિરેનભાઈ દવે, રીનાબેન દવે, નીતાબેન જોષી, કાશ્મીરાબેન ઠાકર, ગીતાબેન જોષી, મધુબેન ઠાકર, દક્ષાબેન જોષી, રીટાબેન મહેતા, આરતીબેન જાની, લતાબેન દવે, ઈલાબેન દવે એ જહેમત ઉઠાવી હતી.

# ભારતીયોએ UPI દ્વારા ફેબ્રુઆરીમાં ૭૨.૮ કરોડ ટ્રાન્ઝેક્શન કરી ઓલ - ટાઈમ રેકોર્ડ તોડ્યો

## ગયા વર્ષની સરખામણીએ આ વખતે ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં ૨૭%નો વધારો જોવા મળ્યો

ફેબ્રુઆરી મહિનામાં ભારતીયોએ ઓનલાઈન પેમેન્ટ કરવામાં નવો રેકોર્ડ બનાવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના આંકડા મુજબ, ફેબ્રુઆરીમાં દરરોજ સરેરાશ ૭૨.૮ કરોડ (૭૨૮ મિલિયન) ટ્રાન્ઝેક્શન થયા છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. ગયા વર્ષના ફેબ્રુઆરીની સરખામણીએ આ વખતે ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં ૨૭% નો તોતિંગ વધારો જોવા મળ્યો છે.

ફેબ્રુઆરીમાં કુલ ૨૦.૩૯ અબજ વ્યવહારો થયા, જેની કિંમત અંદાજે રૂ. ૨૬.૮૪ લાખ કરોડ થાય છે. જાન્યુઆરી મહિના કરતા આંકડો થોડો ઓછો લાગે છે, પણ તેનું મુખ્ય કારણ એ છે કે ફેબ્રુઆરીમાં દિવસો ઓછા હતા. છતાં, 'ડેઈલી એવરેજ' માં ફેબ્રુઆરીએ બાજી મારી છે. UPI હવે માત્ર શહેરો પૂરતું મર્યાદિત નથી રહ્યું. હવે નાના વેપારીઓ અને સામાન્ય લોકો પણ રોકડને બદલે UPI ને વધુ પસંદ કરી રહ્યા છે. ભલે મહિનો નાનો હોય, પણ રોજિંદા ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ તૂટવો એ દર્શાવે છે કે ભારત સાચા અર્થમાં 'ડિજિટલ' બની રહ્યું છે. ચાની લારીથી લઈને મોટા મોલ સુધી દરેક જગ્યાએ UPI વપરાય છે. આ ડેટા સાબિત કરે છે કે આવનારા સમયમાં રોકડનો વપરાશ હજુ ઘટશે અને ટેકનોલોજીનો વ્યાપ વધશે.

# શિવ સંગમ સોસાયટી જલારામ-૨ ખાતે હોળી મહોત્સવમાં આજે સંગીતનો જલ્સો

**અબતક, રાજકોટ**

રાજકોટના ઈન્દિરા સર્કલ પાસે જલારામ-૨, શિવ સંગમ સોસાયટી ખાતે હોળી મહોત્સવ અંતર્ગત આજે રાત્રે ૮.૩૦ કલાકે ભક્તિ,દેશ ભક્તિ અને ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે. આ હોળી મહોત્સવમાં અનિરૂદ્ધ મૈત્રા દ્વારા દિનેશ બાલાસરા પ્રસ્તુત મ્યુઝિકલ વર્લ્ડ ગ્રુપ દ્વારા ભક્તિ, દેશભક્તિ અને જુના યાદગાર ગીતો રજુ કરવામાં આવશે. દિનેશ બાલાસરા, સૈફ ત્રિવેદી, દીપા ચાવડા, આસિફ કુરેશી ગીતોની રમઝટ બોલાવશે. જેમાં સાજીંદાઓ મહેશ પરમાર, નિલેશ પાઠક, દેવાંગ જાની, મહર્ષિ શીંગાળા, વેંકટ રામન અને કલ્યાણકુમાર સાથ આપશે. જ્યારે સાઉન્ડ સિસ્ટમમાં આનંદ સાઉન્ડનાં મનીષ ભાગવાણી સાથ આપશે.

નમ્રતાગ્રીન ઓર્ગેનાઈઝેશન તથા બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત

# મહેંદી સ્પર્ધામાં શાળા નં.૯૨ના વિદ્યાર્થિનીઓની કલા નીખરી

## 'સરસ' ભાત પાડનાર વિદ્યાર્થિનીઓને બિરદાવાયું

**અબતક, રાજકોટ**

સામાજીક ક્ષેત્રે કાર્યરત સંસ્થા નમ્રતાગ્રીન ઓર્ગેનાઈઝેશન તથા બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે શાળા નં.૯૨માં બાળાઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં શાળાની અસંખ્ય ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે નમ્રતાગ્રીન ઓર્ગેનાઈઝેશનના મહેન્દ્ર આયલાણીએ જણાવ્યું હતું. બાળકોના સર્વાંગી વિકાસ માટે આવી સ્પર્ધાઓ ખૂબ જ જરૂરી છે. આ આયોજનમાં ભગવાનજીભાઈ પરમાર, નયનભાઈ ચૌહાણ, રાકેશભાઈ સોલંકી તથા મહેન્દ્રભાઈ રાઠોડનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. તેમના સાથે શાળાના આચાર્ય અને શિક્ષણ ગણ પણ જોડાયા હતા. સ્પર્ધાના અંતે વિજેતા બનેલી બાળાઓને પ્રોત્સાહન ઈનામો આપીને બિરદાવવામાં આવી હતી.

# શહેરીજનોને હોળી-ધુળેટીના પર્વની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## દ્વેષના રજકણો ઉડાડીએ, પ્રેમનો ગુલાલ ઉડાડીએ, અને જીવનને રંગોત્સવ બનાવીએ

**અબતક, રાજકોટ**

રાજકોટ વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને હોળી-ધુળેટીના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે હોળી અને ધુળેટી માત્ર ભારતમાં જ નહી અન્ય દેશોમાં પણ ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવે છે,



આમ હોળીનો તહેવાર આપણને સત્યનો અસત્ય ઉપર વિજય અને ધર્મનો અધર્મ ઉપર વિજયનો સંદેશ આપે છે. હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ હૃદયોને જોડતો ઉત્સવ છે. આ દિવસ એક્તા અને ભાઈચારા અને સામાજિક સમરસતાનો સંદેશ પણ આપે છે.

બીજા દિવસે ધૂળેટી સત્યના વિજયની ખુશાલી અને હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે. એમ શહેરીજનોને હોળી-ધૂળેટી પર્વની શુભેચ્છા આપતા અંતમાં ઉદય કાનગડએ જણાવેલ હતું.

# કંઈ રીતે વાત કરો છો તેના પરથી તમારો કલાસ નકકી થાય છે: ધીરગુરુદેવ

## ધીરગુરુદેવના સાંનિધ્યે આનંદ મંગલ હોલ ઉદઘાટનમાં રૂ.૧.૨૮કરોડના અનુદાનથી ધર્મોલ્લાસ

**અબતક, રાજકોટ**

ધાટકોપર સ્થાનકવાસી જૈન મોટા સંઘ ખાતે ધીરગુરુદેવ તથા મહાસતીજી વૃંદની નિશ્રામાં મા સ્વામી જય વિજયાજી મ.સ. આશિર્વાદિત બીનાબેન અજયભાઈ શેઠ આનંદ મંગલ હોલ ઉદઘાટન પ્રસંગે વૈયાવચ્ચના ૩ રૂમનો લાભ જયોત્સ્ના મહેશ દોશી, ઈન્દિરાબેન શશીકાંત મહેતા, અને હીનાબેન રમેશભાઈ કામાણી પરિવારે લીધેલ. જીવદયા ચડાવાનો લાભ ઈન્દિરાબેન શશીકાંત ઉદાણી તથા પાર્થ હિતેશભાઈ જસાણીએ લીધેલ. લીફટ નામકરણમાં પારૂલ ઉર્વિશ વોરા લાભાર્થી બન્યા હતા.



ઉનાળુ છાશ વિતરણ યોજનામાં દાતાઓ સહભાગી બન્યા હતા. માનવ આર્કિટેકટ ભાવિક કાંતિલાલ શાહનું સંઘ કમીટીએ મોમેન્ટોથી સન્માન કરેલ. તકતી અનાવરણ વિધિનો લાભ હસ્મિતાબેન હિતેશભાઈ જસાણીએ લીધેલ. ૨૪ તીર્થ કર નામાવલી દાતાનું અભિવાદન કરવામાં આવેલ.

ધર્મસભામાં ગુરુદેવે જણાવેલ કેવી રીતે કરવી એના કોઈ કલાસ નથી હોતા પણ કઈ રીતે વાત કરો છો તેના પરથી તમારો કલાસ નકકી થાય છે. નવકારશી નો લાભ નયના મહેશ રુપાણીએ લીધેલ. ઈન્દ્રપુરી બરોડા સંઘને આયંબિલ ભવનમાં દફતરી પરિવારે ૫૧ લાખનું દાન ઘોષિત કરતા ઉમંગ છવાયો હતો.

તા. ૮-૩ ને રવિવારે પવઈ સંઘમાં વીતરાગ વેયાવચ્ચ ભવન ઉદઘાટન પ્રસંગે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા ધીરગુરુદેવ નિશ્રા પ્રદાન કરશે. આ પ્રસંગે નરેશમુનિ મ.સા. નિરંજન મુનિ. મ.સા. પૂ. આગમમુનિ મ.સા. આદિ તથા મહાસતીજી વૃંદ પધારશે.

સ્વાગત અને ઋણ સ્વીકાર મુકેશભાઈ કામદાર તથા દર્શકભાઈ રૂપાણીએ કરેલ.

# મોબાઈલ નંબરથી લોગીન થતી બધી જ એપ હવે સિમ કાર્ડ વગર ચાલશે નહીં

## કંઈ કંઈ એપ્લિકેશન પર આ નિયમ લાગુ પડશે?

તમામ એપ્સ જે મોબાઈલ નંબર (ઓટીપી) દ્વારા લોગ-ઈન થાય છે તેને આ નિયમ લાગુ પડશે. જેમાં વોટ્સએપ્પ (સૌથી વધુ અસર અહીં જોવા મળશે), ટેલીગ્રામ, સિગ્નલ, સ્નેપચેટ, જીયોચેટ, અરાટાઈ (સ્વદેશી મેસેજિંગ એપ), જોશજીયો, હોટસ્ટાર, નેટફ્લીક્સ જેવી બધી એપ્સનો સમાવેશ થાય છે. હાલમાં ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવી એપ્સ (જે ઈમેલથી પણ ચાલે છે) માટે આ નિયમની સ્પષ્ટતા નથી.

## સાયબર, ઓનલાઈન ફ્રોડ અને ઓટીપી દ્વારા થતા ક્રાઈમને રોકવા માટે નિર્ણય લેવાયો છે

ભારત સરકારના ટેલિકોમ વિભાગ દ્વારા ઓનલાઇન ફ્રોડ રોકવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમ વોટ્સએપ્પ, ટેલીગ્રામ અને સિગ્નલ જેવી તમામ એપને લાગુ પડશે. અત્યાર સુધી એવું હતું કે એકવાર વોટ્સએપ્પ ચાલુ થઈ જાય પછી તમે ફોનમાંથી સિમ કાર્ડ કાઢી લો તો પણ ઈન્ટરનેટ દ્વારા વોટ્સએપ્પ ચાલતું રહેતું. પરંતુ હવે એવું નહીં થાય. જો તમે કોમ્પ્યુટર કે લેપટોપમાં વોટ્સએપ્પ વાપરો છો, તો હવે દર ૬ કલાકે તે ઓટોમેટિક લોગ-આઉટ થઈ જશે. તમારે ફરીથી લોગ-ઈન કરવું પડશે.

સાયબર ગુનેગારો બીજાના નંબર પર એકવાર ઓટીપી મેળવીને પછી સિમ વગર પણ એકાઉન્ટ ચલાવતા હતા. આ નિયમથી આવા ફ્રોડ અટકશે. જો તમારો ફોન ખોવાઈ જાય અને તમે સિમ કાર્ડ બ્લોક કરાવો, તો તરત જ તમારૂં વોટ્સએપ્પ પણ બંધ થઈ જશે, જેથી કોઈ તેનો દુરુપયોગ કરી શકે નહીં. ઓફિસમાં જે લોકો આખો દિવસ વોટ્સએપ્પ વેબ વાપરે છે, તેમણે હવે વારંવાર લોગ-ઈન કરવાની તૈયારી રાખવી પડશે. સાયબર ક્રાઈમ અને ઓનલાઈન ફ્રોડ રોકવા માટે આ નિર્ણય લેવાયો છે. ઠગ લોકો કોઈના નંબર પર વોટ્સએપ્પ એક્ટિવેટ કરીને સિમ કાર્ડ વગર તેનો દુરુપયોગ કરતા હતા, જે હવે અશક્ય બનશે.ઠગ લોકો ઘણીવાર કોઈના નંબર પર એકવાર ઓટીપી મેળવી લેતા અને પછી સિમ કાર્ડ વગર પણ વોટ્સએપ્પ ચલાવીને લોકો સાથે છેતરપિંડી (જેમ કે ડિજિટલ અરેસ્ટ, ફેક પેમેન્ટ સ્ક્રીનશોટ) કરતા હતા. હવે સિમ વગર એપ ચાલશે જ નહીં, એટલે આવા ફ્રોડ અટકશે. ગુનાખોરીના કિસ્સામાં તપાસ એજન્સીઓ માટે એ જાણવું સરળ બનશે કે મેસેજ ખરેખર કયા સિમ કાર્ડ અને લોકેશન પરથી મોકલવામાં આવ્યો છે.સરકાર ઈચ્છે છે કે દરેક એક્ટિવ મેસેજિંગ એકાઉન્ટ એક એવા સિમ કાર્ડ સાથે જોડાયેલું હોય જેનું કેવાયસી (ઓળખના પુરાવા) થયેલું હોય. ઘણીવાર ભારતીય નંબર પર વોટ્સએપ્પ ચાલુ કરીને વિદેશથી ફ્રોડ કરવામાં આવતા હતા. હવે જો સિમ કાર્ડ ભારતમાં (અને ફોનમાં) નહીં હોય, તો એકાઉન્ટ ચલાવવું મુશ્કેલ બનશે. જેમ અત્યારે ગુગલ પે કે ફોન પે જેવી બેંકિંગ એપ વાપરવા માટે જે-તે સિમ કાર્ડ ફોનમાં હોવું જરૂરી છે, હવે વોટ્સએપ્પ અને ટેલીગ્રામ માટે પણ એવું જ 'બાઈન્ડિંગ' થઈ જશે.

## સિમ-બાઈન્ડિંગ એટલે શું?

સિમ-બાઈન્ડિંગ એટલે તમારી એપ્લિકેશનને તમારા ફોનમાં રહેલા સિમ કાર્ડ સાથે લોક કરી દેવી. જે રીતે ગુગલ પે કે ફોન પે જેવી બેંકિંગ એપ વાપરવા માટે તે સિમ કાર્ડ ફોનમાં હોવું ફરજિયાત છે, તેવી જ રીતે હવે વોટ્સએપ્પ અને ટેલિગ્રામ પણ તમારા સિમ કાર્ડ સાથે 'બાઈન્ડ' એટલે કે બંધાઈ જશે. જો સિમ કાર્ડ ફોનમાં નહીં હોય, તો એપ કામ કરશે નહીં.

# ઉમિયા ધામ સિદસર દ્વારા ત્રિવેણી સમારોહ

**ઈશ્વરીયા ખાતે ૩૨ વિઘામાં શૈક્ષણિક સંકુલનું ભૂમિપુજન: ૨૫ કુંડી યજ્ઞ અને જ્ઞાતિ સમુહ ભોજન: સૌરાષ્ટ્રના પાટીદારોને ઉમટી પડવા પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીની હાંકલ**

## ૬ થી ૧૧ માર્ચમાં ઉમિયા માતાજીની રથયાત્રા: ૧૮મીએ જાજરમાન શોભાયાત્રા

**અબતક, રાજકોટ**

સીદસર ખાતે વેણુ નદીના કાંઠે બિરાજમાન કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા રજત જયંતિ મહોત્સવ-૨૦૧૨ ની ભવ્યાતિભવ્ય ઉજવણી બાદ રજત જયંતિ મહોત્સવના સ્મૃતિદિન તરીકે ૮ ફેબ્રુઆરી-૨૦૧૪ માં રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે રજત જયંતિ સ્મૃતિદિનની રાજકોટમાં વસતા કડવા પાટીદારો દ્વારા રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર આયોજીત એક દિવસના આ મીની મહોત્સવ માં સૌરાષ્ટ્રભરના પાટીદારો ઉમટી પડયા હતા. રજત જયંતિ સ્મૃતિદિન મહોત્સવના સવા દાયકા બાદ આગામી તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે 'ત્રિવેણી સમારોહ' નું ભવ્ય અને અદભૂત આયોજન થનાર છે.

ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ જણાવ્યુ છે કે રાજકોટની ભાગોળે કાલાવડ રોડ ઉપર મેટોડા નજીક ઈશ્વરીયા ગામ ખાતે તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન યોજાનાર 'ત્રિવેણી સમારોહ' માં ૩૨ વિઘા જમીનમાં નિર્માણાધીન શૈક્ષણિક સંકુલનું ભૂમીપૂજન, ૨૫ કુંડી મહાયજ્ઞ, અને કડવા પાટીદારોના જ્ઞાતી સમૂહ ભોજન નો ત્રિવેણી સંગમ યોજાશે. સમાજ વ્યવસ્થાને મજબુત બનાવી સંગઠન થકી સમાજનો



વિકાસ સાધવાનો ધ્યેય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અગ્રસર રહયો છે. આ ત્રિવેણી સમારોહમાં ૨૫ કુંડી મહાયજ્ઞ યોજાશે. જેમાં ૨૦૧૪ ના એક દિવસીય સ્મૃતિદિન મહોત્સવમાં યોગદાન આપનાર દાતાઓ યજ્ઞ ના યજમાન બનશે.

મહોત્સવ બાદ પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે અમલી બનાવેલ ૫૧ કરોડની ઉમીયા સમુધ્ધિ યોજના ને પાટીદાર શ્રેષ્ઠી ભામાશા દ્વારા જબ્બર પ્રતિસાદ મળતા સમગ્ર યોજના ૧૦૦ કરોડના ભંડોળ સુધી પહોંચી હતી. દાતાઓના દાન થકી સફળ બનેલી ઉમિયા સમુધ્ધી યોજના દ્વારા સૌરાષ્ટ્રભરમાં ૧૭ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના જેમાં કન્યા કુમાર છાત્રાલયો, શાળા, હાઈસ્કૂલ, તથા સમાજવાડીના નિર્માણ થકી પાટીદારોના સામાજીક વિકાસ વેગવંતો બન્યો છે. સિદસર ખાતે

(અનુ. આઠમા પાને)

## રાજકોટના આંગણે માઁ ઉમિયાના રથ સાથેની ભવ્ય રથયાત્રાનો રૂટ

રાજકોટ શહેરમાં મા ઉમિયાના રથ સાથેની રથયાત્રા તા. ૬ માર્ચના રોજ બપોરે ૩:૩૦ કલાકે બાલક હનુમાન મંદિરેથી પ્રસ્થાન કરશે. સેટેલાઈટ ચોક, મારૂતીનગર, ડીમાર્ટ, વિઝન સ્કૂલ, સમર્પણ પાર્ટીપ્લોટ, ધોળકીયા સ્કૂલ, મોરબી રોડ જકાતનાકા, શ્રી રામપાર્ક કોર્નર, સેટેલાઈટ ચોક, ૮૦ ફુટ રોડ થઈ ફીલ્ડમાર્શલ વાડીએ પુર્ણાહુતી થશે. તા. ૭ ને શનિવારે બપોરે ૩:૦૦ કલાકે અમરનાથ મંદિરથી પ્રસ્થાન નાનામૌવા રોડ, નાનામૌવા સર્કલ, સિલ્વર હાઈટસ, ગુલાબ વાટીકા રોડ, વિદ્યાકુંજ મેઈન રોડ, રૂદ્રાક્ષ, અતિથિ, પટેલ ભેળ ચોક, અક્ષર માર્ગ, રાણીટાવર, પંચવટી સોસા. ભક્તિધામ મંદિરે પૂર્ણાહુતી થશે. તા. ૮ ને રવિવારે બપોરે ૩:૦૦ કલાકે મહાત્મા ગાંધી સ્કૂલ, સત્યસાંઈ રોડ, આત્મીય યુનિર્વર્સીટી, કે.કે.વી હોલ, ઈન્દીરા સર્કલ, શક્તિનગર, પંચાયત ચોક, આકાશવાણી ચોક, આલાપ એવન્યુ, પુષ્કરધામ મહાદેવ મંદિરે પુર્ણાહુતી કરશે. તા. ૯ ને સોમવારે બપોરે ૩:૦૦ કલાકે નીલકંઠ મહાદેવ મંદિર થી ફેમીલી માર્ટ, પાટીદાર ચોક, બહુચર પાનવાળી શેરી, ગેલેક્સી મંડપ, જનકપુરી મંદિર, ગંગોત્રી ડેરી, સાધુવાસવાણી રોડ, ધોળકીયા સ્કૂલ વાળો રોડ, ધુલેશીયા કન્યા છાત્રાલય, રવિરત્ન ચોક, સોમેશ્વર મહાદેવ મંદિરે પુર્ણાહુતી કરશે. તા. ૧૦ ને મંગળવારે સવારે ૮:૦૦કલાકે ગ્રીનમુનથી પ્રસ્થાન, એક્વા, પારીજાત એન્ડ ઓરા, ધી ટેમ્પલ, કદમ્બ, એટલાન્ટીકા, વિન્સર ગાર્ડન રાધિકા એપા. સ્થાપત્ય ગ્રીન, રાજપથ, કલ્પવન ખાતે પુર્ણાહુતિ કરશે

# સર્વમંગલ સેવા ટ્રસ્ટ દ્વારા ૫૧ દીકરીઓને પ્રેમનું પાનેતર પહેરીને સાસરે વળાવાઈ

**માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર અને આર્થિક નબળા પરિવારની દીકરીઓને અપાઈ પ્રાથમિકતા**

**અબતક ,રાજકોટ**

રંગિલું રાજકોટ આજે માનવતા અને સામાજિક સમરસતાના રંગે રંગાયું હતું. શહેરના કણકોટ રોડ પર આવેલા ડ્રીમલેન્ડ પાર્ટી પ્લોટ ખાતે 'સર્વમંગલ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા ૧૩માં સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન ઉત્સવનું અત્યંત ભાવવાહી અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે કુલ ૫૧ જરૂરિયાતમંદ



તસવીરઃ ધ્રુવ જેઠવા

દીકરીઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાઈને નૂતન જીવનનો પ્રારંભ કર્યો હતો.

આ આયોજનની વિશેષતા એ રહી હતી કે ટ્રસ્ટ દ્વારા એવી દીકરીઓને પ્રાથમિકતા આપવામાં આવી હતી જેમના માતા-પિતા હયાત નથી અથવા જેઓ અત્યંત ગરીબ પરિવારમાંથી આવે છે. જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને 'માનવતા'ના ધોરણે યોજાયેલા આ સમૂહ લગ્ન સામાજિક એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ટ્રસ્ટીઓ અને સ્વયંસેવકોની મોટી ટીમે લગ્નથી લઈ પાર્કિંગ અને ભોજન સુધીની તમામ વ્યવસ્થાઓ શિસ્તબદ્ધ રીતે સંભાળી હતી.

## સમૂહ લગ્નમાં કોડ ભરેલી કન્યાના તમામ ઓરતા પુરા કરાયા : ટ્રસ્ટી યોગેશભાઈ સાકરિયા



સર્વમંગલ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી યોગેશભાઈ સાકરિયાએ 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ''સંસ્થા દ્વારા આ ૧૩માં સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એવી દીકરીઓને સહાય કરવાનો છે જેમના માતા-પિતાની છત્રછાયા નથી અથવા જેઓ ખૂબ જ જરૂરિયાતમંદ છે. દીકરીના પિતા પર આર્થિક બોજ ન પડે તે માટે અમે કરિયાવરમાં જીવનજરૂરી તમામ નાની-મોટી વસ્તુઓ જેવી કે વાસણો, તિજોરી, પલંગ અને દાગીનાની વ્યવસ્થા કરી છે. અમારા ટ્રસ્ટીઓ અને સ્વયંસેવકો દરેક બાબતની તકેદારી રાખી રહ્યા છે.''

## લાડકી દીકરીઓને અપાયો લાખેણા કરિયાવર

સમૂહ લગ્નમાં દરેક દીકરીને નવું ઘર વસાવવા માટે જરૂરી તમામ સુવિધાઓ આપવામાં આવી છે. દાતાઓના સહયોગથી ઘરવખરીની વસ્તુઓ (વાસણો, તિજોરી, પલંગ વગેરે), સોના-ચાંદીના દાગીના, નવા કપડાં અને અન્ય ચીજવસ્તુઓ ભેટમાં આપી દીકરીઓને વળાવવામાં આવી હતી. આ ભગીરથ કાર્ય દ્વારા સમાજમાં 'ખોટા ખર્ચ ટાળવા' અને 'સામાજિક સમાનતા'નો સંદેશ આપવામાં આવ્યો છે.

# આઈસીએઆઈ બ્રાન્ચમાં નવી કમિટીનું ગઠન સીએ મોલિક બગડાઈ ચેરમેન તરીકે નિયુક્ત

**સીએ ધવલ દોશી વાઈસ ચેરમેન અને સીએ જયેશ ધનેજા સેક્રેટરી પદે વરણી: હોદ્દેદારોએ સભ્યો અને વિદ્યાર્થીઓના હિતાર્થે કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો**




**અબતક, રાજકોટ**

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ની રાજકોટ બ્રાન્ચ ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ માટે મેનેજિંગ કમિટીના નવા હોદ્દેદારોનું પદગ્રહણ સમારોહ તા. ૨૮/૦૨/૨૦૨૬ ના રોજ ભવ્ય રીતે યોજાયો હતો. આ સમારોહમાં વ્યાપક પ્રમાણમાં સભ્યોની ઉપસ્થિતિ વચ્ચે નવી કમિટીનો કાર્યભાર સંભાળવામાં આવ્યો હતો.નવી નિમણૂકોમાં સીએ મોલિક બગડાઈ ચેરમેન તરીકે, સીએ ધવલ દોશી વાઈસ ચેરમેન તથા WICASA ચેરમેન તરીકે, સીએ જયેશ ધનેજા સેક્રેટરી તરીકે, સીએ હિરેન રાયચુરા ટ્રેઝરર તરીકે, સીએ રાજ મારવાણીયા ઈમિડીયેટ પાસ્ટ ચેરમેન તરીકે, તેમજ સીએ વિપુલ દત્તાણી અને સીએ બાદલ સોનપાલ કમિટી મેમ્બર તરીકે નિયુક્ત થયા છે.નવા હોદ્દેદારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આવનારા વર્ષ દરમિયાન સભ્યો તથા વિદ્યાર્થીઓ માટે સમયોચિત સેમિનાર, વર્કશોપ, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને કરિયર માર્ગદર્શન શિબિરોનું વ્યાપક આયોજન કરવામાં આવશે. રાજકોટ બ્રાન્ચને વ્યાવસાયિક ઉત્કૃષ્ટતા, પારદર્શિતા અને નવીન કાર્યપદ્ધતિ દ્વારા વધુ સશક્ત બનાવવાની દિશામાં દ્રઢ નિશ્ચય વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ બ્રાન્ચને રાજ્યસ્તરે આગવી ઓળખ અપાવવાનો અને સભ્યો માટે વધુ ઉપયોગી પ્લેટફોર્મ ઉભું કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભારત-યુકે અને ઓમાન વચ્ચેના મુક્ત વ્યાપારી કરારો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયા




**અબતક, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સંયુક્ત ડીજીએફટી અને ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશનના ઉપક્રમે ''ભારતના મુક્ત વ્યાપારી કરારો'' વિષય પર એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ ઉદ્યોગકારોને સરકારની પ્રોત્સાહક નીતિઓનો લાભ લેવા આહવાન કર્યું હતું અને નિકાસકારોના પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપી



હતી.ચેમ્બરના ઉપપ્રમુખ પાર્થભાઈ ગત્રાણાએ મુક્ત વ્યાપારી કરારોથી નિકાસને મળનારી ગતિ વિશે વાત કરી હતી. વક્તા આનંદ મિરાણીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આયાત જકાતમાં મળતી મુક્તિ, વ્યાપારી કરારોના પ્રકારો અને કસ્ટમ્સ નિયમો વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે માનદ મંત્રી નૌતમભાઈ બારસીયાએ આભારવિધિ કરી હતી.

કાર્યક્રમમાં ભારત-યુકે અને ભારત-ઓમાન વચ્ચેના કરારોની મુખ્ય વિશેષતાઓ, માલના ઉદભવના નિયમો અને પ્રમાણપત્ર મેળવવાની પદ્ધતિઓ વિશે નિકાસકારોને માહિતગાર કરવામાં

(અનુ. આઠમા પાને)

# ગુજરાત શહેરી વિકાસ મિશનને બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ

**અત્યાધુનિક કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર અને ટેક્નોલોજીના ઉપયોગથી શહેરી વિકાસની નોંધ લેવાઈ**






**અબતક, ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના શહેરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. તેના માટે ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા મોટા શહેરોની સાથે રાજ્યના નગરપાલિકા ક્ષેત્રોમાં પણ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યોગ્ય આયોજનથી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. શહેરી વિકાસ માટે રાજ્ય સરકારના આયોજનની નોંધ લઈને ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન દ્વારા ગુજરાતની ૧૫૬ નગરપાલિકાઓમાં ગટર નેટવર્કની સફાઈ કામગીરીના નિરીક્ષણ માટે બનાવવામાં આવેલા ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર માટે 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના દિશાનિદર્શનમાં અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટરનું નિર્માણ કરીને ટેકનોલોજીના ઉપયોગથી કામગીરીને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓમાં ગટર નેટવર્કનું મેન્ટેનન્સ વધુ સારી રીતે થઈ રહ્યું છે અને પાણીના પુનઃઉપયોગના લીધે લાખો લીટર પાણીને બચાવવામાં પણ સફળતા મળી છે. ટેક્નોલોજીના સમન્વયથી વધુ સારી રીતે કામગીરીનું નિરીક્ષણ શક્ય બન્યું છે અને પર્યાવરણને અનુકૂળ શહેરી વિકાસના વિઝનને સાર્થક બનાવવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારની આ કામગીરીની નોંધ લઈને બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ માટેનો જ્યુરી એવોર્ડ આપવામાં આવ્યો છે. ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન દ્વારા ૬ અને ૭ માર્ચના રોજ નવી દિલ્હી ખાતે વોટર ટ્રાન્સવર્સાલિટી ગ્લોબલ એવોર્ડ્સ અને કોન્કલેવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્કલેવ દરમિયાન જીયુડીએમને 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' આપવામાં આવશે.

# જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટનું ૮૨૦થી વધુ ચક્ષુદાન દ્વારા માનવસેવાનું અવિરત અભિયાન




તસવીરઃ વિરલ જોબનપુત્રા

**વર્ષ ૨૦૧૬થી કાર્યરત સંસ્થા દ્વારા મૃત્યુ બાદ અંગદાન અને દેહદાન જાગૃતિ માટે વિશેષ પ્રયાસો**

**અબતક,રાજકોટ**

જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉમેશભાઈ મહેતાના નેતૃત્વમાં માનવસેવાના નક્કર કાર્યો અવિરતપણે કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૬થી કાર્યરત આ સંસ્થાએ અત્યાર સુધીમાં ૮૨૦થી વધુ ચક્ષુદાન કરાવીને અનેક અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. સંસ્થા મુખ્યત્વે મૃત્યુ બાદ થતા અંગદાન અને દેહદાન અંગે જાગૃતિ ફેલાવવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે.

અબતક સાથેની વાતચીતમાં ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતાએ જણાવ્યું હતું કે, અમારી સંસ્થા દ્વારા ચક્ષુદાન, દેહદાન અને સ્કીન ડોનેશન જેવા વિષયો પર સઘન જાગૃતિ લાવવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૮૨૦થી વધુ ચક્ષુદાન સફળતાપૂર્વક થયા છે અને આજે અમારા પાંચમા સન્માન કાર્યક્રમનું આયોજન છે. કોઈપણ વ્યક્તિના અવસાન બાદ ૬ થી ૮ કલાકમાં ચક્ષુદાન અને સ્કીન

(અનુ. આઠમા પાને)

## સ્પોર્ટ્સ અબતક

**ચલતી કા નામ ટી-૨૦**

# આઈસ કોલ્ડ સંજુની ઈનિંગે ભારતને સેમિ ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ અપાવ્યો

## ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-૮ના અંતિમ મેચમાં વિન્ડિઝ સામે ભારતનો પાંચ વિકેટે વિજય: સેમસનના અણનમ ૯૭ રન

### વર્લ્ડકપમાં ૧૯ સિક્સ ફટકારવાનો હેટમાયરનો રેકોર્ડ!!!

વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન શિમરોન હેટમાયરે ભારત સામેની સુપર ૮ મેચમાં એક મોટો રેકોર્ડ બનાવ્યો. તેણે માત્ર ૧૨ બોલમાં ૨૭ રનની ધમાકેદાર ઈનિંગ રમી, જેમાં એક ફોર અને બે સિક્સર ફટકારી. આ બે સિક્સર સાથે, તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો. ટી૨૦ વર્લ્ડ કપના એક જ એડિશનમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો. તેણે આ વર્લ્ડ કપમાં ૧૯ સિક્સર ફટકારી છે, જેણે સાહિબજાદા ફરહાનનો રેકોર્ડ તોડ્યો છે.

**અબતક, રાજકોટ**

ભારતને જરૂર હતી ત્યારે જ પોતાનું ફોર્મ પરત મેળવનારા સંજુ સેમસનના શાનદાર અણનમ ૯૭ રનની મદદથી ભારતે રવિવારે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની અંતિમ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને પાંચ વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. પાંચમી માર્ચે મુંબઈ ખાતે તેનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે સંજુ સેમસને છેક સુધી બેટિંગ કરીને ૫૦ બોલમાં ચાર સિક્સર સાથે ૯૭ રન ફટકાર્યા હતા. આ સાથે ભારત સુપર-૮માં સાઉથ આફ્રિકા બાદ બીજા ક્રમે રહ્યું હતું.ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૫ રનનો સ્કોર કર્યો હતો જેના જવાબમાં ભારતે ૨૦મી ઓવરમાં ટારગેટ વટાવી દીધો હતો. ૧૯૬ રનના ટારગેટ સામે રમતા ભારતે અભિષેક શર્માની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી હતી પરંતુ તેનો સાથી ઓપનર સંજુ સેમસન ટકી ગયો હતો. સંજુએ તેની કારકિર્દીની યાદગાર પૈકીની એક ઈનિંગ્સ રમી હતી. તેણે ૫૦ બોલની ઈનિંગ્સમાં ૧૨ ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી. ઈશાન કિશન માત્ર દસ રન કરી શક્યો હતો તો સૂર્યકુમાર યાદવ ૧૬ બોલમાં એક સિક્સર સાથે ૧૮ રન કરીને આઉટ થયો હતો. તિલક વર્માએ ૧૩મી ઓવરમાં શામર જોસેફ સામે ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા. અંતે તે ૧૫ બોલમાં ૨૭ રન ફટકારીને આઉટ થયો હતો.અગાઉ વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરી હતી અને યોજનાબદ્ધ રમતનું પ્રદર્શન કર્યું હતું. રોસ્ટન ચેઝે ૨૫ બોલમાં ૪૦ રન ફટકારવા ઉપરાંત કેપ્ટન શાઈ હોપ સાથે મળીને પહેલી વિકેટ માટે ૬૮ રન ઉમેરી દીધા હતા. હોપ પણ મજબૂત રમત દાખવી રહ્યો હતો અને તેણે ૩૨ રન ફટકાર્યા હતા. ૧૨મી ઓવરમાં બુમરાહે ભારતને શિમરોન હેતમાયર અને બે બોલ બાદ રોસ્ટન ચેઝને આઉટ કરીને મહત્વની સફળતા અપાવી હતી. જોકે હેતમાયરે ૧૨ બોલમાં બે સિક્સર સાથે ૨૭ રન ફટકારીને પરેશાન કર્યા હતા. બીજી તરફ ભારતે પણ કેટલાક કેચ પણ ગુમાવ્યા હતા જેનો કેરેબિયન ટીમે લાભ ઉઠાવ્યો હતો. બુમરાહે ઉપરા ઉપરી બે વિકેટ લીધી હોવા છતાં ભારતને રાહત મળી ન હતી કેમ કે રોવમેન પોવેલ અને જેસન હોલ્ડરે મળીને ૩૫ બોલમાં ૭૬ રનની અતૂટ ભાગીદારી નોંધાવીને કેરેબિયન ટીમને ૧૯૫ રનના સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી હતી. પોવેલે ૧૯ બોલમાં ૩૪ અને હોલ્ડરે ૨૨ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા. ભારત માટે જસપ્રિત બુમરાહે ચાર ઓવરમાં ૩૬ રન આપીને બે વિકેટ લીધી હતી.



### જીત બાદ ઈમોશનલ થયો સંજૂ સેમસન

પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા પછી સંજુ સેમસને કહ્યું હતું કે તેણે બાળપણથી જ પોતાના દેશ માટે રમવાનું સ્વપન જોયું હતું અને આજે તેને લાગે છે કે તેની રાહ સાચી પડી છે. તેણે સ્વીકાર્યું કે તેની કારકિર્દીમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે અને ક્યારેક તેણે પોતાની જાત પર શંકા કરી હતી, પરંતુ તેણે ક્યારેય વિશ્વાસ ગુમાવ્યો નથી. સેમસને જણાવ્યું કે ભલે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી મેચ રમ્યો નથી, પણ ડગઆઉટમાં બેસીને તેણે અનુભવી ખેલાડીઓ પાસેથી ઘણું શીખ્યો છે. તેણે ખાસ કરીને વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા ખેલાડીઓનું નામ લેતા કહ્યું કે તેણે જોયું કે મોટા ખેલાડીઓ મેચ કેવી રીતે પૂર્ણ કરે છે અને પરિસ્થિતિ અનુસાર પોતાની રમતને કેવી રીતે અનુકૂળ બનાવે છે.

### સંજુ સેમસને વિરાટ કોહલીનો રેકોર્ડ તોડ્યો

ગઈકાલના મેચ પહેલા વિરાટ કોહલીના નામે ટી૨૦ વર્લ્ડકપના ઈતિહાસમાં સફળ ચેઝમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ હતો. તેને ૨૦૧૬ના ટી૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામે મોહાલીમાં અણનમ ૮૨ રનની ઈનિંગ રમીને ભારતને જીત અપાવી હતી અને પછી ૨૦૨૨માં તેને મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર પાકિસ્તાન સામે ૧૬૦ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે અણનમ ૮૨ રન બનાવ્યા હતા.સંજુ સેમસને હવે વેસ્ટ ઈન્ડીઝ સામે અણનમ ૯૭ રનની ઈનિંગ રમીને કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ જીત સાથે ભારતીય ટીમે ૨૦૧૬ના ટી૨૦ વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની તેમની અગાઉની સેમીફાઈનલ હારનો બદલો લીધો.

### ગુરૂવારે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે સેમિ ફાઈનલ જંગ

૨૦૨૬ ટી૨૦ વર્લ્ડ કપની પહેલી સેમીફાઈનલ મેચ ૪ માર્ચે દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે. આ મુકાબલો કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાશે. બીજી સેમીફાઈનલ મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે થશે. આ મુકાબલો ૫ માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે.બંને સેમીફાઈનલમાં જીતનારી ટીમો ૮ માર્ચે ફાઈનલમાં ટકરાશે. ફાઈનલ મેચ અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.ભારત પાસે ઈતિહાસ રચવાની તક હશે, કારણ કે અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈ પણ ટીમે સતત ૨ વાર ટી૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો નથી.

### અભિષેક માટે વર્લ્ડકપ દુ:સ્વપન સમાન!!!

ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધી ફિલ્ડિંગમાં ઘણી નિરાશાઓ કરી છે. આ મેચમાં અભિષેક શર્માએ પાવરપ્લે દરમિયાન એક સરળ કેચ છોડ્યો હતો. આ કેચ છોડવાને કારણે વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન રોસ્ટન ચેઝને જીવનદાન મળ્યું.અભિષેક શર્માએ વર્લ્ડકપમાં જોય તેવું પ્રદશન કર્યું નથી. બેટમાંથી રન પણ નથી આવ્યા અને ફિલ્ડિગ પણ નિરાશાજનક રહી છે. અભિષેક શર્મા માટે વર્લ્ડકપ દુ:સ્વપન સમાન બની ગયો છે.


# જમ્મુ-કાશ્મીરનો વિજય માત્ર ટ્રોફી નહિ પણ અથાગ મહેનતનું પરિણામ!

## જમ્મુ-કાશ્મીરના ક્રિકેટરોએ આતંકવાદના ઓછાયામાં પણ ક્રિકેટની ભરપૂર તાલીમ લેતા રહીને અને પ્રેક્ટિસ કરીને પોતાને અવ્વલ કક્ષાની ટીમ બનાવી અને છેવટે તેઓ ચેમ્પિયન બનીને રહ્યા

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં એક નવો સુવર્ણ અધ્યાય લખાયો છે! જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ ટીમે ૨૦૨૫-૨૬ સિઝનમાં પોતાની મેડન રણજી ટ્રોફી જીતી લીધી છે. આ વિજય માત્ર એક ટ્રોફી નથી, પરંતુ ૬૭ વર્ષની રાહજોઈ, અનેક મુશ્કેલીઓ અને અથાગ મહેનતનું પરિણામ છે. ફાઈનલમાં તેઓએ ૮ વખતના ચેમ્પિયન કર્ણાટકને હરાવ્યું મેચ ડ્રો થઈ હોવા છતાં પ્રથમ ઈનિંગ્સમાં ૨૯૧ રનની મોટી લીડને કારણે ચેમ્પિયન બન્યું.

આ જીતની પાછળ માત્ર ખેલાડીઓ જ નહીં, પરંતુ આખી એક ગામની એટલે કે સમુદાય, કોચ, પરિવારો, ગામડાંઓ અને ક્રિકેટ સંઘની સામૂહિક મહેનત છે. જેમ કહેવાય છે કે એક બાળકને ઉછેરવા માટે આખા ગામની જરૂર પડે છે. એવી જ રીતે આ વિજય પણ એકલાનો નથી, પરંતુ અનેક લોકોના યોગદાનથી શક્ય બન્યો છે.આ જીત એકાએક નથી આવી. વર્ષોથી જમ્મુ અને કાશ્મીરમાં ક્રિકેટમાં સુધારણા ચાલી રહી હતી. વ્યાવસાયિક તાલીમ, સારી સુવિધાઓ, ડિસિપ્લિન અને ટીમ સ્પિરિટ. અગાઉ ટીમને અન્ડરડોગ ગણવામાં આવતી હતી, પરંતુ આ સિઝનમાં તેઓએ દિલ્હી, મધ્યપ્રદેશ જેવી મજબૂત ટીમોને હરાવીને ફાઈનલ સુધી પહોંચ્યા.




જમ્મુ અને કાશ્મીરની જીતથી રાજ્યભરમાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો. શ્રીનગર, જમ્મુ, બારામુલ્લા, પૂંચ અને કારગિલના રસ્તાઓ પર લોકો ઢોલના તાલે નાચતા જોવા મળ્યા. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી પણ મેદાનમાં ખેલાડીઓ સાથે ઉજવણી કરતા જોવા મળ્યા. આકિબ નબી ડારની વાર્તા હવે જમ્મુ અને કાશ્મીરના હજારો યુવાનો માટે પ્રેરણા બની ગઈ છે, જે સાબિત કરે છે કે સંસાધનોના અભાવમાં પણ જો કોઈનો સંકલ્પ મજબૂત હોય તો ઈતિહાસ રચી શકાય છે.

### ઓકિબ નબી અને કામરાન ઈકબાલ જમ્મુ-કાશ્મીરની જીતના હીરો

આ ઐતિહાસિક જીતનો સૌથી મોટો હીરો મધ્યમ ગતિનો બોલર અને ઓલરાઉન્ડર આકિબ નબી દાર હતો. આ સિઝનમાં આકિબની શાનદાર બોલિંગે વિરોધી બેટ્સમેનોને શરણાગતિ સ્વીકારવા મજબૂર કર્યા. તેણે ૨૦૨૫-૨૬ રણજી ટ્રોફી સિઝનમાં સૌથી વધુ ૬૦ વિકેટો લીધી અને આ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો. તેની તેજસ્વીતા ફાઈનલમાં પણ ચાલુ રહી, જ્યાં તેણે કર્ણાટકની પ્રથમ ઈનિંગમાં માત્ર ૫૪ રનમાં ૫ વિકેટ લીધી, જેનાથી તેમની મજબૂત બેટિંગ લાઈન-અપ તૂટી ગઈ. કેપ્ટન પારસ ડોગરાએ આકિબના અસાધારણ પ્રદર્શન અને ટીમની સફળતામાં તેની ભૂમિકાને સ્વીકારી.

પોતાની સફળતા માટે પોતાના પરિવાર પ્રત્યે ઊંડો આભાર વ્યક્ત કરતા, આકિબે કહ્યું કે તેમના સમર્થન વિના આ યાત્રા શક્ય ન હોત. સુવિધાઓ અને મર્યાદિત સંસાધનોનો અભાવ હોવા છતાં, તેણે ક્યારેય પોતાની મહેનત અને સમર્પણ છોડી ન હતી. તે માને છે કે સંઘર્ષ જ તમને તમારી મર્યાદાઓને આગળ વધારવા માટે પ્રેરણા આપે છે. દુલીપ ટ્રોફીમાં સતત ચાર બોલમાં ચાર વિકેટ લેવાનો અનોખો રેકોર્ડ પણ આકિબના નામે છે.

# ઈઝરાયેલ-ઈરાન યુદ્ધમાં ફસાઈ ઝિમ્બાબ્વેની ટીમ, સ્વદેશ પરત ફરવામાં વિલંબ

**અબતક, રાજકોટ**

ઝિમ્બાબ્વેના ખેલાડીઓ ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઈનલની રેસની બહાર રવિવાર, પહેલી માર્ચ પહેલાં જ થઈ ગયા હતા, પરંતુ પહેલાં તો તેમણે રવિવારે દિલ્હીમાં સાઉથ આફ્રિકા સામેની અંતિમ સુપર-એઈટ મેચ રમવાની હોવાથી એ રમ્યા અને હવે ઈઝરાયલ-અમેરિકા સામેના યુદ્ધમાં ઈરાનના દુબઈ પર હુમલા થઈ રહ્યા હોવાથી દુબઈ જઈ શકે એમ નથી એટલે ભારતમાં વધુ રોકાઈ ગયા છે.સિકંદર રઝાના સુકાનમાં ઝિમ્બાબ્વેની ટીમે આ વર્લ્ડ કપમાં પ્રશંસનીય પર્ફોર્મ કર્યું અને ઑસ્ટ્રેલિયા તથા શ્રીલંકા જેવી મોટી ટીમોને હરાવ્યા બાદ રવિવારે સાઉથ આફ્રિકાને આસાનીથી નહોતું જીતવા દીધું. સાઉથ આફ્રિકાની ટીમ પાંચ વિકેટ ગુમાવ્યા બાદ ૧૫૪નો લક્ષ્યાંક મેળવી શકી હતી.ઝિમ્બાબ્વેના ખેલાડીઓ સોમવારથી ત્રણ જૂથમાં દુબઈ થઈને હરારે પહોંચવાના હતા, પણ યુદ્ધ ચાલુ હોવાથી અને ઍર સ્પેસ બંધ હોવાથી તેમણે પ્લાન બદલવો પડ્યો છે.આઈસીસી ઝિમ્બાબ્વેના પ્લેયર્સ સહિત કેટલાક ખેલાડીઓ માટે વૈકલ્પિક ફ્લાઈટના પ્લાન વિચારે છે, કારણકે યુદ્ધ હજી કેટલા દિવસ ચાલશે એ નિશ્ચિત ન હોવાથી આ નિર્ણય લેવા પડી રહ્યા છે.




ઝિમ્બાબ્વે ટીમ બેચમાં ઘરે પરત ફરવાની હતી. કેટલાક ખેલાડીઓ સોમવારે સવારે ૪:૩૦ વાગ્યે રવાના થઈ ગયા હતા. બાકીના ખેલાડીઓ સાઉથ આફ્રિકા સામેની મેચ પછી રવાના થવાના હતા. બધા ખેલાડીઓને અમીરાતની ફ્લાઈટ્સ દ્વારા બુક કરવામાં આવ્યા હતા, જે તેમને દિલ્હીથી દુબઈ અને પછી દુબઈથી હરારે લઈ જશે. વેસ્ટ એશિયામાં એરપોર્ટ બંધ હોવાને કારણે હવે અન્ય એરલાઈન્સ અને રૂટ પર વિચારણા કરવામાં આવી રહી છે.જ્યારે ઝિમ્બાબ્વેના કોચ જસ્ટિન સેમન્સને પૂછવામાં આવ્યું કે શું તેમને ટીમની મુસાફરી યોજનાઓ અંગે કોઈ સ્પષ્ટતા મળી છે, ત્યારે તેમણે કહ્યું, ‘‘ના, મેં આવું કંઈ સાંભળ્યું નથી. જ્યારે અમે રમત શરૂ કરી હતી, ત્યારે કંઈ ન હતું અને હવે અમે ફક્ત રમત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ, તેથી ત્યારથી મેં કંઈ સાંભળ્યું નથી.

# વિઝી ટ્રોફીમાં વેસ્ટ ઝોનની ઐતિહાસિક વિજયી શરૂઆત: સૌ.યુનિ.ના સંકલ્પથી રચાઈ મજબૂત ટીમ

## રામદેવ આચાર્યએ અદભૂત બેટિંગ કરતા નોટઆઉટ ૭૭ રન બનાવી મેન ઓફ ધ મેચનો ખિતાબ મેળવ્યો

**અબતક, રાજકોટ**

બીસીસીઆઈ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત વિઝી ટ્રોફીમાં વેસ્ટ ઝોન ક્રિકેટ ટીમે પ્રથમ મેચમાં નોર્થ ઝોન સામે શાનદાર વિજય મેળવી ઐતિહાસિક શરૂઆત નોંધાવી છે. આ મેચમાં રામદેવ આચાર્યએ અદભૂત બેટિંગ કરતા નોટઆઉટ ૭૭ રન બનાવી મેન ઓફ ધ મેચનો ખિતાબ મેળવ્યો હતો.

વિઝી ટ્રોફી માટેની વેસ્ટ ઝોન ટીમની પસંદગી પ્રક્રિયામાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સૌરાષ્ટ્ર






યુનિવર્સિટી દ્વારા પ્રથમ વખત ૧૦ દિવસનો વિશેષ કોચિંગ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં વેસ્ટ ઝોનની સંપૂર્ણ ટીમને તૈયાર કરવામાં આવી. કુલ ૧૫૪ ટીમોમાંથી શ્રેષ્ઠ ૧૫ ખેલાડીઓની પસંદગી કરવાની જવાબદારી એઆઈયુ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સોંપવામાં આવી હતી. સુવ્યવસ્થિત આયોજન અને પારદર્શક પસંદગી પ્રક્રિયા દ્વારા એક મજબૂત અને સ્પર્ધાત્મક ટીમ તૈયાર કરવામાં આવી, જેના પરિણામે આજે પ્રથમ મેચમાં જ વિજય પ્રાપ્ત થયો છે.

ટીમ પસંદગીની જવાબદારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાને સોંપવામાં આવી હતી. ઉપરાંત, વિઝી ટ્રોફી માટેનો વેસ્ટ ઝોન કેમ્પ પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફાળવવામાં આવ્યો હતો.

વેસ્ટ ઝોનની ટીમ માટે બીસીસીઆઈ દ્વારા નીરજ ઓડેદરાની કોચ તરીકે નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી આશિફને ટીમ મેનેજર તરીકે નિયુક્ત કરી ટીમ સાથે મોકલવામાં આવ્યા છે.

વિઝી ટ્રોફી બીસીસીઆઈની અગત્યની અને પ્રતિષ્ઠિત ટ્રોફીઓમાંની એક માનવામાં આવે છે. આ મહત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં વેસ્ટ ઝોનની આ વિજયી શરૂઆત સમગ્ર ઝોન માટે ગૌરવની ક્ષણ છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ વેસ્ટ ઝોનની ટીમને અભિનંદન પાઠવી આગામી મેચોમાં પણ ઉત્તમ પ્રદર્શન કરી વિઝી ટ્રોફીમાં ગૌરવ વધારવા શુભેચ્છાઓ પાઠવી છે.

# પારિવારિક પ્રેમસંબંધમાં ભાણેજની હત્યામાં મામાના જામીન મંજૂર

## પ્રેમસંબંધ મંજૂર ન હોવા બાબતે મામા પક્ષના ચાર સભ્યો દ્વારા ફઈના પુત્રનુ ઢીમ ઢાળી દીધું તું

**અબતક, રાજકોટ**

મામા ફઈના સંતાનો વચ્ચે પ્રેમસંબંધો મંજૂર ન હોવા બાબતે મામા પક્ષ દ્વારા ભાણિયાની થયેલી હત્યાની ફરિયાદ અંગે પકડાયેલા મોસાળ પક્ષના ચાર આરોપી પૈકી વધુ એક આરોપી ગોવિંદ મુછડીયાની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

આ અંગેની ફરિયાદની હકીકત મુજબ, રાજકોટ વેજાગામ ખાતે વેપારી ખુશાલભાઈ મેરીયાને બપોરે તેમના ભાઈ જયદીપ મેરિયા 'હું ઘરે જાવ છું' તેમ કહીને દુકાનેથી નીકળ્યા બાદ રાત્રે ૮ વાગ્યા સુધી ઘરે પહોંચ્યા ન હતા. દરમિયાન ખુશાલભાઈને તેમના પિતા હમીરભાઈએ ફોનથી જયદીપની ઈશ્વર્યા ખંભાળા રોડ ઉપર હત્યા થઈ હોવાનું જણાવ્યું હતું, આથી ત્યાં તપાસ કરતા ઈશ્વરીયા- ખંભાળા રોડ પર લીમડાના ઝાડ પાસે જયદિપભાઈ જમીન પર પગ વાળેલ બેઠેલ સ્થિતિમાં મરણ ગયેલ જોવામાં આવેલ, દરમિયાન થોડાક દિવસ પહેલા પિતા હમીરભાઈને ઢોકળિયાના પ્રવીણ મુછડીયાએ એવું કહેલ કે 'તમારો દીકરો જયદિપ અમારા ગામમાં આવવો ન જોઈએ નહિ તો મારી નાખશું' જેથી અમો તરત ઢોકળિયા ગામમાં તપાસ કરતા આ પ્રવીણ, રસીક, ગોવિંદ તથા કંચનબેન ચારેય ઘરમાંથી ભાગી ગયેલ હતા. તેમાં માલુમ પડેલ કે જયદિપ મેરીયાને પોતાના મામા ગોવિંદભાઈ મુંછડીયાની દિકરી સોનલ સાથે પ્રેમ સંબંધ હોય જે પ્રેમસંબંધ ગોવિંદભાઈને પસંદ ન હોય જેના કારણે આ ગોવિંદ, પ્રવીણ, રસીક, કંચનબેને મળી જયદિપભાઈની હત્યા નીપજાવ્યા અંગેની ફરીયાદ પડધરી પોલીસ સ્ટેશનમાં ખુશાલભાઈએ ફરીયાદી નોંધાવી હતી. જે ફરીયાદના અનુસંધાને પોલીસએ ચારેય વ્યકિતની આરોપી તરીકે અટક કરેલ હતા, દરમિયાન આ કામના વધુ એક આરોપી ગોવિંદ પ્રેમજીભાઈ મુછડીયાએ જામીન મુકત થવા સેશન્સ કોર્ટમાં અરજી ગુજારી હતી. જે જામીન અરજીમાં બંને પક્ષકારોની દલીલો, રજુઆતોને સાંભળ્યા બાદ સેશન્સ જજ એસ.એ. ગેલેરીયાએ આરોપી ગોવિંદ મુછડીયાને જામીન ઉપર મુકત કરતો હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપી વતી યુવા એડવોકેટ પીયુષ ડી. ઝાલા રોકાયા હતા.

# શાપર-વેરાવળમાં કારખાનામાં વીજશોક લાગતા યુવકનું મોત

**અબતક, રાજકોટ**

શાપર-વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી ઘટશે રંગાણી એન્જિનિયરિંગ પાસે આવેલા એમ.વી. મેટલ નામના કારખાનામાં મજૂરી કામ કરી રહેલા ૨૮ વર્ષીય યુવાનનું વીજશોક લાગતા કરૂણ મોત નિપજ્યું છે.મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલ શાપરમાં એમ.વી. મેટલ નામના કારખાનામાં રહેતો ઉમેશ ચંદ્રદેવ ઠાકુર (ઉં.વ. ૨૮) નામનો યુવક રવિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ કારખાનામાં પોતાનું કામ કરી રહ્યો હતો. દરમિયાન અચાનક તેને વીજ વાયરથી જોરદાર શોક લાગ્યો હતો. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ગંભીર હાલતમાં ઉમેશને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતો.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક યુવાન મૂળ બિહારનો વતની હતો અને અહીં રોજગારી અર્થે આવ્યો હતો.તેને સંતાનમાં એક નાની દીકરી છે.

# ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા ફિરોજ રાઉમાના જામીન મંજૂર

## વિનોદનગર આવાસ યોજનના ક્વાર્ટરમાથી ૪.૨૦૦ કિલો ગ્રામ ગાંજા પકડાયો તો


**અબતક, અબતક**

શહેરના વિનોદનગર આવાસ યોજનના ક્વાર્ટરમા ૪.૨૦૦ કિલો ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા ફિરોજ રાઉમા નામના શખ્સને અદાલતે જામીન ઉપર છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા મેઈન રોડ નજીક વિનોદનગર આવાસ યોજનાના ક્વાર્ટરના બ્લોક નંબર ૪માં રહેતો ફિરોજ આમદ રાઉમાં નામનો શખ્સ પોતાના ક્વાર્ટરમાં માદક પદાર્થનો જથ્થો છુપાવી વેચાણ કરતો હોવાની ભક્તિનગર પોલીસને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ૪.૨૦૦ કિલો ગ્રામ ગાંજો સાથે ફિરોજ આમદની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલ હવાલે રહેલા ફિરોજ રાઉમાં એ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી.જામીન અરજી સુનાવણી ઉપર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવપક્ષના એડવોકેટ રોહિત ધીયા દ્વારા કરવામાં આવેલી દલીલમાં કબજે કરેલ માદક પદાર્થ એન.ડી.પી.એસ. ચાર્ટ જોતા ઈન્ટરમીડીયેટ ક્વોન્ટીટીમાં આવે છે તેથી એન.ડી.પી.એસ. એક્ટની કલમ-૩૭નો બાધ નડતો નથી ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે. જેલમાં હાર્ડ ક્રીમીનલ પ્રીઝનરના સંર્પકમાં આવવાથી આરોપીની કારકીર્દી જોખમાશે કેસ ચાલતા ઘણો સમય વ્યતીત થાય તેમ હોય તેમજ કેસનુ ભારણ જોતા તાત્કાલીક કેસ ચાલે તેમ નથી જેવી રજુઆત અને ઉચ્ચ અદાલતના ચુક્કાદા ને ધ્યાને લઈ સેસન્સ કોર્ટએ આરોપીને જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવેલો છે.

આરોપી વતી સોરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ધીયા , હર્ષ રોહીતભાઈ ધીયા, હર્ષીતભાઈ પાંઉ અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા, મીતલબેન ધોકીયા રોકાયેલ હતા.

## આંધ્રપ્રદેશની આગ દુર્ઘટનામાં અકાળે મૃત્યુ પામેલા લોકોને પૂ. મોરારિબાપુની શ્રધ્ધાંજલિ-સહાય

**અબતક, રાજકોટ**



આંધ્રપ્રદેશ ખાતે કાકીનાડા જીલ્લામાં વેટલાપાલેમ ગામમાં ગત શનિવારે ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો જેમાં ૨૧ લોકોનાં અકાળે અવસાન થયા છે. આ ઘટનામાં ૮થી વધુ લોકોને ઈજાઓ પહોંચી છે. બપોરે બે વાગ્યે મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને તત્કાળ રાહત મળે તે હેતુથી પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૩,૧૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે મુખ્ય પ્રધાન રાહત ફંડ માં જમા કરાવવામાં આવશે અને તેની વિતિય સેવા મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા કરવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે હનુમાનજીનાં ચરણોમાં પ્રાર્થના કરી છે.

# રૂ.૧.૫૦ લાખના ચેક રિટર્ન કેસમા રાકેશ દાણીધારીયાને બે વર્ષની સજા

## ચેકની રકમનુ દોઢી રકમનું વળતર ૬૦ દિવસમાં ચૂકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને મિત્રતાના દાવે આપ આપેલી રકમ પૈકી દોઢ લાખ ચૂકવવા આપેલો ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલે જતા અદાલતે આરોપી રાકેશ દાણીધારીયા ને તકસીરવાન ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની દોઢી રકમનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા વિસ્તારમાં આવેલ રાધેશ્યામ પાર્કમાં રહેતા ધરમદાસ ભક્તિરામ દેસાણી એ લોધિકા તાલુકાના પારડી ગામે રહેતો રાકેશ ભાણદાસભાઈ દાણીધારીયા ને મિત્રતાના દાવે પાંચ કલાક આપ્યા હતા તે રકમ પૈકી ૧.૫૦ લાખ ચૂકવવા આપેલો ચેક વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ રાકેશ દાણીધારીયા ને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી ધરમદાસ દેસાણી ના વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે આરોપી રાકેશ દાણીધારીયા ને બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમનુ દોઢી રકમનું વળતર ૬૦ દિવસમાં ચૂકવવા હુકમ કર્યો છે. આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે અતુલ ફળદુ, અજય જાદવ અને ચાર્મી પંડ્યા રોકાયા હતા.

# હૈદરાબાદ સ્વામિનારાયણ ગુરૂકુલના ૨૫૫ વિદ્યાર્થીઓએ કરી શિક્ષાપત્રી સંસ્કૃતમાં કંઠસ્થ

**અબતક, રાજકોટ**



પવિત્ર શિક્ષાપત્રી દ્વિશતાબ્દી વર્ષના ઉપલક્ષમાં, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ હૈદરાબાદ તથા દક્ષિણ ભારતની અન્ય શાખાઓના વિદ્યાર્થીઓએ સંપ્રદાયના ૨૦૦ વર્ષના ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત કહી શકાય તેવી અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુ પરંપરાને રાજી કરવા માટે, ભારતભરના ૧૭ વિવિધ રાજ્યો જેમ કે આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, દિલ્હી, ગોઆ, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, ઓડિશા, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા અને ઉત્તર પ્રદેશ, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે દુબઈ અને અબુધાબીના કુલ ૨૫૫ વિદ્યાર્થીઓએ સંપૂર્ણ શિક્ષાપત્રી સંસ્કૃતમાં કંઠસ્થ (મુખપાઠ) કરી છે. આ ઉપરાંત, અન્ય તમામ વિદ્યાર્થીઓ દ્વારા સામૂહિક રીતે શિક્ષાપત્રીના ૬,૨૫,૦૦૦ પાઠનું અનુષ્ઠાન પણ કરવામાં આવ્યું છે.

મુખપાઠ કરનાર વિદ્યાર્થીઓ પૈકી ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રથમ ટુકડી અત્યારે ગુજરાતના તીર્થધામોના દર્શન અને સત્સંગ પ્રવાસે છે. આ વિદ્યાર્થીઓએ સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ ખાતે સંતો અને બાલ મંડળ ના બાળકો સમક્ષ શિક્ષાપત્રીના મુખપાઠનું નિર્દેશન કર્યું હતું. આ બાળકો વડતાલધામ ખાતે પણ પધાર્યા હતા.

# ઝાલાવાડ ઉદ્યોગ બ્રહ્મ સમાજ દ્વારા શૈક્ષણિક ઉત્કર્ષ માટે યોજાશે ભાગવત સપ્તાહ

## ચૈત્ર સુદ ચોથથી દશમ સુધીની ભગવત કથામાં ડૉ. કવિતાબેન ઠાકર જોશી કરાવશે કથા રસપાન

**અબતક, રાજકોટ**

રાજકોટના ઝાલાવાડી ઉદ્યોગ બ્રહ્મ સમાજ ભગીની મંડળ ની બહેનો દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ ના હેતુથી માર્ચ મહિનામાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

કથાના મનોરથી સ્વ હંસાબેન પ્રવીણચંદ્ર આચાર્ય પરિવાર, અને તેતર માસ નવરાત્રી દરમિયાન પિતૃ ભજનોના મોક્ષાર્થે સર્વજન સુકાયેલી ભાવના સાથે ભગીની મંડળ પરિવારની બહેનો દ્વારા વિરાણી હાઈસ્કુલ સામે નાગર બોર્ડિંગ ખાતે ૨૨ માર્ચ ચૈત્ર સુદ ચોથ થી ૨૮ માર ચૈત્ર સુદ ગૌતમ દરમિયાન ભાગવત સપ્તાહ નું આયોજન કરવામાં આવ્યું છે વ્યાસપીઠ પરથી ડોક્ટર કવિતાબેન ઠાકર જોશી તથા રસપાન કરાવશે. ભાગવત સપ્તાહના આયોજનની વધુ જાણકારી માટે ભગિની મંડળના પ્રમુખ સુરભીબેન આચાર્ય ૮૮૪૯૭ ૩૭૨૧૯, રોહિણીબેન જાની, કમલેશભાઈ જોશી ૯૮૨૫૦ ૧૯ ૪ ૬૯, મહામંત્રી પરાગભાઈ ભટ્ટ ૯૪૦૯૭ ૫૫૯૨૫ નો સંપર્ક કરવા જણાવ્યું છે

## હોલી આઈ રે...

# સેવન સ્ટાર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા બુધવારે સંગીત સંધ્યાનો જલસો

## સંગીત સંધ્યામાં ખ્યાતનામ કલાકારો કરશે ગીત-સંગીતની જમાવટ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હોલી ધૂળેટીના તહેવારોના આગમનને લઈને સર્વત્રહર્ષવીપ્રવત્તિ રહ્યો છે ત્યારે મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ચાર માર્ચ બુધવારે સ્પેશિયલ સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવ્યું છે.

ઈવનિંગપોસ્ટ ખાતે હોળી ધૂળેટી પર્વ પર કરા ઓકે સોંગ અને જુના ગીત ફિલ્મોના ક્લાસિકલ રોમેન્ટિક ગીતોની સંગીત સંખ્યા નું મ્યુઝિકલ ગ્રુપના આયોજન શૈલેષકારીયા દ્વારા કરવામાં આવ્યું છે. ચાર માર્ચ બુધવારે સાંજે ૫/૩૦ થી ૯ દરમિયાન યોજનાના આ જલસામાં શૈલેષકારીયા અને ટીમ દ્વારા કલારસીકોને સંગીત સંધ્યા માટે નિમંત્રિત કરવામાં આવ્યા છે આ જલસામાં ગુજરાતના ખ્યાતનામ ગાયક કલાકાર અને વોઈસ ઓફ મહમદ રફી તરીકે ઓળખાતા રાજકોટના એ રફી ,અફઝલભાઈ મોહમ્મદ રફીના કંઠે ગવાયેલા ગીતો રજૂ કરશે, આ કાર્યક્રમમાં વિના મૂલ્ય પ્રવેશ આપવામાં આવશે કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષકારીયા અલકા કેસરિયા, પી.આઈ પીડી જાડેજા, સુરેશ મારુ,ઈતુભાઈ સવાણી, પ્રકાશ મથવાણી, વિજય કિશોર ,દિનેશ સોનેજી, અનિલ વાઘેલા અનિલ માવદીયા બી એન સોલંકી દિલીપ સાદરાણી માનસિકારીયા, હિના કારીયા, લીલાબેન હિંડોચા હરિના પરમાર તથા જાગૃતિ ચૌહાણ જહેમંત ઉઠાવી રહ્યા છે.

# કણકોટમાં પેવિંગ બ્લોકના કામનું ખાતમુહૂર્ત કરાવતા રાજાભાઈ ચાવડા

**અબતક, રાજકોટ**

કણકોટના પેટાપરા વિસ્તારમાં કૃષ્ણનગર ખાતે બાબુભાઈ વિરાણીના ઘર પાસે થી શેરીમાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ તકે જિલ્લા પંચાયતના બેડી-૩ સીટના સભ્ય પ્રતિનિધિ રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ), રાજકોટ તાલુકા પંચાયતના સભ્ય પ્રતિનિધિ વિક્રમભાઈ હુંબલ, સરપંચ હસમુખભાઈ વેકરીયા, પૂર્વ તાલુકા પંચાયતના સભ્ય જીતુભાઈ દાફડા તેમજ ઉપ સરપંચ હરિભાઈ ગમારા તેમજ ગામના આગેવાનો તેમજ ગ્રામજનો ભરતભાઈ વિરાણી, બાબુભાઈ વિરાણી, દિનેશભાઈ વિરાણી, લાલજીભાઈ વિરાણી, પરેશભાઈ વ્યાસ, દિનેશભાઈ ગોલતર, હરેશભાઈ પીપળીયા, દેવરાજભાઈ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૭૫૯ | ૮૨૪ | ૧૬૨૨ |
| પપૈયા | ૩૭ | ૯૨ | ૧૭૩ |
| બટેટા | ૫૪૦૦ | ૧૦૧ | ૨૨૧ |
| ડુંગળી સુકી | ૨૬૬૪ | ૫૧ | ૨૩૭ |
| ટમેટા | ૧૦૩૯ | ૯૬ | ૨૦૭ |
| સુરણ | ૧૧ | ૭૯૯ | ૧૦૨૧ |
| કોથમરી | ૩૯૨ | ૧૫૭ | ૨૨૩ |
| સકરીયા | ૫૬ | ૫૧૪ | ૭૧૯ |
| મુળા | ૬૬ | ૩૨૭ | ૫૧૬ |
| રીંગણા | ૪૨૮ | ૨૯૮ | ૬૧૩ |
| કોબીજ | ૪૦૯ | ૬૪ | ૧૦૯ |
| ફલાવર | ૩૬૨ | ૧૫૩ | ૩૦૭ |
| ભીંડો | ૧૮૪ | ૭૯૬ | ૧૨૧૨ |
| ગુવાર | ૧૭૯ | ૧૦૧૭ | ૧૪૧૫ |
| ચોળાસીંગ | ૧૧૫ | ૬૧૩ | ૮૨૧ |
| વાલોળ | ૧૮૧ | ૨૦૩ | ૬૧૧ |
| ટીંડોળા | ૨૯ | ૫૨૩ | ૯૩૪ |
| દુધી | ૩૩૪ | ૯૮ | ૨૦૩ |
| કારેલા | ૩૦૧ | ૭૯૩ | ૧૦૧૪ |
| સરગવો | ૫૫ | ૬૩૬ | ૧૨૧૭ |
| તુરીયા | ૩૭ | ૫૯૮ | ૮૧૪ |
| પરવર | ૨૧ | ૧૪૩૭ | ૧૮૦૭ |
| કાકડી | ૩૨૭ | ૨૮૯ | ૫૦૫ |
| ગાજર | ૩૩૨ | ૨૨૧ | ૪૧૧ |
| વટાણા | ૨૭૬ | ૩૩૧ | ૫૬૬ |
| તુવેરસીંગ | ૧૦૮ | ૩૬૮ | ૬૪૧ |
| ગલકા | ૧૫૫ | ૩૦૩ | ૫૧૭ |
| બીટ | ૨૫૮ | ૬૫ | ૧૬૬ |
| મેથી | ૨૯૩ | ૧૬૬ | ૨૪૮ |
| વાલ | ૪૪ | ૮૦૧ | ૧૦૧૧ |
| ડુંગળી લીલી | ૨૮૯ | ૨૫૯ | ૩૯૪ |
| આદુ | ૨૭૯ | ૧૦૩૧ | ૧૨૨૧ |
| ચણા લીલા | ૧૮૪ | ૧૦૬ | ૨૩૪ |
| મરચા લીલા | ૧૧૪૧ | ૨૯૬ | ૫૬૫ |
| લસણ લીલું | ૩૧ | ૪૧૪ | ૧૦૧૬ |
| મકાઈ લીલી | ૨૨૯ | ૧૭૭ | ૩૨૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૭૪૦ | ૧૪૨૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૧૦૦૦ | ૪૩૮ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૬૦૦૦ | ૪૫૨ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૧૭૦૦ | ૮૦૦ | ૧૦૧૦ |
| બાજરી | ૨૨ | ૩૨૪ | ૩૭૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૭૪ | ૩૬૦ |
| તુવેર | ૦ | ૧૩૦૦ | ૧૬૨૫ |
| ચણા પીળા | ૩૨૦૦ | ૯૭૦ | ૧૦૩૫ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૧૦૦ | ૧૭૮૫ |
| અડદ | ૨૫૦ | ૫૦૦ | ૧૬૧૧ |
| મગ | ૬૦ | ૧૦૪૦ | ૧૫૭૦ |
| વાલ દેશી | ૧૪૦ | ૬૩૦ | ૧૧૪૦ |
| ચોળી | ૩૦ | ૩૪૦ | ૮૭૫ |
| વટાણા | ૧૪૪૦ | ૭૦૦ | ૧૧૧૦ |
| કળથી | ૧૦ | ૩૨૫ | ૩૫૦ |
| રાજમા | ૩૦૦ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| મગફળી જાડી | ૦ | ૧૧૫૦ | ૧૪૬૦ |
| મગફળી જીણી | ૦ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| તલી | ૧૬૦ | ૧૧૦૦ | ૨૦૩૫ |
| સુરજમુખી | ૧૩ | ૮૭૫ | ૮૭૫ |
| એરંડા | ૫૮૦ | ૧૨૧૬ | ૧૨૪૬ |
| સોયાબીન | ૩૦૦ | ૯૦૦ | ૧૦૦૮ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૪૨ | ૧૯૦૦ | ૩૯૦૦ |
| લસણ | ૧૨૦૦ | ૯૧૫ | ૧૬૮૦ |
| ધાણા | ૭૦૦૦ | ૧૩૭૫ | ૨૦૫૦ |
| મરચા સુકા | ૨૪૦ | ૨૦૦૦ | ૪૮૦૦ |
| ધાણી | ૮૦૦૦ | ૧૫૨૫ | ૨૪૦૦ |
| વરીયાળી | ૧૦ | ૧૩૮૦ | ૧૮૩૦ |
| જીરૂ | ૩૬૪૦ | ૩૫૧૧ | ૪૨૪૨ |
| રાય | ૬૪૦ | ૧૧૨૦ | ૧૩૮૦ |
| મેથી | ૧૨૦૦ | ૯૫૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૨૫ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ક્લોંજી | ૨૦ | ૩૮૦૦ | ૪૨૦૦ |
| રાયડો | ૮૦૦ | ૯૨૦ | ૧૧૪૦ |

# મહુવાના ભાદ્રોડ ગામે ટેન્કરમાંથી રૂ.૭૮ લાખના વિદેશી દારૂ સાથે ચાલક ઝડપાયો

## એસ એમ સી એ દરોડો પાડી ૧૬૪૧૪ બોટલ દારૂ વાહન અને મોબાઈલ મળી એક કરોડનું મુદામાલ કબજે કર્યો,મહુવાના બુટલેગર ભરત દેવશી સહિતની શોધખોળ


**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભાદ્રોડ ગામે સ્ટેટ મોનેટરીંગ સેલેડો પાડી ટેન્કરમાંથી રૂપિયા ૭૮ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ચાલકની ધરપકડ કરી છે પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી ૧૬ ૪ ૧૪ શરાબની બોટલ વાહન મોબાઈલ અને રોકડ મળી એક લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસે બુટલેગર ભરત દેવશી સહિત ત્રણ શખ્સોની શોધ પણ હાથ ધરી છે. વધુ વિગત મુજબ હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાની સ્ટેટરીંગ સેલના વડા નિલિપ્ત રાયને ધ્યાને આવતા. પી.આઈ એમ એસ ત્રિવેદી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે મહુવા તાલુકાના ભાદ્રોડ ગામે જીજે ટુ ઝેડ ૮૨ ૩૨ નંબરના ટેન્કરમાં વિદેશી દારૂ કટીંગ માટે આવ્યું હોવાની મળેલી બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલના સ્ટાફે દરોડો પાડયો હતો ધરોડા દરમિયાન રૂપિયા ૭૮ લાખની કિંમતના ૧૬ ૪ ૧૪ બોટલ વિદેશી દારૂ સાથે ટેન્કરના ચાલક હનુમાન રામ માંગીલાલ બિશ્નોઈ ની ધરપકડ કરી દારૂ વાહન મળી એક કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલ શખ્સની પ્રાથમિક પૂછ વર્ષમાં આ દારૂનો જથ્થો રાજસ્થાનના બાડમેર ના ભરત દેવશી એ સપ્લાય કર્યાનું કબુલાત આપતા ત્રણ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# શ્રીનાથધામ હવેલી ખાતે હોળી-ડોલોત્સવની ભવ્ય ઉજવણી

**અબતક, રાજકોટ**

મોટા મવા વિસ્તારમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટની સામે આવેલી વી.વાય.ઓ. શ્રીનાથધામ હવેલી ખાતે હોળી-ઉતાસણી અને ડોલોત્સવના પવિત્ર પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીની આજ્ઞા અનુસાર, તારીખ ૦૪/૦૩/૨૦૨૬ (બુધવાર) ના રોજ ઠાકોરજીના દર્શનના સમયમાં વિશેષ ફેરફાર કરવામાં આવ્યો છે.



હવેલી દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ, આગામી તારીખ ૦૩/૦૩/૨૦૨૬ (મંગળવાર) ના રોજ દર્શનક્રમ રાબેતા મુજબ જ રહેશે. ત્યારબાદ હોળી અને ડોલોત્સવના દિવસે એટલે કે તારીખ ૦૪/૦૩/૨૦૨૬ (બુધવાર) ના રોજ દર્શનનો સમય બુધવારે સવારે મંગળા દર્શન ૭:૩૦ થી ૮:૦૦ વાગ્યા સુધી થશે. ત્યારબાદ બપોરે રાજભોગ દર્શન દરમિયાન ચાર વિશેષ ખેલ યોજાશે, જેનો સમય ૧૧:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે. જેમાં પ્રથમ ખેલ ૧૧:૦૦ થી ૧૧:૧૫, દ્વિતીય ખેલ ૧૧:૩૦ થી ૧૧:૪૫, તૃતીય ખેલ ૧૨:૦૦ થી ૧૨:૧૫ અને ચતુર્થ ખેલ ૧૨:૩૦ થી ૧:૦૦ વાગ્યા સુધી યોજાશે. સાંજના સંધ્યા દર્શન ૫:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી થશે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળવર્ષાઃ વિઝિબિલિટીમાં ઘટાડો

## આહલાદક વાતાવરણઃ રોડ ભીના થઈ ગયાઃ હાઈવે પર વાહન ચાલકોને ભારે હાલાકીઃ હજી બે દિવસ ઝાકળ વર્ષાની સંભાવના

**અબતક, રાજકોટ**

શિયાળાની સિઝન વિદાય લઈ ચૂકી છે. ઉનાળો બારણે ટકોરા મારી રહ્યો છે. આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળ વર્ષા થવા પામી હતી. વિઝિબિલીટીમાં જોરદાર ઘટાડો થવા પામ્યો હતો. હવાઈ સેવા પર પણ અસર થવા પામી હતી. આગામી બે દિવસ હજી ઝાકળ વર્ષાની શકયતા હવામાન વિભાગના સુત્રો દ્વારા વ્યકત કરવામાં આવી છે. ગાઢ ધુમ્મસના કારણે આહલાદક વાતાવરણ જોવા મળ્યું હતું. વિઝિબિલીટી માત્ર ૫૦ મીટર જેવી રહેવા પામી હતી.

છેલ્લા ત્રણેક દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારે અને રાત્રિના સમયે થોડી ઠંડકનો અનુભવ થાય છે. ત્રણેક દિવસથી મહત્તમ તાપમાનનો પારો પણ થોડો નીચો આવ્યો છે. દરમિયાન આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળ વર્ષ થવા પામી હતી. રાજકોટમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૦૦ ટકાએ પહોંચી ગયું હતું. વિઝિબિલીટી માત્ર ૫૦ મીટર જેવી રહેવા પામી હતી.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

એટલે કે ગાઢ ધુમ્મસના કારણે ૫૦ મીટરથી દુરનું કશું જ દેખાતું ન હતું. સવારના સમયે હિલ સ્ટેશન જેવો મનમોહક નજારો જોવા મળ્યો હતો. સવારે ૭.૪૫ કલાક સુધી ધુમ્મસના ગાઢ આવરણની ચાદરથી જાણે શહેર ઢંકાયેલું હોય તેવું લાગતું હતું. રોડ ભીના થઈ ગયા હતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાના કારણે હાઈવે પર વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. વાહનોની હેડલાઈટ ચાલુ રાખી ડ્રાઈવીંગ કરવાની ફરજ પડી હતી. શહેરી વિસ્તારમાં પણ સવારના સમયે વાહન ચાલકોએ લાઈટ ચાલુ રાખી વાહનો ચલાવવા પડયા હતા. સામાન્ય રીતે ઝાકળ વર્ષા બે થી ત્રણ દિવસ સુધી થતી હોય છે. દરમિયાન આવતીકાલે મંગળવારે અને ધુળેટીના દિવસે એટલે કે બુધવારે પણ ઝાકળ પડવાની શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. ગાઢ ધુમ્મસથી વિઝિબિલીટીમાં ઘટાડો થવાના કારણે હવાઈ સેવા પર પણ અસર પડી હતી. અનેક ફલાઈટ મોડી પડી હતી.

આજે ભુજમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા, પોરબંદરમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા, રાજકોટમાં ભેજનું પ્રમાણ ૧૦૦ ટકા, સુરતમાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા, વેરાવળમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા, ઓખામાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા અને નલીયામાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા રહેવા પામ્યું હતું. આગામી બે થી ત્રણ દિવસમાં ઝાકળ વર્ષાનો રાઉન્ડ પૂર્ણ થયા બાદ આકરા ઉનાળાનો આરંભ થશે. સપ્તાહના અંતે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી જવાની શકયતા પણ વ્યકત કરવામાં આવીછે.

# યુધ્ધના કારણે હજ્જારો ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયાઃ સરકાર મદદ માટે આગળ આવે

## રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલની માંગણીઃ ગલ્ફના દેશો સાથે ગુજરાતનો વેપાર ન અવરોધાય તેની તકેદારી રાખવા પણ માંગ

**અબતક, રાજકોટ**

યુદધના કારણે હજારો ગુજરાતીઓ મૂશ્કેલીમાં મૂકાયા છે.તેઓને શકય તેટલી ઝડપથી મદદરૂપ થવા કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહલે શરૂઆત કરી છે.

ઈરાન વિરુદ્ધ ઈઝરાયલ અમેરિકાના યુદ્ધના કારણે અનેક ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઈરાન અને ઈઝરાયલ ઉપરાંત અબુધાબી, દુબઈ, બહેરીન, કતાર અને અન્ય ગલ્ફ દેશોમાં ડ્રોન હુમલાઓ, મિસાઈલ અને હવાઈ હુમલાના સતત અહેવાલો મળ્યા કરે છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગુજરાતી સમુદાયના સભ્યો રહે છે.

ભારત સરકાર અને રાજ્ય સરકારે તેમની સલામતી, સુરક્ષા અને તેમના વ્યવસાયો અને કાર્યસ્થળોના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ જો આપણા સમુદાયના સભ્યો ગુજરાતમાં પાછા ફરવા માંગતા હોય તો ભારત અને ગુજરાતના અધિકારીઓએ સુરક્ષિત ગુજરાત આવવા તેમના માટે મફત વ્યવસ્થા કરવી જોઈએ તેમ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું.

અમેરિકા અને અન્ય દેશોમાં જઈ રહેલા ગુજરાતીઓની ફલાઈટ દુબઈ, કુવૈત કે અબુધાબીમાં રોકાય તો તેઓ ત્યાં જ ફસાઈ ગયા છે. ગુજરાતના નડિયાદના પ્રિતેશભાઈ પટેલ તથા હીનાબેન પટેલના પરિવારે રાજ્યસભા સાંસદ શકિતસિંહ ગોહિલનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે પ્રિતેશભાઈ અને હીનાબેન અમેરીકા જતા હતા, પરંતુ કુવૈત ખાતે ફસાયા છે. ઉમરા કરવા ગયેલ અનેક ગુજરાતી યાત્રિકો સાઉદી અરેબિયાના એરપોર્ટ પર ફસાયા હોવાની માહિતી મળી છે. આ યાત્રિકોનો મુશ્કેલી વર્ણવતો વિડીયો પણ મળેલ છે. ગુજરાતી પરિવારોને ગુજરાત લાવવા સરકાર તુરંત વ્યવસ્થા કરે તે માટે શક્તિસિંહ ગોહિલે પ્રધાનમંત્રીને તથા વિદેશ મંત્રીને ઈમેઈલ કર્યો છે. જ્યાં સુધી પરત ના લાવી શકાય ત્યાં સુધી મોટાભાગના દેશોએ જે રીતે પોતાના નાગરિકોને માટે હોટલ અને ભોજનની વ્યવસ્થા કરી છે તે રીતે આપણી એમ્બેસીઓ પણ તુરંત વ્યવસ્થા કરે તેવી માંગણી કરી છે.

દુઃખ સાથે નોંધ્યું છે કે અત્યાર સુધી ગુજરાતના વડાપ્રધાન અથવા મુખ્યમંત્રી દ્વારા ગલ્ફમાં ગુજરાતી (અનુ. આઠમા પાને)

### યુધ્ધમાં ફસાયેલા રાજકોટ જિલ્લાના નાગરિકો માટે હેલ્પલાઈન નંબર જાહેર

હાલમાં ચાલી રહેલ ઈરાન-ઈઝરાયેલ યુધ્ધના કારણે ખાડી દેશોમાં કટોકટીની પરિસ્થિતિ સર્જાયેલ છે. જેના અનુસંધાને ખાડી દેશોમાં રાજકોટ જિલ્લાના કોઈ નાગરિક ફસાયા હોય અને મદદની જરૂરીયાત હોય તો તે માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ દ્વારા હેલ્પ લાઈન નંબર જાહેર કરવામાં આવેલ છે. જેના પર સંપર્ક કરવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

હેલ્પ લાઈન નંબર :- ૧) ૦૨૮૧-૨૪૭૧૫૭૩ અને ૨) ૦૨૮૧-૨૪૧૦૧૦૦ છે.

દૂતાવાસોએ ૨૪X૭ હેલ્પલાઈન નંબર અને ઇ-મેલ આઈ.ડી. પણ જાહેર કર્યા છે.

ઈઝરાયલમાં કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિમાં, લોકો ૨૪X૭ હેલ્પલાઈન નંબર +૯૭૨-૫૪-૭૫૨૦૭૧૧ અને +૯૭૨-૫૪-૨૪૨૮૩૭૮ પર સંપર્ક કરી શકે છે અથવા consl.telavivmea.gov.in પર ઈમેલ કરી શકે છે. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે પણ તાત્કાલિક સંપર્ક નંબર જાહેર કર્યા છેઃ +૯૮૯૧૨૮૧૦૯૧૧૫, +૯૮૯૧૨૮૧૦૯૧૦૯, +૯૮૯૧૨૮૧૦૯૧૦૨ અને +૯૮૯૯૩૨૧૭૯૩૫૯. અબુધાબીમાં ભારતીય દૂતાવાસનો ટોલ-ફ્રી નંબર ૮૦૦-૪૬૩૪૨ છે, વોટ્સએપ નંબર +૯૭૧૫૪૩૦૯૦૫૭૧ છે. લોકો pbsk.dubaimea.gov.in અને ca.abudhabimea.gov.in પર ઈમેલ દ્વારા પણ સંપર્ક કરી શકે છે. રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે ૨૪X૭ તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૦૦-૯૬૬-૧૧-૪૮૮૪૬૯૭, ૦૦-૯૬૬-૫૪૨૧૨૬૭૪૮ (માત્ર વોટ્સએપ) અને ટોલ-ફ્રી નંબર ૮૦૦ ૨૪૭ ૧૨૩૪ જાહેર કર્યા છે.

સહાય માટે cw.riyadhmea.gov.in (અનુ. આઠમા પાને)


# ગુજરાતમાં રેલ નેટવર્ક - મુસાફરોની સુવિધા માટે રેકોર્ડબ્રેક રૂ.૧૭,૩૬૬ કરોડની ફાળવણી

## રાજ્યમાં હાલ રૂ.૧.૨૮ લાખ કરોડના રેલવે પ્રોજેકટસના કામ ચાલી રહેવા છેઃ અશ્વિની વૈષ્ણવ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં રેલવે નેટવર્ક અને મુસાફરોની સુવિધા માટે રેકોર્ડબ્રેક રૂ.૧૭,૩૬૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યમાં હાલ રૂ.૧.૨૮ લાખ કરોડના રેલવે પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે. તેમ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગુજરાત સેમીકનેકટ કોન્ફરેન્સ ૨૦૨૬ના શુભારંભ બાદ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનું રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચર અત્યંત ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. ગુજરાતમાં રેલવેના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા



ઐતિહાસિક નિર્ણયોને પરિણામે રાજયમાં પરિવહન અને કનેક્ટિવિટીના એક નવા યુગની શરૂઆત થઈ છે.

વધુમાં અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ના યુપીએના શાસન દરમિયાન ગુજરાતને રેલવે બજેટમાં માત્ર રૂ.૫૮૯ કરોડ ફાળવવામાં આવતા હતા. તેની સરખામણીએ, વર્તમાન સરકારે આ વર્ષે ગુજરાત માટે રૂ.૧૭,૩૬૬ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવ્યું છે. આમ, બજેટમાં અનેકગણો વધારો કરીને રાજ્યના રેલવે નેટવર્કને વધુ આધુનિક બનાવવાની દિશામાં ગુજરાત અપ્રતિમ સિદ્ધિઓ પ્રાપ્ત કરશે.

વધુમાં અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, ગુજરાતમાં હાલમાં કુલ (અનુ. આઠમા પાને)

# અસત્ય પર સત્યના વિજય સમા પાવન પર્વે આજે રાત્રે ઠેર ઠેર હોલિકા દહન

## આવતીકાલે ધોકોઃ રંગોનું પર્વ ધુળેટી બુધવારે ઉજવાશે

**અબતક, રાજકોટ**

અસત્ય પર સત્વના વિજય સમા હોળીના પાવન પર્વે આજે રાત્રે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ઠેર ઠેર હોલીકા દહન કરવામાં આવશે. આવતીકાલે ચંદ્રગ્રહણ હોવાના કારણે અને બપોર પછી એકમની તીથી શરૂ થઈ જતી હોવાના કારણે આજે હોળી પ્રગટાવવામાં આવશે. મંગળવારે પડતર દિવસ રહેશે. જયારે રંગોના પર્વ ધુળેટીની ઉજવણી આગામી બુધવારે કરવામાં આવશે. રાજકોટમાં ચોકે ચોકે હોલીકા દહન માટે છાણાની હોળી ગોઠવી દેવામાં આવી છે.અનેક આકર્ષણો સાથે હોલીકા દહન કરવામાં આવશે. પાવાગઢ, અંબાજી, દ્વારકા, સોમનાથ અને ચોંગલા સહિતના ધમોસ્થાનોએ પણ આજે સૂર્યોદય બાદ શુભ મુહુર્ત હોળી પ્રગટાવવામાં આવશે.

ભગવાન વિષ્ણુના પરમ ભકત એવા પ્રહલાદને મારવા માટે તેના પિતા હિરણ્ય કશ્યપે તેની બહેન હોલીકાને પ્રહલાદને લઈ અગ્નિમાં બેસવા માટે કહ્યું હતુ. હોલીકાને એવું વરદાન હતુ કે તે વરદાનમાં મળેલી ચૂંદડી ઓઢીને અગ્નીમાં બેસે તો તેને અગ્નીથી ઉની આંચ પણ ન આવે અગ્ની પ્રજજલીત થતાની સાથે જ હોલીકાના માથા પરથી ચૂંદડી ઉડી ગઈ તે અગ્નીમાં બળીને ખાક થઈ ગઈ જયારે ભકત પ્રહલાદને કશુ જ ન થયું ત્યારથી (અનુ. આઠમા પાને)


તસવીરઃ શૈલેષ વાડોલિયા

# દેશના જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધી ૮.૩ ટકાએ આંબ્યું

## દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૯ ટકાઃ નિકાસમાં પણ ૨૬ ટકા હિસ્સેદારી સાથે રાજય પ્રથમ



**અબતક, રાજકોટ**

ભારતના જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકાએ આંબ્યું છે.

ગુજરાત વિધાનસભા ખાતે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને નાણાકીય શિસ્તનું ચિત્ર રજૂ કર્યું હતું.

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઈન્ડિયા ઈન્ડેક્સ મુજબ, ગુજરાત ‘સારા સ્વાસ્થ્ય અને સુખાકારી’માં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સ્કોર વર્ષ ૨૦૧૮માં ૫૨ (બાવન) હતો, તે આજે વધીને ૯૦ થયો છે.

મંત્રી દેસાઈએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતીના અવસરે આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકારે વિશેષ ભાર મૂકીને ‘જનજાતિય કલ્યાણ યોજના’ અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂ. ૨ લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ હેતુ માટે રાજ્ય સરકારે રૂ. ૩૫,૭૮૦ કરોડ જેટલી માતબર જોગવાઈ કરી છે, જે આદિવાસી ભાઈ-બધુઓના સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે.

રાજ્યની અર્થવ્યવસ્થાની મજબૂતી વર્ણવતા નાણા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં અગ્રેસર છે. છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકા થયું છે.

‘રાજ્યનો સરેરાશ વિકાસ દર પણ છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧.૪ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૨ ટકા કરતા વધારે છે. પરિણામે ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકાથી વધુ નોંધાઈ છે.

ગુજરાત દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા અને નિકાસમાં ૨૬ ટકા સાથે પ્રથમ સ્થાને છે.

ચાલુ વર્ષના બજેટમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે ’ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ’ ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે રાજયના વેપારીઓને વૈશ્વિક બજારમાં પ્લેટફોર્મ પૂરું પાડશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, ૧૬માં નાણાપંચે ગુજરાતની વીજ વ્યવસ્થાને સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ ગણાવી છે. રાજ્યની ચારેય ડિસ્કોમ કંપનીઓ સતત ટોચનું સ્થાન જાળવી રહી છે.

ટેકનોલોજીકલ ઈનોવેશન અને GUVNLના ‘સિંગલ બાયર મોડલ’ દ્વારા વીજ ખરીદીના ખર્ચમાં ઘટાડો થયો છે.

તદુપરાંત, HVDS સિસ્ટમ અને GPRS મીટરિંગ દ્વારા વિતરણ જેવા તકનીકી સુધારાથી નુકસાન ન્યૂનતમ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સરકાર દ્વારા સમયસર સબસિડી મળતા ડિસ્કોમ્સનો વ્યાજ ખર્ચ પણ માત્ર ૦.૯૭ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૭.૪૪ ટકાની સરખામણીએ સાત ગણો ઓછો છે.

કનુભાઈ દેસાઈએ ગર્વપૂર્વક કહ્યું હતું કે, ગુજરાતે ચુસ્ત નાણાકીય શિસ્ત જાળવવા અને જાહેર દેવામાં ઘટાડો કરવા માટે ફિસ્કલ રિસ્પોન્સીબીલીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ (FRBM) એક્ટ-૨૦૦૩ હેઠળના તમામ નાણાકીય લક્ષ્યાંકો સફળતાપૂર્વક સિદ્ધ કર્યા છે.

છેલ્લા ૨૨ વર્ષથી એટલે કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજરાતે એક પણ વાર ઓવરડ્રાફ્ટ લીધો નથી.

સાથે જ, કોવિડના વર્ષ સિવાય છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય સરકાર (અનુ. આઠમા પાને)

### ટ્રાફિક પોલીસની રાજયવ્યાપી ઝુંબેશ વચ્ચે...

# સૌરાષ્ટ્રમાં છસ્થળે માર્ગ અકસ્માતમાં દંપતી સહિત નવના મોત

## લીલીયા નજીક બંધ ટ્રક પાછળ બાઈક ધુસી જતા બે ભાઈ સહિત ત્રણના મોત, એક ગંભીર

## હોળી ધુળેટીના પર્વ પૂર્વે , અમરેલી, પડધરી ,જેતપુર, વાંકાનેર અને મોરબી પંથકમાં અકસ્માતથી માર્ગો રંજીત બન્યા

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ગુજરાતમાં વધતા જતા માર્ગ અકસ્માતોને અંકુશમાં લેવા રાજ્યના ડીજીપી કેએલએનરાવ દ્વારા ટ્રાફિક પોલીસની ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામા આવ્યો છે. તમામ જિલ્લા પોલીસ વડા અને પોલીસ કમિશનરોને સુચના આપી ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, ઓવર પેસેન્જર, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, હેલ્મેટનો અભાવ, ગેરકાયદેસર લાઈટ,અનધિકૃત પાર્કિંગ સહિતના ટ્રાફિક ભંગ સામે કાર્યવાહી કરાશે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે આકરા પગલાં લેવામાં આવનાર છે. હોળી ધુળેટીના પર્વ સૌરાષ્ટ્રના (અનુ. આઠમા પાને)

### પડધરી નજીક અકસ્માતમાં પતિના મોત બાદ પત્નીએ સારવારમાં દમ તોડ્યો

#### શુક્રવારે રાત્રિના દીકરીના ઘરેથી પરત ફરી રહ્યા હતા ત્યારે બાઈક સ્લીપ થયુંઃ પરિવારમાં અરેરાટી

રાજકોટ-જામનગર હાઈવે પડધરી સર્કલ પાસે સ્પીડ બ્રેકર પર બાઈક સ્લિપ થવાને કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા રંજનબેન સાકરીયાનું પણ આજે સારવાર દરમિયાન મોત નીપજયું છે. ગઈકાલે તેમના પતિ ધનજીભાઈનું અવસાન થયું હતું, આમ ૨૪ કલાકમાં જ દંપતીના મોતથી સાકરીયા પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

રાજકોટના ચુનારાવાડ ઉદ્યોગનગરમાં રહેતા ધનજીભાઈ રામજીભાઈ સાકરીયા (ઉ.વ. ૬૦) અને તેમના પત્ની રંજનબેન (ઉ.વ. ૫૦) પડધરીના મોવિયા ગામે રહેતી પોતાની દીકરીના ઘરે હોળીનો હાયડો આપવા માટે ગયા હતા. શુક્રવારે રાત્રિના સમયે તેઓ બાઈક પર રાજકોટ પરત ફરી રહ્યા હતા, ત્યારે પડધરી સર્કલ પાસે ભારત હોટેલ નજીક રસ્તા પરના સ્પીડ બ્રેકરને કારણે બાઈક સ્લિપ થઈ ગયું હતું. અકસ્માતમાં માથાના ભાગે પહોંચેલી ગંભીર ઈજાને કારણે ધનજીભાઈનું શનિવારે સારવાર દરમિયાન મોત નીપજયું હતું. ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા રંજનબેને પણ રવિવારે અંતિમ શ્વાસ લીધા હતા.દંપતીને સંતાનમાં બે દીકરીઓ છે. ત્યારે માતા પિતાના મોતથી પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.

### જેતપુર પાસે હિટ એન્ડ રનઃ અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધનું મોત

#### મોહરમ માસમાં અકસ્માતમાં પરિવારે મોભી ગુમાવતા માતમ

જેતપુર પંથકમાં નેશનલ હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટનામાં વૃદ્ધે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ અકસ્માત મામલે મૃતકની પુત્રીએ દફનવિધિ પૂર્ણ કર્યા બાદ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. વધુ વિગત મુજબ નવાગઢમાં લીલાપીઠ પાસે રહેતા બિસુમાબેન મલેકના પિતા અભેરાજભાઈ પીરખાનભાઈ મલેક ગત તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ રાત્રે નવાગઢ ચોકડી ખાતે નવજીવન સ્કૂલ સામેના ઓવરબ્રિજ પર અજાણ્યા વાહન ચાલકે અભેરાજભાઈને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં અભેરાજભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજયું હતું.બનાવની જાણ થતાં પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા હતા (અનુ. આઠમા પાને)